संशोधन ग्रन्थमाळा-ग्रन्थांक ८ मो
शेठ पूनमचंद करमचंद कोटावाळा-ग्रंथमाळा ग्रं १
शेठ भोळाभाई जेशिंगभाई अध्ययन-संशोधन विद्याभवन

जैन आगमसाहित्यमां गुजरात

लेखक

डॉ. भोगीलाल ज. सांडेसरा, एम. ए, पीएच डी
अध्यक्ष, गुजराती विभाग, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा,
गुजराती अने अर्धमागधीना भूतपूर्व अध्यापक, भो जे विद्याभवन,
गुजरात विद्यासभा, अमदावाद

गुजरात विद्यासभा : अमदावाद

निवेदन

गुजरात विद्यासभाना भो जे. अध्ययन-संशोधन विद्याभवनमां जे संशोधन-ग्रंथो तैयार करी प्रकट करवामां आवे छे तेनुं एक अंग जुदा जुदा धर्मो अने सम्प्रदायोनुं साहित्य संशोधननी शास्त्रीय दृष्टिए तैयार कराववानु छे आ कार्यमा **शेठ पूनमचंद करमचंद कोटावाळा ट्रस्टना** वहीवटदारो शेठश्री प्रेमचंद क. कोटावाळा अने शेठश्री भोळाभाई जेशिंगभाई एमणे आ संस्थाने नीचे जणावेली शरते जैन साहित्यना ग्रंथो तैयार करी प्रकट करवा दान कर्युं छे ए माटे भो. जे. विद्याभवन ट्रस्ट एमनुं आभारी छे

शरत

"जैन संस्कृतिना तमाम अंगोनु-जेमके द्रव्यानुयोग आदि
"चार अनुयोगोनु, तेमज काव्य शिल्प कळा इतिहास आदिनु
"साहित्य तैयार करावी प्रकट करवु. आमां मूळ संस्कृत
"प्राकृतादि ग्रथोना शिल्प आदिना सचित्र इतिहास वगेरेनो
"समावेश करवो"

उच्च अभ्यास अने संशोधन विभाग अगे सशोधननी योजना विचाराती हती त्यारे गुजरातना इतिहासने महत्त्वनुं स्थान आपवामां आव्युं हतु उपलब्ध साधनोने आधारे इतिहासने फलित करवानुं काम अने नवां साधनोने उपलब्ध करवानु काम-ए बे कार्यदिशाओ स्पष्ट हती. पहेली दिशामां थयेला कामनी नोंध लेतां जणायुं के ई. स. १८५६ मा प्रकट थयेल रासमाळा अने ई स १८९६ मां प्रकट थयेला बोम्बे गेझेटियर ग्रंथ १-खंड ए १ वे अग्रेजीमा लखायेला ग्रंथोनुं हजी पण महत्त्व छे रासमाळानो गुजराती अनुवाद गुजरात विद्या-सभाए १८६९-७० मां प्रकट कर्यो हतो. गेझेटियर उपरथी गुजरातनो

विशेष स्वरूपे विचारणा करवामां आवी हती. श्री रत्नमणिराव भीमराव गुजरातनो सांस्कृतिक इतिहास लखतां काईपण ज्ञानसाधन रही न जाय एनी तकेदारी राखे छे. प्रो अबुझफर नदवीए पण मुस्लिम बधा साधनोनो उपयोग करी सांस्कृतिक इतिहास लखी राख्यो छे.

सामग्री उपरथी इतिहासने फलित करवानी दिशामां पिष्टपेषण करतां विशेष प्रगति करवी होय तो हवे नवा साधनोनी शोध करवानो अने एने उपलब्ध करवानो प्रयत्न थवो जोईए एम लागवाथी संशोधन विभागे प्रारंभमां आ बीजी दिशामां कार्यक्रम योज्यो. १९३३ मा आचार्यश्री मुनि जिनविजयजीए गुजरात साहित्य सभाना मानार्ह सभ्य तरीके प्राचीन गुजरातना सांस्कृतिक इतिहासनी साधनसामग्री उपर विचारप्रेरक अने वृत्तिप्रेरक व्याख्यान आप्युं हतुं. ए मार्गे पोते असाधारण श्रम उठावी कार्य करे छे अने सिंघी जैन ग्रंथमाळामां अने ए पूर्वेना एमनां प्रकाशनोमां पोते संशोधित संगृहीत सामग्री प्रकट कर्ये जाय छे संशोधन विभागनी योजनामां बे खाणोमांथी साधनो बहार काढवानो अमारो कार्यक्रम ए ज दिशामां बीजो फाटो छे एक खाण ते पुराणो अने बीजी जैन आगमो—निर्युक्तिओ—भाष्यो—चूर्णिओ. आ बने आकरोमां इतिहासना साधनो माटे जे 'खोदकाम' थवुं जोईए ते थयेलुं नहि, एथी आ दिशामां भो जे. विद्याभवन तरफथी आदरवामां आवेली प्रवृत्तिना प्रथम फळ तरीके अध्यापक उमाशंकर जोषीए तैयार करेल **पुराणोमां गुजरात** ए ग्रंथ १९४६ मा प्रसिद्ध करवामां आव्यो, त्यारे बीजुं फळ ते आ **जैन आगमसाहित्यमां गुजरात** प्रसिद्ध थाय छे.

जैन आगम साहित्यमांनुं लगभग पांच लाख श्लोक पूर संस्कृत प्राकृत साहित्य जोई वळी स्थळप्रतीको तारववानुं भिन्न भिन्न आगमो—अने ए उपरना साहित्यमांना उल्लेखोने एकत्रित करवानुं,

इतिहास रेखारूपे आ ज संस्थाए १८९८ मां प्रकट कर्यो हतो आ अरसामां जे नवी सामग्री एकठी थती हती तेनो उपयोग करी अने पहेलां संगृहीत थयेली सामग्रीना नवेसरथी विचार करी इतिहास लखवाने अवकाश हतो, अने तेथी आ संस्थाए १९३७-३८ मां 'गुजरातनो मध्यकालीन राजपूत इतिहास' बे भागमां प्रकट कर्यो अने १९४५ मां 'गुजरातनो सांस्कृतिक – इतिहास '–इस्लामयुग– पहेलो भाग प्रकट कर्यो ए पछी १९४९ मां प्रो अबुजफर नदवीना उर्दूमां लखेला गुजरातना इतिहासना १ ला खंडनो भाषांतर अनुवाद २ भागमां प्रसिद्ध कर्यो

प्रो कोमिसेरियेट अंग्रेजीमां गुजरातनां मुस्लिम राज्योनो इतिहास १९३८ मां स्वतंत्र रीते प्रकट कर्यो

गुजरातनां साधनोना शोधी अने एना उपरथी मुस्लिम राज्य पहेलांना इतिहासना पहेलो खरडो तैयार करवानो यश स्व डॉ भगवानलाल इन्द्रजीने छे अने मुस्लिम राज्योनो इतिहास लखवामां मुस्तफासी खा सा फजलुल्लाह लुत्फुल्लाह फरीदीनी मोटी मदद हती, पण गॅझेटियर उपरथी जणाय छे स्व रणछोडभाई उदयरामे रासमाळा 'नो अनुवाद करतां अनेक सुधारावधारा अने पूर्तिओ मूळ ग्रंथमां उमेर्यां हतां प्रो होडीवाल्ला अने प्रो. कोमिसेरियटे मुस्लिम राज्योना समयना इतिहास माटे घणी सामग्री संशोधित करी छे श्री दुर्गाशंकर शास्त्रीए गुजरातनो राजपूत युगनो इतिहास लखतां तमाम सामग्रीनो यथाशक्य उपयोग कर्यो छे; अने हमणां ज नवी आवृत्तिनी तैयारी करी अत्यार सुधीनां नवां संशोधनोनो पण समावेश करी आप्यो छे जे हवे पछी थोडा ज समयमां प्रसिद्ध थशे "कथ्यानुशासन" नो उपोद्‌घात लखती वेळा पुराणकाळथी लई सोलंकीओना समय सुधीनां यावदुपलभ्य साधनोना बळ उपर मारा तरफथी पण

विशेष स्वरूपे विचारणा करवामां आवी हती. श्री. रत्नमणिराव भीमराव गुजरातनो सांस्कृतिक इतिहास लखतां कांईपण ज्ञानसाधन रही न जाय एनी तकेदारी राखे छे. प्रो. अबुझफर नदवीए पण मुस्लिम ग्रंथ साधनोनो उपयोग करी सांस्कृतिक इतिहास लखी राख्यो छे

सामग्री उपरथी इतिहासने फलित करवानी दिशामां पिष्टपेषण करता विशेष प्रगति करवी होय तो हवे नवा साधनोनी शोध करवानो अने एने उपलब्ध करवानो प्रयत्न थवो जोईए एम लागवाथी संशोधन विभागे प्रारंभमा आ बीजी दिशामां कार्यक्रम योज्यो १९३३ मां आचार्यश्री मुनि जिनविजयजीए गुजरात साहित्य सभाना मानार्ह सभ्य तरीके प्राचीन गुजरातना सांस्कृतिक इतिहासनी साधनसामग्री उपर विचारप्रेरक अने वृत्तिप्रेरक व्याख्यान आप्युं हतुं. ए मार्गे पोते असाधारण श्रम उठावी कार्य करे छे अने सिंघी जैन ग्रंथमाळामा अने ए पूर्वेना एमना प्रकाशनोमा पोते संशोधित संगृहीत सामग्री प्रकट कर्ये जाय छे संशोधन विभागनी योजनामां बे खाणोमांथी साधनो बहार काढवानो अमारो कार्यक्रम ए ज दिशामां बीजो फांटो छे. एक खाण ते पुराणो अने बीजी जैन आगमो—निर्युक्तिओ—भाष्यो—चूर्णिओ आ बने आकरोमां इतिहासना साधनो माटे जे 'खोदकाम' थवु जोईए ते थयेलुं नहि, एथी आ दिशामां भो. जे. विद्याभवन तरफथी आदरवामा आवेली प्रवृत्तिना प्रथम फळ तरीके अध्यापक उमाशंकर जोषीए तैयार करेल **पुराणोमां गुजरात** ए ग्रंथ १९४६ मा प्रसिद्ध करवामा आव्यो, त्यारे बीजुं फळ ते आ **जैन आगम-साहित्यमां गुजरात** प्रसिद्ध थाय छे.

जैन आगम साहित्यमांनुं लगभग पाच लाख श्लोक पूर संस्कृत प्राकृत साहित्य जोई वळी स्थळप्रतीको तारववानुं भिन्न भिन्न आगमो—अने ए उपरना साहित्यमाना उल्लेखोने एकत्रित करवानुं,

एक स्थळनी अने एक ज व्यक्तिनां जुदां जुदां नामोने एक स्थाने समाववानुं, अने एक ज नाम धरावतां जुदां जुदां स्थळो अने व्यक्ति-ओने अलग अलग पाडवानुं इत्यादि काम घणी धीरज चीवट अने खंत मागी ले छे. आ दुष्कर अवतरण प्रमाणोथी पुष्ट करी प्रत्यक्ष निगतथी एना आप्त प्रामाणिक स्वरूपमां नाखवानुं विपुल-श्रमसाध्य कार्य श्री डॉ. भोगीलाल सांडेसराए साध्युं छे. आम करतां वेळाए भिन्न भिन्न विद्वानोए रजू करेला मतो अने प्रमाणोनी विवेचनपूर्वक समालोचना करी शक्य होय त्यां पोतानो मत आ विद्वान संशोधके प्रमाणपुरःसर रजू कर्यो छे.

आ कोश श्री पूनमचंद क. कोटावाला ट्रस्टनी सहायथी प्रसिद्ध थाय छे. तेथी अहीं एनी सविशेष साभार नोंध घटे छे.

ता. १-१
अमदावाद

रसिकलाल छो. परीख
अध्यक्ष, भो. जे. विद्याभवन
गुजरात विद्यासभा

प्रास्ताविक

गुजरातना इतिहासने लगती सामग्रीना साधनग्रन्थो तैयार करावनानी गुजरात विद्यासभानी योजना अनुसार, 'पुराणोमां गुजरात'-ना अनुसंधानमां आ 'जैन आगमसाहित्यमां गुजरात' तैयार थयेल छे जैन साहित्य अने तेमां ये जैन आगमसाहित्यनुं शास्त्रीय दृष्टि-कोणथी अध्ययन अने संशोधन हजी बाल्यावस्थामां छे, ए साहित्यनी तथा एनी साथे संबंध धरावती परंपराओ तथा अनुश्रुतिओनी अनेक रीते तपास हजी हवे करवानी छे, अने ते कारणे, प्राचीन भारतीय संस्कृतिना अभ्यास माटे विविध दृष्टिए नवीन लागती माहिती तथा संशोधनना अनेक कोयडाओना उकेल माटे प्रयत्न करवा प्रेरे एवा रसप्रद मुद्दाओ एमांथी प्राप्त थाय छे. आ ग्रन्थमां आगमसाहित्यमांथी मळती प्राचीन गुर्जर देशना राजकीय अने सांस्कृतिक इतिहासना अभ्यासमां उपयोगी थाय एवी, भौगोलिक स्थळो, व्यक्तिविशेषो तथा अन्य विषयो—'नेम्स ॲन्ड सब्जेक्ट्स'—ने लगती सामग्री सूचिना रूपमां संकलित करी छे.

प्रारंभमां आपणे ए जोवुं जोईए के 'जैन आगमसाहित्य' एटले शुं साहित्यरसिकोमां पण केटलीक वार 'जैन साहित्य' अने 'जैन आगमसाहित्य' ए बन्नेनी भेदरेखा परत्वे एक प्रकारनो सभ्रम प्रवर्ते छे एम जोवामां आव्युं छे 'जैन साहित्य' एटले जैनो द्वारा रचायेलुं साहित्य, जेमां जैन धार्मिक विषयो उपरांत विविध बिनधार्मिक विषयो उपर पण जैनोए संस्कृत, प्राकृत, अपभ्रंश तथा प्रादेशिक भाषाओमां रचेला साहित्यनो समावेश थाय छे. प्राचीन भारतीय वाङ्मयना ललित तेमज शास्त्रीय तमाम प्रकारोना नमूनाओ आपणने जैन साहित्य-मां प्राप्त थाय छे 'जैन आगमसाहित्य' एटले जैनोना मूळ धार्मिक ग्रन्थो—'स्क्रिप्चर्स' अथवा 'कॅनन'—तथा ते उपरनुं भाष्यात्मक अने

टीकात्मक साहित्य अर्थात् 'जैन आगमसाहित्य'नो समावेश 'जैन साहित्य'मां थई जाय छे

११ अंग (मूळ १२ अंग, पण पैकीनुं बारमुं अंग 'दृष्टिवाद' लुप्त थई गयेलुं होवाथी ११ अंग) १२ उपांग, ६ छेदसूत्र ४ मूलसूत्र, १० प्रकीर्णक, तथा 'अनुयोगद्वार सूत्र' अने 'नंदिसूत्र' ए २ छूटां सूत्रो मळी कुल ४५ आगमग्रन्थो गणावामां आवे छे बीजी एक गणतरी अनुसार ८४ आगमो पण छे अहीं ४५ आगमवाळी गणतरी अनुसारना ग्रन्थो लीधा छे

उपर कह्युं ते प्रमाणे, 'आगमसाहित्य'मां मूळ आगमग्रन्थो उपरांत ते उपरना तमाम टीकात्मक साहित्यनो समावेश थाय छे टीकात्मक साहित्य चार प्रकारनुं छे निर्युक्ति भाष्य, चूर्णि अने वृत्ति मूळ ग्रन्थो तथा ते उपरनां आ चतुर्विध विवरणोनो अर्थ एकसामटो व्यक्त करवा माटे केटलीक वार 'पंचांगी' शब्दनो प्रयोग करवामां आवे छे मूळ आगमग्रन्थो आर्ष प्राकृत भाषामां छे, जे सामान्य व्यवहारमां 'अर्धमागधी' कहेवाय छे आगमोने वीतराग—तीर्थंकरनी वाणी गणवामां आवे छे अने परंपरा प्रमाणे, ते गणधरभाषित अर्थात् सुधर्मास्वामी जेवा महावीरना गणधर अथवा पट्टशिष्य वडे व्याकृत छे छतां भाषा निरूपणपद्धति, शैली, गद्यपद्यना भेदो वगेरे अनेक रीते आगमोमां अनेक थरो मालूम पडे छे 'नंदिसूत्र', 'दशवैकालिक सूत्र', 'अनुयोगद्वार सूत्र' अने 'प्रज्ञापना सूत्र' जेवां आगमो तो जैन परंपरा प्रमाणे ज अनुक्रमे देवर्धिगणि क्षमाश्रमण, शय्यंभवसूरि, आर्य रक्षितसूरि अने आर्य श्याम जेवा व्यक्तिविशेषोनी रचनाओ गणाय छे भाषाकीय पृथक्करणना धोरणे 'उत्तराध्ययन सूत्र' 'आचारांग सूत्र' 'दशवैकालिक सूत्र' जेवा आगमग्रन्थोने सौथी प्राचीन गणवानुं विद्वानोनुं वलण छे अने एवा ग्रन्थोनो रचनासमय भगवान महावीरना निर्वाणथी

झाझो अर्वाचीन नहि होय एवुं अनुमान थाय छे पण एकंदरे जोतां, कोई निश्चित प्रमाण न होय तो आगमग्रन्थोने अमुक चोक्कस शता-ब्दीमां ज मूकवानु मुश्केल छे वळी मगधमा, मथुरामां अने वलभीमा एम त्रण वार आगमोनी संकलना थई हती अने छेवटे ई स. ४५४ मां वलभीमा बधां आगमो लेखाधिरूढ थया हतां-ए बधा समय दरमियान थयेला भाषाकीय अने बीजा परिवर्तनो ध्यानमां राखवाना छे (जुओ आ ग्रन्थमां **देवर्द्धिगणि क्षमाश्रमण, नागार्जुन, वलभी, स्कन्दिल आर्य,** इत्यादि). आगमो अत्यार सुधीमा अनेक वार छपायां छे, पण तेओनी शास्त्रीय, समीक्षित वाचनाओ हजी तैयार थई नथी, ए पण एक मुश्केली छे. आगमसाहित्य अने प्राचीन ग्रन्थभंडारोना आजीवन अभ्यासी पू. मुनिश्री पुण्यविजयजीए ए माटेना महाभारत कार्यनो प्रारंभ थोडांक वर्ष पहेलां कर्यो छे अने आपणे आशा राखीए के आपणने नजदीकना भविष्यमा आगमोनी तथा ते उपरना तमाम टीकात्मक साहित्यनी समीक्षित वाचनाओ मळशे.

निर्युक्ति अने भाष्य ए मूल आगमग्रन्थो उपर प्राकृत गाथामां थयेलां सक्षिप्त विवरणो छे. मुद्रित वाचनाओमां तेमज हस्तलिखित प्रतोमां पण घणी वार निर्युक्ति अने भाष्यनी गाथाओ एटली भेळसेळ थयेली होय छे के तेमने निर्युक्ति अने भाष्य तरीके अलग करवानुं काम घणुं मुश्केल छे चूर्णि ए प्राकृत गद्यमा-कोई वार सस्कृत अने प्राकृतना मिश्रण जेवा गद्यमा[1]-मूळ ग्रन्थोनु विवरण छे वृत्ति अथवा टीका ए संस्कृत गद्यमा थयेला विवरणो छे जूनामां जूनी उपलब्ध संस्कृत टीकाओ आठमा सैकामा थयेला आचार्य हरिभद्रसूरिनी छे त्यारपछी शीलांकदेव, शान्तिसूरि, अभयदेवसूरि, द्रोणाचार्य, मलधारी हेमचंद्र अने मलयगिरि जेवा महान आचार्योए प्रमाणभूत संस्कृत

१ अत्यारे केटलाक शिक्षितो वातचीतमां अर्धुं देशी भाषामां अने

टीकाओनी आ परंपरा चालु रही हती आ परंपरा ओछामां ओछुं अढारमा सैका सुधी चालु रहेली छे, अने कोई कोई शास्त्रोमां ठेठ अर्वाचीन काळमां पण जैन आचार्योए आगमग्रन्थो उपर संस्कृत टीकाओ रचेली छे संस्कृत टीकाओमां पण दृष्टान्तो कथानको अने बीजां अवतरणो प्राकृतमां आपे छे ए प्राचीनतर रचनाओमांथी उद्धृत थयेलां हशे एवुं अनुमान थाय छे मुकाबले अर्वाचीन काळमां रचायेली संस्कृत टीकाओ पण आ रीते बीजी अनेक रीते प्राचीनतर परंपराओनी ऋणी छे अने ए कारणे एमनुं मूल्य ते ते समयमां रचायेला बीजा सामान्य ग्रन्थोनी तुलनाए घणुं वधारे छे ।

बत्रीस अक्षरनो एक श्लोक ए गणतरी प्रमाणे समस्त उपलब्ध जैन आगमसाहित्य आशरे साडाछ लाख श्लोकप्रमाण छे अने १९४२ मां जुलाईमां गुजरात विद्यासभाना अनुस्नातक अने संशोधन विभागमां (हवे शेठ भो. जे. विद्याभवनमां) अध्यापक तरीके हुं जोडायो त्यारथी आगमसाहित्यमांथी प्राचीन भारतना सांस्कृतिक अभ्यास माटेनी सामग्री एकत्रित करवानुं कार्य आरंभ्युं हतुं लगभग तमाम मुद्रित आगमसाहित्य—जेनुं प्रमाण आशरे सवापांच लाख श्लोकप्रमाण करतां कंईक वधारे थाय छे—अने १९५० सुधीमां वंचाई गयुं एमांथी प्राचीन गुर्जर देश तथा ते साथे संबंध धरावता विषयोनी माहिती अलग तारवीने आ ग्रन्थ तैयार कर्यो छे

आशरे सवा लाख श्लोकप्रमाण जेटलुं आगमसाहित्य हजी अप्रसिद्ध छे एमां केटलीक महत्त्वनी चूर्णिओ, टीकाओ अने थोडाक मौलिक ग्रन्थोनो पण समावेश थाय छे एमांथी मळती सामग्रीनुं प्रकाशन आ पुस्तकनी पूर्तिरूपे करी शकाय

भगवान महावीरनुं जन्मस्थान तेमज प्रवृत्तिक्षेत्र मगध हतुं, जैन श्रुतनी संकलना माटे सौ पहेलो परिषद् पण मगधना पाटनगर पाटलि-

; पुत्रमा वीरनिर्वाण पछी बीजी शताब्दीमां मळी हती जैन आगमनी मूल ग्रन्थो पण स्वाभाविक रीते ज मगधमां रचायेला छे. मुख्यत्वे आ कारणे आगमना मूल ग्रन्थोमां गुजरात विशे थोडा अछडता उल्लेखो मळे छे, अने ते पण मुख्यत्वे बावीसमा तीर्थंकर नेमिनाथना जीवन अने यादवोना इतिहास साथे सबन्ध धरावे छे प्राचीन गुर्जर देशमां रचायेली टीकाचूर्णिओमांथी ज आपणने विशेष माहिती प्राप्त थाय छे

वळी आ पुस्तकमां संकलित थयेली सामग्री जेम प्राचीनतम मूल ग्रन्थोमाथी छे तेम १७ मा–१८ मा सैकामां रचायेली टीकाओ-माथी पण छे. अमुक वस्तु जे रचनामांथी मळे छे ते रचना (मात्र मूल आगमोना अपवादने बाजुए राखता) कया समयनी छे तेनी नोध संदर्भसूचिमा करी छे, जेथी वाचकने काळानुक्रमनो ख्याल आवे, ज्या चोक्कस साल नथी मळती, पण अनुमाने समय नक्की थई शके छे त्यां ए प्रकारनो उल्लेख कर्यो छे.

जैन आगमसाहित्यमा गुजरात "पण गुजरात एटले ? गुज-रातनी सीमाओ तो समये समये बदलाती रही छे वळी एक चोक्कस प्रदेशने आपणे अभ्यासविषय बनावीए तोपण तेने पूरी रीते समजवा माटे आजूबाजूना प्रदेशोनो पण परिचय आपणने होवो जोईए एटले, आ पुस्तकमां, आजे आपणे जेने गुजरात नामे ओळखीए छीए ते प्रदेशनी सीमा उपर ध्यान केन्द्रित करवानी साथे साथे, आसपासना प्रदेशोना . . उल्लेखोनो पण समावेश कर्यो छे

"टूंकामां सूचवी शकाय के गिरनारना, ई स. १५० ना, क्षत्रप राजा रुद्रदामाना, शिलालेखमां जे प्रदेशो गणावाया छे ते बधा ज प्रदेशोने आवरी लेवानो ख्याल राख्यो छे. अलबत्त, लंबाण टाळवा माटे प्रधानगौणविवेक जाळववो पड्यो छे आजना गुजरातमा परिसीमित थता प्रदेशोने अपायुं छे तेटलु महत्त्व पडोशना ने दूरना

प्रदेशोने हमेशां मापी शकाय नथी."[1]

प्रत्येक अगत्यना विधान माटे मूळ साहित्यनो आधार आप्यो छे, जेथी अभ्यासीने ते ते स्थान जोवानुं सरळ पडे. ग्रन्थनुं शीर्षक सूचवे छे ते प्रमाणे निरूपण मुख्यत्वे जैन आगमसाहित्यमांथी प्राप्त थती सामग्रीने अनुलक्षीने कर्युं छे, अने ए ज विषयने स्पर्शती सामग्री अन्य साधनोमांथी अनायासे प्राप्त थई छे त्यां तेनो पण तुलनात्मक विनियोग कर्यो छे.

आ संकलनामां प्राचीन भारत तेमज प्राचीन गुर्जर देशना इतिहास परत्वे जे शास्त्रीय वस्तुओ छे ते मात्र जिज्ञासु वाचकने प्रस्तुत विषयोनां शीर्षको जोतां स्पष्ट थशे. पण एमांथी प्रधानपणे ऊपसी आवता केटलाक मुद्दाओ प्रत्ये आ प्रस्तावनामां ध्यान खेंचवानुं उचित गणाय छे.

सौ पहेलां आविभो देशनाम अने व्यक्तिनाम तरीके जातिओनां नाम उपरथी देशनाम पडेलां छे ए हकीकत अन्येने साथे कथामां एक प्रकारनुं औचित्य पण छे.

आभीर जातिनो वसवाट उत्तरोत्तर दक्षिण दिशामां खसतो जतो हतो एवा 'पुराणोमां गुजरात' (पृ. ४५) ना अनुमानने जैन आगमसाहित्यमांथी स्पष्ट अनुमोदन मळे छे. आभीर देश दक्षिणापथमां हतो एवुं विधान क्यांय छे एटलुं ज नहि, पण आभीर देशनां जे नगरो अचलपुर, बेन्नातट, तगरा इत्यादि गणाव्यां छे ए पण दक्षिणापथनां छे (पृ. २०). आम छतां अन्यत्र पण आभीरो हता; कच्छमां आभीरो जैनधर्मानुयायी होवानुं कह्युं छे (पृ. ५). 'सूत्रकृतांग सूत्र'नी शीलांकदेवनी टीका प्रमाणे शकने बीजमां आभीर,' शबिकने 'किराट' अने भाषामां होड करेला ए सूचवे छे के शीलांक

---

१ उमाशंकर जोशी। पुराणोमां गुजरात, प्रस्तावना, पृ. ११

देवना समय सुधीमां 'आभीर' शब्दनो अर्थ हलको बनी गयो हतो (पृ. २१).

मालव जाति प्राचीनतर अवंति जनपदने 'मालव' नाम आपवामां कारणभूत छे. ए जातिना लोको त्या लूटफाट माटे आक्रमण करता, मनुष्योनुं अपहरण करता, अने तेमने गुलाम तरीके वेची देता (पृ. १३८-४०). आगमसाहित्यमां क्वचित् 'मालव' अने 'बोधिक' जातिने अभिन्न गणी छे (पृ १३८). एमने विशेनी प्रकीर्ण माहिती टीकाओमांथी सारा प्रमाणमां मळे छे (पृ. १२०-२१). यादवो अने एमनी गणसत्ताक राज्यपद्धति विशे पण केटलुक जाणवा मळे छे (पृ ८७). कुशावर्त अने शौरिपुर बे हतां' एक उत्तरमां अने बीजुं पश्चिममा (पृ ४९) नवा स्थानोने जूनां नामो आपवानुं स्थळान्तर करती जातिओनुं वलण एमा जणाय छे. आ नामोनो संबंध यादवोना स्थळान्तर साथे छे.

'बृहत्कल्पसूत्र' (उद्देशक १, सूत्र ५०) अने 'निशीथसूत्र' जेवां छेदसूत्रोमाथी जाणवा मळे छे के भगवान महावीर ज्यारे साकेत नगरना सुभूमिभाग उद्यानमा निवास करता हता त्यारे तेमणे उपदेश कर्यो हतो के "निर्ग्रन्थो अने निर्ग्रन्थीओने पूर्वमा अग-मगध सुधी, दक्षिणमा कौशांबी सुधी, पश्चिममा स्थूणा सुधी अने उत्तरमा कुणाला (उत्तर कोसल) सुधी विहार करवो कल्पे छे एटलु ज आर्यक्षेत्र छे एनी बहार विहरवुं कल्पतुं नथी, पण एनी बहार ज्या ज्ञान दर्शन अने चारित्र्यनी वृद्धि थाय त्या विहरी शकाय"[1] ए पछी केटलोक

---

१ आ सूत्रना अतिम बे वाक्यो आ प्रमाणे छे 'एताव ताव आरिए खेत्ते णो से कप्पइ एत्तो बाहिं। तेण परं जत्थ नाण-दसण-चरित्ताइ उस्सप्पति त्ति बेमि।' उपर में करेलो अर्थ 'बृहत्कल्पसूत्र'ना टीकाकार आचार्य क्षेमकीर्त्तिने अनुसरीने छे डॉ जगदीशचन्द्र जैने एनो अर्थ जरा जुदी रीते कर्यो छे 'इतने ही क्षेत्र आर्य क्षेत्र है, बाकी नहीं, क्योंकि

शताब्दीओ बाद अशोकना पौत्र राजा संप्रतिना आश्रयथी जैन श्रमणो दूर दूरना प्रदेशोमां विचरवा लाग्या अने आन्ध्र, द्रविड, महाराष्ट्र अने कुडुक (कुर्ग) ज्यां पूर्वे साधुओ जता नहोता त्यां पण श्रमणोनो सुखविहार प्रवर्त्यो ए समयथी नीचे प्रमाणे साडीपचीस आर्यदेशो गणावा लाग्या जेनो मोघम उल्लेख पण आगमसाहित्यमां वारंवार मळे छे मगध (राजधानी राजगृह), अंग (चंपा), वंग (ताम्रलिप्ति) कलिंग (कांचनपुर), काशी (वाराणसी) कोशल (साकेत), कुरु (गजपुर–हस्तिनापुर) कुशावर्त (शौरिपुर) पांचाल (काम्पिल्यपुर), जांगल (अहिच्छत्रा) सुराष्ट्र (द्वारवती), विदेह (मिथिला), वत्स (कौशांबी) शांडिल्य (नंदिपुर), मलय (भद्दिलपुर) मत्स्य (वैराट) वरणा (अच्छा) दशार्ण (मृत्तिकावती), चेदि (शुक्तिमती) सिन्धु-सौवीर (वीतिभय), शूरसेन (मथुरा) भंगि (पावा) वट्टा (मासपुरी) कुणाला (श्रावस्ती), लाढ (कोटिवर्ष), केकयीनो अर्धभाग (श्वेतिका)

आ सूचिमां आन्ध्र महाराष्ट्रादि प्रदेशोनो उल्लेख नथी ए ध्यान खेंचे छे कोंकण के ज्यां जैन साधुओ विचरता हता परंतु आम पण एमां नथी. गुजरात अने राजस्थानना बे प्रदेशो पाछळथी जैन धर्मनां प्रमुख केन्द्रो बन्यां ए पण एमां नथी. पण एकंदरे एम कही शकाय के संप्रतिना राज्यकाळ पछीना समयमां भारतमां जैन धर्मना प्रभावनो सर्वसामान्य नकशो ए रजू करे छे

इन्हीं देशोंमें निग्रन्थ भिक्षु और भिक्षुणियों के ज्ञान-दर्शन और चारित्र अक्षुण्ण रह सकते हैं। (भारत के प्राचीन जैन तीर्थ पृ. १४) ज्ञान दर्शन अने चारित्रनी वृद्धि थती होय तो आर्यक्षेत्र नी बहार विहार थई शके एवो प्राचीन टीकाकारोनो अर्थ मने उचित लागे छे. आर्यक्षेत्र 'नी सामाजिक स्थिति जैन साधुओना कडक आचारपालनने अनुकूल हशे पण जेम जेम अन्य प्रदेशोमां जैन धर्मनो प्रचार थतो गयो तेम तेम विहारक्षेत्रनो विस्तार पण थयो

हिन्दुस्तान माटे 'हिन्दुग देश' एवुं नाम ई स. ना सातमा शतक आसपासनी 'निशीथ सूत्र'नी चूर्णिमा मळे छे (पृ २१८) अत्रत्य साहित्यमां आ नामना आटला प्राचीन उल्लेखो विरल छे

गृहस्थो रहेता होय एवा मकानोमां साधुओ रहे ए वस्तु कच्छमां दोषरूप गणाती नहोती (पृ ३२) ए बतावे छे के साधुओने रहेवा योग्य मकानो—उपाश्रयोनो त्यां अभाव हशे मरु देशमां खनिज तेल होवानो निर्देश (पृ. १२६) ठेठ भाष्य जेटलो जूनो होई खूब अगत्य धरावे छे[१]

पालि साहित्यमां निर्दिष्ट अरिष्टपुर उपरांत महाराष्ट्रमां बीजुं एक अरिष्टपुर हतु (पृ ५) अर्कस्थली अने कालनगर ए बे आनदपुरनां पर्याय नामो हतां (पृ १४, १९). आनंदपुर कोई काळे सूर्यपूजानुं केन्द्र हशे एवो तर्क करवाने 'अर्कस्थली' ए नाम प्रेरे छे. आनंदपुर नामे बीजु एक नगर विन्ध्याटवी पासे हतुं (पृ. १९). ते उत्तर गुजरातना आनंदपुर—वडनगरथी भिन्न होवुं जोईए. शूरसेन जनपदना पाटनगर मथुरानुं बीजुं नाम इन्द्रपुर हतुं (पृ. २३); जो के मथुराथी भिन्न एवु इन्द्रपुर नामनुं अन्य नगर पण हतुं (ृ २४) उत्तर मथुरा अने दक्षिण मथुरानो पृथक् निर्देश छे (पृ १२२, १९२) उत्तर मथुरा ते शूरसेन जनपदनी अने दक्षिण मथुरा ते मदुरा. क्षेमपुरी ए सौराष्ट्रनुं नगर छे (पृ ५८), पण ए कयुं ते नक्की थई शक्युं नथी पादलिप्तपुर (पालीताणा)नी स्थापना 'तरंगवती' कथाना कर्ता आचार्य पादलिप्तना स्मरणार्थे थई होवानी अनुश्रुति छे (पृ ९९) श्रीकृष्णना चरित्रवर्णन साथे संबध धरावतु शंखपुर ए उत्तर गुजरातनुं शंखेश्वर संभवे छे (पृ. १७३–७४). 'सूत्रकृताग सूत्र'नो शीलाक-

---

१ ए तरफ केन्द्रीय सरकारना 'जियोलॉजिकल सर्वे'नु ध्यान खेंचवामा आव्युं छे अने ए खाताए आ माहितीनो साभार स्वीकार कर्यो छे ए नोंधवु अप्रस्तुत नहि गणाय.

देवनी वृत्तिमां उद्धृत थयेला एक प्राकृत दाखलामांनुं नगर सिंहपुर ए सौराष्ट्रनुं सिंहपुर–शीहोर हशे के बनारस पासेनुं सिंहपुरी (पृ २०१) ए विचारवा जेवो प्रश्न छे ए ज दाखलामां निर्दिष्ट हस्तकप्प के हस्तिकल्प ए नि शङ्कपणे भावनगर पासेनुं हाथब छे (पृ २१५), जे एक काळे विशेष राजकीय महत्त्व धरावतुं हशे एम जणाय कोसुंबा–रण्ण ए दक्षिण गुजरातमां कोसंबा आसपासनो समुद्र जंगलविस्तार छे (पृ ५६–५७) जेनी आसपास धूळना प्राकार होय एवा गामने 'खेट' (प्राकृत 'खेड') कहेता (पृ ६१–६२) समय जतां 'खेट' सामान्य नाममांथी विशेषनाम बनी गयुं, जेम के खेडा जो के गुजराती, मराठी अने हिन्दी–पंजाबीमां 'खेडुं', 'खेडें' अने 'खेडा' शब्द 'गाम'ना सामान्य अर्थमां पण छे 'खेट' अथवा एनो तद्भव जेमां अंगभूत होय एवां स्थळनाम पण अनेक स्थळे छे (पृ ६१–६२) खाड अने खाई एम बन्ने भागोथी ज्यां रक्षाय एवा नगरने 'द्रोणमुख' कहे छे एनां उदाहरण तरीके भरुकच्छ, ताम्रलिप्ति अने स्थानक–थाणा आपवामां आवे छे (पृ ७९, ११०, २११) कच्छमां 'दोण'नामे एक गाम छे एनो व्युत्पत्तिगत संबंध द्रोणमुखमांना 'द्रोण' साथे हशे? माळवाना दशपुर (मंदसोर) नगरनुं नाम सिन्धु–सौवीरना राजा उद्रायणना सहायक दश राजाओथी ए स्थळे पडाव नाख्यो हतो तथा प्राकार बांध्यो हतो ए उपरथी पड्युं एवी अनुश्रुति नोंधाई छे (८१–८२)

धर्मो अने संप्रदायो बौद्धो अने जैनो वच्चे थती स्पर्धा अने वादविवाद बाबतो (पृ ५९–६१, ९८–९९, १९५–९६) गुजरात अने राजस्थानमां जैनो उपरांत बौद्धोनी वसती सारा प्रमाणमां हती एवुं साधार अनुमान थई शके छे भरुकच्छमां एक बौद्ध स्तूप हतो ए नगरमां जैनोना सुप्रसिद्ध अश्वावबोध तीर्थनो कबजो बौद्धोए लीधो हतो ते खपुटाचार्ये छोडाव्यो हतो गोविन्दाचार्य नामे बौद्ध

भिक्षु जैन आचार्यने पराजित करवा माटे जैनोनी विद्या शीख्या हता, पण पछी पोते ज जैन थई 'गोविन्दनिर्युक्ति'नी रचना करी हती (पृ ६८-६९) मथुराना 'देवनिर्मित स्तूप' उपर बौद्धोए आधिपत्य जमाव्युं हतुं, एनो कबजो मथुराना राजाए जैनोने पाछो सोंप्यो हतो (पृ. १२०-२१)

बौद्ध उपरांत अन्य मतोनी पण वात आवे छे आर्य रक्षितना मामा गोष्ठामाहिले मथुरामा एक अक्रियावादीने पराजित कर्यो हतो, पण पछी तेओ पोते ज अबद्धिक नामे निह्नव थया हता (पृ. ६९)

प्राचीन भारतना लोकधर्मोमां यक्षपूजा घणी लोकप्रिय हती. आनंदपुरमां यक्षनी अने नागवल्लिकामां नागनो पूजा थती (पृ ९४). मथुरामां भूतगुहा नामे व्यंतरगृह-यक्षायतन हतु (पृ. १२२) अने द्वारका पासे नंदन उद्यानमां सुरप्रिय नामे यक्षनुं आयतन हतुं (पृ २०३) सुराम्बर नामे यक्षनुं आयतन शौरिपुरमां हतुं (पृ २०३) भरुकच्छ पासेना गुडशस्त्र नामे नगरमां यक्ष साधुओने उपद्रव करतो एने खपुटाचार्ये शान्त कर्यो हतो (पृ ५९) एक ब्राह्मणे 'भुल्लि-स्सर' नामे व्यंतरनी उपासना करी होवानी कथा मळे छे (पृ ११४) भरुकच्छथी उज्जयिनी जवाना मार्ग उपर आवेला नटपिटक गाममां नागगृह हतु (पृ ९१) अर्थात् त्यां पण नागपूजा थती अनेक नगरोना परिसरमां आवेलां उद्यानोमां यक्षायतनो हतां अने त्यां लोको यात्राए जता. एना थोडाक उदाहरणो आपणे आगळ नोंधीशुं.

भरुकच्छथी दक्षिणापथ जवाना मार्गमां 'भल्लीगृह' नामनु भागवतोनुं एक मन्दिर हतु अने एमां 'भल्ली'-बाणथी वींधायेली कृष्ण वासुदेवनी मूर्ति हती (पृ ५७, ११२-१४).

अग्निपूजकोनो उल्लेख पण क्वचित् आवे छे गिरिनगरमां एक अग्निपूजक वणिक दर वर्षे एक घरमा रत्नो भरीने पछी ए घर सळगावी

अग्निनुं संतर्पण करतो हतो एम करतां एक वार आखुं नगर बळी गयुं हतुं (पृ ६६)

जैन आचारना इतिहासनी दृष्टिए अगत्यना, पण एक बे उल्लेखो आ ग्रन्थमां छे शय्यातर–वसति आपनार कोने गणवो ए संबंधमां लाटाचार्यनो मत नोंधायेलो छे (पृ १६२–६३) लाटाचार्य, एमना नाम उपरथी, लाटना वतनी हशे एम अनुमान थाय छे दशपुरनो राजा कदाच आर्य रक्षितने दीक्षा नहि लेवा दे ए भयथी तोसलिपुत्राचार्य रक्षितने लईने अन्यत्र चाल्या गया हता ए जैन अनुश्रुति प्रमाणे पहेली शिष्यचोरी हती (पृ ८०)

उद्यानो जैन श्रमणो घणी वार नगरपरिसरमां आवेलां उद्यानोमां निवास करता एटले एवे उद्यानो विशेना थोडाक उल्लेखो जोईए इक्षुगृह उद्यान दशपुरमां आवेलुं हतुं त्यां रहीने आर्यरक्षित चातुर्मास कर्यो हतो (पृ २२) ए प्रदेशमां शेरडीनुं वावेतर थतुं हशे एवी अटकळ आ उद्याननां नाम उपरथी करी शकाय ! कोरंटक उद्यान भरुकच्छना ईशान खूणे हतुं (पृ ५१) कोरंटक अथवा कांटा सरियाना कमनीय छोडवाओ उपरथी आ उद्याननुं नामकरण थयुं हशे उज्जयिनीना स्नपन उद्यानमां पण साधुओ ऊतरता (पृ २११) 'स्नपन' नाम त्यां कोई स्नानागार हशे एवो, तर्क करवा प्रेरे छे द्वारका पास नंदन उद्यानमां सुरप्रिय यक्षनुं आयतन हतुं ए आपणे उपर जोई गया ए उद्यान द्वारकाने ईशान खूणे रैवतकनी पास हतुं (पृ ९१) केटलाक सूत्रोमां रैवतकनो उल्लेख पर्वत तरीके छे, ज्यारे एटीना समयनी केटलीक टीकाओमां एनो उल्लेख उद्यान तरीके छे (पृ १५७) सिन्धु–सौवीर देशना पाटनगर वीतिभयनी पूर्व दिशामां मृगवन नामे उद्यान हतुं (पृ १७०). सारनाथ पासेना उद्याननं पालि साहित्यमां 'मृगदाव' कहेल छे ते साथे आ नाम

सरखावी शकाय जैन तेम ज बौद्ध साहित्यमां बीजां अनेक उद्यानोनो उल्लेख छे

उत्सवो उद्यानोनी साथे उत्सवो पण संकळायेला हता 'संखडि' एटले उजाणी आनंदपुरना लोको शरदऋतुमां प्राचीनवाहिनी सरस्वती ना किनारे जई संखडि करता (पृ १९) प्रभासतीर्थमा अने अर्बुद पर्वत उपर यात्रामां संखडि थती (पृ १५, १०६) मथुरामां भंडीर यक्षनी यात्रामा लोको गाडां जोडीने जता (पृ. ३३, ११९). कुंडलमेंठ नामे व्यंतरनी यात्रामा भरुकच्छना लोको संखडि करता (पृ ४४, ११०-११) लाटदेशमा गिरियज्ञ अथवा मत्तवाल-संखडि नामे उत्सव थतो (पृ १६१). एनु बीजुं नाम भूमिदाह हतुं ए उत्सवनु वर्णन मळतुं नथी, पण कोंकणादि देशोमां गिरियज्ञ नामे उत्सव दररोज संध्याकाळे थतो होवानो उल्लेख अन्यत्र छे (पृ ५३), ते ए ज हशे एवु अनुमान थाय छे. महाराष्ट्रमां भादरवा सुद पडवाने दिवसे श्रमणपूजानो उत्सव थतो, एमा लोको साधुओने वहोरावीने अट्ठमना उपवासनु पारणु करता (पृ १३५). उज्जयिनी, माहेश्वरी, श्रीमाल वगेरे नगरोना लोको उत्सवप्रसंगोए एकत्र थईने मदिरापान करता ए मदिरापान करनाराओमां ब्राह्मणोनो पण समावेश थतो (पृ २०).

रीतरिवाजो जैन साधुओ आखा देशमां पगे चालीने पर्यटन करता. चोमासाना चार महिना बाद करतां बाकीना आखा ये वर्षमां मोटा भागना साधुओ सतत परिव्रजन करता 'बृहत्कल्पसूत्र'ना भाष्यमा 'जनपदपरीक्षा' प्रकरणमा कह्युं छे के जनपदविहार करवाथी साधुओनी दर्शनविशुद्धि थाय छे एमां साधुओने विविध देशोनी भाषाओमा कुशल बनवानुं कह्युं छे, जेथी तेओ लोकोने एमनी पोतानी

अ भाषामां उपदेश आपी शके वळी विविध प्रदेशोना रीतरिवाजो अने देशिक परिस्थितिथी माहितगार थवानुं पण सूचन एमां करेलुं छे आ बधां कारणे भारतवर्षना विविध प्रदेशोना रीतरिवाजोने लगती प्रकीर्ण पण मूल्यवान सामग्री आगमसाहित्यमांथी प्राप्त थाय छे ए प्रकारना थोडाक लाक्षणिक उल्लेखो अहीं जोइए कोंकणवासीओ पुष्प अने फळनो प्रचुर प्रमाणमां उपयोग करता उत्तरापथ अने बाल्हिकना लोको सक्तु खाय छे तेम कोंकणवासीओ 'पेज्जा' (सं पेया) अर्थात् चोखानी राब छे ए त्यां भोजनना प्रारंभमां ज राब अपाय छे (पृ ५२) अत्यारे पण कोंकणमां मुख्य खोराक भात छे ते आ साथे ध्यानमां राखवानुं छे सोपारकमां ए भावकोमां एक शाकटिक (गाडुं चलावनार) अने बीजो वैकटिक (दारू गाळनार) हतो (पृ १८५-८६) ए बतावे छे के वैकटिको बहिष्कृत मनाता पहोतना महाराष्ट्रमां पण कलालो बहिष्कृत गणाता नहोता; एटलुं ज नहि, पण एमनी साथे बीजाओ भोजन करी शकता (पृ १३५) जो के दक्षिणापथमां कलाल अने लोहकार अस्पृश्य गणाता (पृ १६०) महाराष्ट्रमां नटनी दुकानमां मद्य होय के न होय पण तेनी उपर ध्वज फरकाववामां आवतो जे जोईने भिक्षाचर आदि त्यां जता नहि (पृ १२४) ए प्रकारना स्त्रीओना परिवेषने लाटवासीओ 'कच्छ' कहेता एने महाराष्ट्रीओ 'भोयडा' कहेता स्त्रीओ बाल-पणथी मांडी लग्न थया बाद सगर्भा थतां सुधी कच्छ बांधती सगर्भा थया पछी भोजन करवामां आवतुं, स्वजनोने बोलावी वस्त्र पहेरवामां आवतुं, अने ए समयथी कच्छ बांधवानुं बंध थतुं (पृ १६०) मरुस्थल आदि रेताळ प्रदेशोमां मार्गो भूलो न थवाय माटे मार्गमां खीलिकाओ ठोकवामां आवती एवो उल्लेख छे (पृ १२४) मरुस्थलना परिवेषने लगती पण कटाक्षक रसिक माहिती मळे छे (पृ १२५). कोक्कसपतिओ महोत्सव प्रसंगे पोताना मकान उपर

कोटिपताका चडावता (पृ ६४). 'कोटिध्वज' तथा एमाथी व्युत्पन्न थयेला गुजराती शब्द 'कोटिधज' नो संबंध आ साथे जोडाय छे. सतीनो रिवाज कोई काळे चौलुक्योमा विशेष प्रचलित हशे एम एक सुभाषित उपरथी लागे छे (पृ ७१-७२) आ उपरांत आभीर, मालव आदि जातिओ, आनंदपुर, डिंभरेलक, ताम्र-लिप्ति, द्वीप, मथुरा आदि नगरो तथा कोंकण, वन्नासा (बनास नदी) आसपासनो भाग, महाराष्ट्र, लाट, सिन्ध, सुराष्ट्र आदि प्रदेशोनी विशिष्टताओ तथा लाक्षणिक रीतरिवाज माटे आ ग्रन्थनां ते ते शीर्षको जोवा विनंति छे.

वाणिज्य : वाणिज्य विशे पण केटलीक अगत्यनी माहिती मळे छे त्रिभुवननी सर्व वस्तुओ जेमां मळे एवा वस्तुभंडारो-'कुत्रिका-पण'-विशेना उल्लेखो खास ध्यान खेंचे छे. उज्जयिनी अने राजगृह जेवा प्राचीन भारतना महान नगरोमा एवा भंडारो हता एमां वस्तुनु मूल्य खरीदनार व्यक्तिना सामाजिक दरज्जा प्रमाणे लेवामा आवतु ए वात खूब रसप्रद छे (पृ २६-२७, ४४-४५) कुत्रिकापण साथे संबंध धरावती केटलीक लोककथाओ नोंधायेली छे (पृ ११२, ११५-१६) ए बतावे छे के लोकमानसे एनी स्मृतिने केवी रीते संघरी हती. भरुकच्छ पासेनु भूततडाग कुत्रिकापणमांथी खरीदायेला एक भूते बांध्युं हतुं एवी अनुश्रुति छे.

वेपारना एक मथक तरीके 'द्रोणमुख'नी व्याख्या उपर स्थळनामोनी चर्चा करता आपी छे वेपारनु केन्द्र होय एवा नगरने 'पत्तन' पण कहेवामा आवतु 'पत्तन' बे प्रकारना होयः ज्यां जलमार्गे माल आवे ते जलपत्तन, जेमके द्वीप (दीव) अने काननद्वीप, ज्यां स्थळमार्गे माल आवे ते स्थलपत्तन, जेमके मथुरा अने आनंदपुर केटलाक टीकाकारोए प्राकृत 'पट्टण' शब्दनां 'पट्टन'

अने 'पतन' शब्दो मे संस्कृत रूपो स्वीकारीने तेना जुदा अर्थ आप्या छे (पृ ९७)

मालव जातिना लुटारुओ मनुष्यनु हरण करीने एमने गुलामो तरीके वेचता ए उपर कह्युं छे गिरिनगरनी श्रेण कीओ उज्जयंत उपर गई हती त्यारे चोरो एमनु हरण करी गया हता अने पारसकूल –इरानी अखातना किनारा उपर तेमने वेची हतो (पृ ६६) भरुकच्छमां आवेला एक परदेशी वेपारीए कपटी श्रावकपणुं धारण करीने केटलीक रूपवती साध्वीओने वहाण उपर बोलावी एमनुं हरण कर्युं हतुं (पृ ११२) मथुरामां 'देवनिर्मित स्तूप'नो महिमा करवा माटे केटलीक श्राविकाओ साध्वीओनी साथे गई हती एमनु हरण करवानो प्रयास बोधिक जातिना लुटारुओए कर्यो हतो, पण एक साधु जेओ पूर्वाश्रममां राजपुत्र हता, तेओए एमने छोडावी हती (पृ १२१). आ बधा उल्लेखो गुलामोना वेपार उपर प्रकाश पाडे छे जैन सूत्रोमां अन्यत्र (दा त 'रायपसेणिय' सू ८२, पृ १४७) जुदा जुदा देशोमांथी आवेली दासीओनो यादी आपी छे एमांथी पण जगतभरमां व्यापेला गुलामोना वेपारनुं सूचन थाय छे

वेपारीओनी प्राचीन 'श्रेणी'ओ (guilds) ने स्पर्शता एक महत्त्वनी अनुश्रुति मळे छे सोपारक ए भारतना पश्चिम किनारे वेपारनुं मथक हतुं अने आ अनुश्रुति प्रमाणे, त्यां वेपारीओनां पांचसो कुटुंबो हतां ए वेपारीओनुं एक महाजन हतुं ए महाजन पासे पोतानी कचेरी अने एमां मोटुं समागृह हतुं, जेमां पांचसो पूतळीओ हती अर्थात् ए समागृह शिल्पकामनी दृष्टिए पण नोंधपात्र हशे एमना माफ थयेला कर राजाए लेवा धार्यो ए सामे विरोध करतां बधा वेपारीओ मरण पाम्या, ए वस्तु जूनां महाजनोना संगठनना प्रतीक जेवी छ (पृ २०८)

उज्जयिनीमां एक वार मोटी आग लागी हती अने नगरनो घणो भाग बळी गयो हतो त्यारे जे वेपारीओए नगरनी वहार वखारो राखी हती तेमणे पोताना मालना अनेकगणां नाणां उपजाव्यां हतां (पृ २८) ए वात पण ध्यान खेंचे एवी छे

त्रण दिशाए समुद्रथी वींटायेल सौराष्ट्रमां वहोळो वेपार चालतो हतो. (पृ २०४)

प्राचीन सिक्काओ विशे ठीक माहिती मळे छे सिक्काओनु नानुं सरखुं कोष्टक आपेलुं छे अने एक प्रदेशना सिक्कानी बीजा प्रदेशना सिक्कामा केटली कीमत थाय ए पण केटलाक दाखलामां जणावेलुं छे (पृ. ८९, १८०–८१) 'काकिणी' एक नानो सिक्को हतो अने एनु मूल्य वीस कोडी बराबर थतुं पण राजपुत्रोना संबंधमां प्रयोजाय त्यारे 'काकिणी' शब्दनो अर्थ 'राज्य' थतो ए नोंधपात्र छे (पृ ३४, ४३) चक्रवर्तीनां रत्नोमा काकिणीरत्ननो पण समावेश थतो ते उपरथी एम हशे ?

स्थापत्य अने कला · अर्धमागध ए स्थापत्यनो एक विशिष्ट–कदाच मिश्र–प्रकार हशे एम लागे छे (पृ १५) अर्धमागधी भाषानी जेम ? अभिनयने धंधा तरीके स्वीकारनार नटोना जुदां गाम हतां एम रोहकनी वार्ता बतावे छे (पृ २८) नटपिटक गाममा (पृ ९१) नटोनी वस्ती हशे एम एना नाम उपरथी कल्पना थाय छे कोकास अने एना यंत्रकपोतोनुं कथानक (पृ. ५०–५१) प्राचीन भारतमां यंत्रकलाना अभ्यास माटे जोवा जेवुं छे 'राजप्रश्नीय सूत्र'मां नृत्य अने संगीत विशे विस्तृत अने 'अनुयोगद्वार सूत्र'मा संगीत विशे संक्षिप्त निर्देशो छे ते आ विषयना अभ्यास माटे घणा उपयोगी छे, जो के आ पुस्तकनी मर्यादामां एनो समावेश थई शक्यो नथी.

विद्याध्ययन प्राचीन विद्याध्ययननी पण। आगमनी परंपराओ-खास करीने जैनोने संबंध छे त्यांसुधी—आगमसाहित्यमां सचवायेली छे वेदोना परंपरागत संक्रमणनी जेम आगमोना सरक्षण अने संगोपननी पाछळ स्मृति अने बुद्धिना महान पुरुषार्थो रहेला छे प्राचीन काळथी मांडी आगमवाचना (पृ ८३ ८४, ९४) ए गंभीर अध्ययनने पात्र विषय छे आगमोनी रचना पूर्व भारतमां थई पण ए लेखाधिरूढ पश्चिम भारतमां थयां ए पण जैन धर्मना इतिहास अने तेनां वृत्तान्तरो मात्र एक नोंधपात्र हकीकत छे मध्यकाळमां गुजरातनो संस्कारितानुं लेमज गुजरातमां जैन धर्मनुं प्रमुख केन्द्र अणहिलवाड पाटण हतुं. आचार्य हरिभद्रनी टीकाओ सिवाय आगमो उपरनी बधी मुख्य टीकाओ अणहिलवाड के आसपासना प्रदेशमां रचायेली छे (पृ ८–९) आगमोना विवेचनमां रोकायेला पंडितो परस्पर सहकारथी कार्य करता हता नवांगी वृत्तिकार अभयदेवसूरिनी टीकाओनी सहाय विना पछीना काळमां गमे तेवा प्रकांड पंडित माटे पण आगमोना अर्थो समजवानु मुश्केल थई पडत. एमनी ए टीकाओनुं शोधन द्रोणाचार्ये कर्युं हतुं (पृ १०–१२) द्रोणाचार्यनी सहायमां एक पंडित परिषद् हती द्रोणाचार्य ए पाटणना चौलुक्य राजा भीमदेव पहेलाना मामा हता अने तेमणे पोते 'ओघनिर्युक्ति' उपर टीका रची हती (पृ ८२) 'आचारांग सूत्र' अने सूत्रकृतांग सूत्र' उपर टीकाओ रचनार शीलाचार्य अथवा शीलांक ते पाटणना स्थापक वनराजना गुरु शीलगुणसूरि एवी एक अनुश्रुति छे, एटले अणहिल वाडमां आगमोनुं अध्ययन ओछामां ओछुं ए नगरनी स्थापना जेटलुं जूनुं छे अने एनो वारसो हरिभद्राचार्य आदि राजस्थानमां थयेला टीकाकारो तरफथी मळेलो छे पाटणमां थयेला आगमोना बीजा महान टीकाकारो मलधारी हेमचंद्र (कलिकालसर्वज्ञ हेमचंद्रथी भिन्न) अने आचार्य मलयगिरि छे मलधारी हेमचंद्रने मळवा माटे राजा

सिद्धराज जयसिंह वारंवार एमना उपाश्रये आवतो (पृ. २१९). एमना हस्ताक्षरवाळी एक ताडपत्रीय पोथी खंभातना भंडारमां मोजूद छे. आगमो उपर गुजरातमां प्रमाणभूत संस्कृत टीकाओ ठेठ अराढमा शतक सुधी रचाती रही छे अने आज सुधी आगमोना अध्ययननी प्राचीन परपरा अहीं अविच्छिन्नपणे चालु रहेली छे.

विद्याध्ययनने लगता बीजा पण केटलाक अगत्यना उल्लेखो अहीं संघराया छे. भरुकच्छना वज्रभूति आचार्य विशेनु कथानक गुजरातना एक प्राचीन कवि विशे थोडीक माहिती आपे छे (पृ, १६५–६६). कालकाचार्ये आजीवको पासे अष्टांग महानिमित्तनो अभ्यास कर्यो हतो (पृ ४०). आजीवको नियतिवादी हता, एटले निमित्तशास्त्रना अभ्यास प्रत्ये एमणे खास ध्यान आप्यु हशे, अने एथी ज कालकाचार्य जेवा महान आचार्य ए माटे एमनी पासे जवाने आकर्षाया हशे. मूळ आगमोमा (दा त 'उत्तराध्ययन सूत्र'नुं १५ मु अध्ययन) साधुओ माटे ज्योतिष तेमज वैद्यकनो अभ्यास वर्ज्य गणेलो छे, पण मध्यकाळमां चैत्यवासीओए ए बन्ने शास्त्रोने लगभग पोतानां करी लीधां हतां ए पण समयनी बलिहारी छे

उज्जयिनीनो विद्यार्थी अस्त्रविद्या शीखवा माटे कौशाबी जाय छे अने शंखपुरनो विद्यार्थी वाराणसीना कलाचार्य पासे शीखे छे (पृ. १) ए उल्लेखो विद्याभ्यास माटे देशान्तरोमा जवानी प्रमागमां व्यापक प्रवृत्तिना सूचक छे. अट्टण मल्लनु कथानक प्राचीन भारतमां मल्लविद्याना इतिहास उपर सारो प्रकाश पाडे छे (पृ. ६–८)

लुप्त ग्रन्थो . नष्ट थई गयेला अनेक प्राचीन ग्रन्थोना उल्लेखो अने क्वचित् एमाथी अवतरणो आगमसाहित्यमां मळे छे आ पुस्तक-

टीकाकारोए नोंध्युं छे (पृ १२८), परन्तु ए वृत्ति पण जेसलमेरना भंडारमाथी जडी छे.

भाषाशास्त्र भारतीय आर्य भाषानी द्वैतीयिक भूमिकाना अभ्यास माटे विपुल सामग्री आगमोमांथी मळे एमां कशुं आश्चर्य नथी नवा ज मूळ आगमग्रन्थो प्राकृतमां छे एटली हकीकत ए विषयमां एमनु महत्त्व बताववा माटे बस छे आ प्रस्तावनाना प्रारंभमां ज कह्युं छे ते प्रमाणे, जुदा जुदा सूत्रग्रन्थोनी भाषाना स्वरूपमा केटलोक नोंधपात्र तफावत छे. वळी आगमसाहित्यनी पहेली संकलना मगधमां थई अने त्यार पछीनी संकलनाओ ईसवी सननी चोथी शताब्दीमां एटले के वीरनिर्वाण पछी नवमी शताब्दीमा मथुरा अने वलभीमां थई अने सर्व आगमो एनी ये पछी एक सैका बाद देवर्धिगणिना अध्यक्षपणा नीचे वलभीमां एक-सामटा लिपिबद्ध थया, ए बधा समय दरमियान तेमज त्यार पछी एनी नकलो अने नकलोनी पण नकलोनी जे अनेक शाखाप्रशाखाओ थई तेने परिणामे ए ग्रन्थोनी भाषामां अनेकविध फेरफारो थया हशे, तोपण भारतीय आर्य भाषानी प्राकृत भूमिकाना अध्ययन माटे एक तरफ जैन आगमसाहित्य अने बीजी तरफ पालि साहित्य ए बन्ने मळी परम महत्त्वनी सामग्री पूरी पाडे छे मूळ आगमो तथा ते उपरना निर्युक्ति अने भाष्योनी आर्ष प्राकृत, चूर्णिओनी आ करता भिन्न तो पण आर्षनी कोटिमां ज गणत्री पडे तेवी प्राकृत—जेमां संस्कृतनु पण विलक्षण मिश्रण थयेलु घणी वार नजरे पडे छे, अने मध्यकाळनी संस्कृत वृत्तिओमानां प्राकृत कथानको, जेमनी भाषा केटलीक वार चूर्णिओनी लगोलग आवी जाय छे तो केटलीक वार स्पष्ट रीते प्रकृष्ट महाराष्ट्री प्राकृत होय छे—आ सर्वनु पूरुं अन्वेषण हजी थयु नथी. आगमसाहित्यनी समीक्षित वाचनाओ बहार पडे त्यारे ज ए कार्य थई शके

वळी आगमोनी संस्कृत वृत्तिओमां आवता शब्दो अने रूढि-

प्रयोगो जेने सामान्य रीते 'जैन संस्कृत' कहेवामां आवे छे—ए एक प्रकारनी 'मिश्र संस्कृत' होई बौद्धोनी 'गाथा संस्कृत' साथे एनी तुलना थई शके—जूना गुजरातीनी असरवाळी ए परिभाषित होई गुजरातीना सामान्य ज्ञान विना ए समजाय पण मुश्केल, ए कारणे हर्टेल जेवा विद्वाने जेने 'प्रादेशिक संस्कृत' (Vernacular Sanskrit) कही छे, एनो व्यवस्थित अभ्यास एक करवा जेवु स्वतंत्र भाषाकीय एवो विशाळ विषय छे, जेम जैन कथासाहित्य तेमज प्रबन्धसाहित्यमां पण ए ज प्रकारनो संस्कृतनो प्रयोग होई एनो अभ्यासमर्यादा आगमसाहित्यनी बहार पण विस्तरेली छे संस्कृत उपर प्रादेशिक भाषाओए करेली असरना दृष्टिकोणथी ए सर्व साहित्यनुं अवलोकन करवाथी नीवडसे संस्कृते लोकभाषाओ साथे केवुं समाधान साध्युं ए जेम एमांथी जणाशे तेम लोकभाषामां पण अनेक मुश्केल रूपो अने अर्थोनी तेमज ए रूपो तथा अर्थोनी पाछळ रहेलां मानसिक वलणोनी एमांथी भाळ मळशे

पण आ पुस्तकनी मर्यादामां आ बधी वस्तुओनो समावेश करवानुं अशक्य हतु नहीं तो राजकीय अने सांस्कृतिक अगत्यनी वस्तुओनी साथोसाथ भाषाकीय अगत्यना पण जे मुद्दा नोंधवा छे तेमांना केटलाक तरफ ध्यान दोर्युं छे

एकाग्रनुं मूळ स्थान (मुल्तान), सौराष्ट्रनुं स्थाम (थान), अने मुंबई पासेनुं स्थानक (थाणा), एमांना 'स्थाम' 'स्थानक' शब्दोनो संबंध भाषा अने सामाजिक इतिहासनी दृष्टिए विचारवा जेवो छे मुल्तान अने थान तो सूर्यपूजामां प्राचीन केन्द्रो छे, थाणा विशे वधु संशोधन आवश्यक छे (पृ २११) भारतनां प्राचीन नगरोने अंते आवतो संस्कृत 'कट' अने प्राकृत 'कड' प्रत्यय तथा आवा जेवी भारतनी प्राचीन वसाहतोनां केटलांक नगरोनां नामोनो

कर्ते ' पदान्त, ए सर्वनु साम्य पण ए ज रीते ध्यान खेंचे छे (पृ. ४६–४७). ' गिरनार ' अर्वाचीन भाषामा पर्वतवाची विशेषनाम छे, पण एनुं मूळ संस्कृत ' गिरिनगर 'मा छे (पर्वतनुं नाम तो उज्जयत छे), अने ' कोडिनार ', ' नार ' वगेरे अन्य स्थळनामोमानो ' नार ' पण संस्कृत ' नगर 'मांथी प्राकृत ' नअर ' द्वारा व्युत्पन्न थयेलो छे (पृ. ६६). आगमसाहित्यना प्राचीनतर अंशोमा, पुराणोनी जेम, अर्वाचीन भरूचने माटे, ' भरुकच्छ ' प्रयोगनी व्यापकता छे ए वस्तु सूचवे छे के ' भरूच 'नी व्युत्पत्ति, सामान्य रीते मनाय छे तेम, संस्कृत ' भृगु-कच्छ 'मांथी नहि, पण ' भरुकच्छ 'मांथी ' भरुअच्च ' द्वारा साधवानी छे (पृ ११०–१२). ' खेट ' अने तेनी साथे संबंध धरावता नामोनी चर्चा अगाउ करेली छे. कुडुक्क (पृ १५९), लाट (पृ. १५९–६०), कोंकण (पृ ५३), महाराष्ट्र (पृ. १३५) आदि प्रदेशोनो भाषाना लाक्षणिक शब्दप्रयोगोनी नोंध टीकाकारोए वारवार करेली छे एक प्रदेशनी भाषाना शब्दो वगर समज्ये बीजे बोलनार केवी रीते हास्यपात्र थाय छे ए पण वताव्युं छे (पृ १३५).

लोकवार्ता अने पुराणकथा · जैन साहित्यनो एक मोटो भाग कथाप्रधान छे आगमसाहित्यना चार अनुयोगो पैकी एक कथानुयोग छे. मूळ आगमो तथा ते उपरनी चूर्णिओ अने टीकाओमां अर्ध-ऐतिहासिक कथाओ अने लोककथाओनो विपुल भंडार छे. जैनोना कथासाहित्यना उद्भव अने विकासनो तुलनात्मक अभ्यास ए एक स्वतंत्र विषय छे. अहीं केवळ आ पुस्तकने अनुलक्षीने प्रस्तुत कथयितव्य रजू कर्युं छे.

अगडदत्त (पृ १–५), अट्टण (पृ. ६–८), इन्द्रदत्त (पृ. २३), कोकास (पृ. ५०–५२) आदिनी कथाओ लोक-वार्ताओ छे, जो के एमा ऐतिहासिक अनुश्रुतिओना अंशो रहेला छे

ए चोक्स अटकप्युनी रुपरे आवेल मूलदेवनगन लगती वार्ता (पृ ११५) तथा बौद्धो अने जैनोनी स्पर्धाने लगती केटलीक वार्ताओ (ज्ञा ध पृ १७२-७३) ए पण लोककथाओ ज छे पादलिप्ताचार्य (प ९८) अने नटपुत्र रोहकनी (पृ १५७-५८) हाजरजवाबीनी वातोमांनी केटलीक पछीना समयमां राजा भोज अने कवि कालिदास तथा अकबर अने बिरबलने नामे चडेली हाजरजवाबीनी वातो छे धोरशास्त्रना प्रणेता गणायेला मूलदेवने लगती भिन्न भिन्न कथाओ (पृ १४४-४८) पण लोकवार्ताओनी कोटिमां जशे, जो के मूलदेव पोते एक ऐतिहासिक व्यक्ति हशे एवुं केटलाक विद्वानोनुं मंतव्य छे गजसुकुमाल, अशकटापिता वासवदत्ता आदिनां कथानको ए खरेखर जैन पुराणकथा (*Mythology*)ना अंश बनी गयां छे एमां पण लोकवार्तानां तत्त्वो मिश्रित थयां हशे एवुं स्वाभाविक अनुमान थाय छे जैन अने बौद्ध साहित्यमां लोककथाओनुं ज धर्मकथाओमां रूपान्तर करवामां आव्युं छे ए सिद्ध हकीकत छे आगळ वधीने एम पण कही शकाय के दुनियाभरनी पुराणकथाओ अने देवकथाओनो अनादिकाळथी लोककथाओ साथे संबंध रहेलो छे

यादवकुळमां थयेला बावीसमा तीर्थंकर अरिष्टनेमि अथवा नेमिनाथ विशेना उल्लेखो आ पुस्तकमां अनेक स्थळे (पृ २४, ४९-५०, ८०-८१, ९६, इत्यादि) जोवामां आवशे तेओ श्रीकृष्णना काकाना दीकरा हता जैन साहित्यमां सर्वत्र यादवकुळनो इतिहास नेमिनाथना चरित्रनी आसपास गूंथायेलो छे ब्राह्मण पुराणोमां यादवोनो इतिहास मुख्य अंशोमां जैन साहित्यमां अपायेला वृत्तान्त साथे साम्य धरावे छे मात्र नेमिनाथनो वृत्तान्त, तेमनो नामोल्लेख पण एमां मळतो नथी! जैन धर्मनी स्थापना महावीरे करी नहोती, महावीर तो नवीन धर्मना प्रवर्तक करतां प्राचीन धर्मना सुधारक अने समुद्धारक हता तेमनी पूर्वेना त्रेवीसमा तीर्थंकर पार्श्वनाथ निःशंकपणे ऐतिहासिक

व्यक्ति पुरवार थया छे अने ए सिवायना बावीस तीर्थंकरो पैकी केटलाकनी ऐतिहासिकतानां प्रमाणो मळे तो नवाई जेवुं नथी बौद्ध ग्रन्थ 'महावग्ग' (१ २२. १३) अनुसार बुद्धना समयमां राजगृहमां सातमा तीर्थंकर सुपार्श्वनाथनु मन्दिर हतुं ए ज ग्रन्थ जणावे छे के आजीवक संप्रदायनो उपक नामे तपस्वी अनंतनाथनो उपासक हतो. जैनो अने आजीवकोना गाढ ऐतिहासिक संपर्कनो विचार करता आ अनंतनाथ ते चौदमा तीर्थंकर संभवे छे अलबत, आवां प्रमाणो तार्किक दृष्टिए सुपार्श्वनाथ के अनतनाथनी ऐतिहासिकता पुरवार करे के केम ए विशे मतभेद रहेवानो, पण महावीरना समयमां तेमज ए पूर्वे प्राचीनतर तीर्थंकरो पूजाता हता ए हकीकत तो एमाथी निर्विवादपणे फलित थाय छे नेमिनाथना विषयमां वात करीए तो, मात्र पछीना काळनां चरित्रोमां ज नहि, परन्तुं भाषा छंद तेमज अन्य दृष्टिबिन्दुए सौथी प्राचीन पुरवार थयेला मूल आगमग्रन्थोमा नेमिनाथ विशे तेमज यादवोना इतिहास विशे पुष्कळ सामग्री मळे छे 'वसुदेव-हिंडी' जेवा प्राचीन कथाग्रन्थनो ठीक मोटो गणी शकाय एवो अश ए वृत्तान्त वडे रोकायेलो छे, ज्यारे बीजी तरफ पुराणादिमां भागवत संप्रदायना कथयितव्यने रजू करवामा उपयोगी थाय एटले ज अंशे यादवकुळना वृत्तान्तनो विनियोग करवामां आव्यो छे आ बधुं जोतां नेमिनाथनुं इतिहासमां अस्तित्व नहि होय अने तेओ केवळ देवकथानी ज व्यक्ति हशे एवो तर्क भाग्येज साधार गणाशे पुराणकारोए श्रीकृष्णना चरित्रनी आसपास यादवकुळनो इतिहास गूंथवा माटे नेमिनाथना जीवनवृत्तान्तने जाणी जोईने पडतो मूक्यो हशे एवी कल्पना थाय छे.

जैन कथाओमा आवतां सावना तोफानो श्रीकृष्णनां बालचरित्रोनी याद आपे छे (पृ १८९-९२)

गुजरातना मध्यकालीन इतिहासने लगती एक अनुश्रुति प्रमाण-

मां अर्वाचीन कही शकाय एवी एक टीकामां नोंधायेली छे अमीष्ट स्त्रीनी कामना करतां मनुष्य दुःखी थाय अने स्त्रीनी प्राप्ति थया छतां पुत्रादिनी माथाथी दुःखी थाय, ए संबंधमां राजा सिद्धराज जयसिंहनुं उदाहरण टीकाकारे आप्युं छे (पृ १९५), ते सिद्धराज माटे आ प्रकारनी किंवदन्ती लोकप्रसिद्ध हशे एम सूचवे छे

अंते, मर्यादित समयमां एकले हाथे आवुं आगमसाहित्य संपादननो प्रयत्न ए दरियो डहोळवा जेवुं एक साहस हतुं साथे शिक्षण अने संशोधनना बीजां कार्यो पण चालु राखवानां हतां आ बधां कारणोए तेमज मारी अणसमज के सरतचूकने कारणे आ पुस्तकमां त्रुटीओ रही जवा पामी हशे ते विद्वानो बतावशे तो उपकृत थईश

आभारदर्शन

आ पुस्तक तैयार करवानुं काम तो पहेलां मारा विद्यागुरु पू मुनिश्री पुण्यविजयजीने सोंपायुं हतुं पण तेमणे आगमवाचनानुं भगीरथ काम हाथमां लीधुं तथा लगभग ए अरसामां गुजरात विद्या सभाना अनुस्नातक विभागमां मारी निमणूक थई एटले ए काम मने सोंपायुं. आ कामने अंगे वखते समय तेमना तरफथी सूचना तेम ज जोईतां पुस्तकोनी सहाय मळती रही हती ए बदल तेमनो ऋणी छुं भो ज विद्याभवनना अध्यक्ष श्री. रसिकलाल छो. परीखे आ आखुं पुस्तक छापवा आपतां पहेलां सांपन्त वांच्युं हतुं तेमनां सूचनाने परिणामे पुस्तकनुं मूल्य वध्युं छे एम कहेवामां हुं लेशमात्र अत्युक्ति करतो नथी. आचार्य श्री जिनविजयजी अने पं सुखलालजी साथे पण आ कार्य अंगे वखतोवखत चर्चा थई हती श्री. उमाशंकर जोशीकृत 'पुराणोमां गुजरात' आ पहेलां प्रसिद्ध थयेलुं छे एनी ग्रोसमर्थी भाषा व्याकरणे ढेरे, एकी भने घणां हतो, अने एकत्रित सामग्रीनी व्यवस्थानो श्रम प्रमाणमां हळवो थयो हतो

आ पुस्तकनी तैयारीनां प्रारभनां केटलाक वर्ष दरमियान अमे बन्ने भो. जे. विद्याभवनमां सहाध्यापको हता त्यारे एमनी साथे वारवार उपयोगी विचारविनिमय, अन्य उपरांत, आ काम अंगे पण थयो हतो. प्रूफ जोवाना तेमज मुद्रणनी व्यवस्थाना कार्यमां विद्यासभाना क्युरेटर अने गुजरातीनो अध्यापक श्री. केशवराम का. शास्त्रीनी सहाय घणी मूल्यवान हती तथा डॉ हरिप्रसाद शास्त्री अने अन्य सहाध्यापको साथे पण केटलाक अगत्यना मुद्दाओ अंगे चर्चा-विचारणा थई हती. तपस्वी मुनिश्री कान्तिविजयजीए केटलाक ग्रन्थो पूरा पाड्या हता तथा श्री धीरुभाई ठाकरे 'निशीथ चूर्णि'ना टाइप करेला पांच दुर्लभ ग्रन्थो उपयोग माटे मेळवी आप्या हता श्री. अंबालाल आशाराम जेतलपुरियाए केटलुंक आगमसाहित्य तपासवामा सहाय करी हती. वडोदरा युनिवर्सिटीमा मारा सहकार्यकर श्री इन्दुवदन अंबालाल दवेए आ पुस्तकनी सूचि काळजीपूर्वक तैयार करी आपी छे. ए सर्व सज्जनो प्रत्ये आ स्थळे हुं कृतज्ञभाव व्यक्त करुं छु

'अध्यापक निवास'
प्रतापगंज, वडोदरा
ता. ११-४-१९५२

भोगीलाल जयचंदभाई सांडेसरा

संक्षेप-सूचि

अनु अनुयोगद्वार सूत्र — मलधारी हेमचन्द्रनी वृत्ति समेत प्रकाशक आगमोदय समिति, मुंबई, ई स १९२४

अनुचू अनुयोगद्वार सूत्र—चूर्णि प्रकाशक ऋषभदेवजी केशरीमलजी श्वेतांबर संस्था रतलाम

अनुहा अनुयोगद्वार सूत्र—हारिभद्रीया वृत्ति (ई स नो ८ मो सैको) प्रकाशक ऋषभदेवजी केशरीमलजी श्वेतांबर संस्था, रतलाम

अनुहे अनुयोगद्वार सूत्र—मलधारी हेमचन्द्रनी वृत्ति (ई स नो १२ मो सैको) प्रकाशक आगमोदय समिति, मुंबई, ई स १९२४ (उपर 'अनु' वडे निर्दिष्ट संस्करण)

अरा अभिधान राजेन्द्र ग्रन्थ १ थी ७ संपादक विजयराजेन्द्रसूरि, रतलाम, ई स १९१३—२५

आचू आवश्यक सूत्र—चूर्णि पूर्वभाग अने उत्तरभाग प्रकाशक ऋषभदेवजी केशरीमलजी श्वेतांबर संस्था, रतलाम

आनि आवश्यक सूत्र—निर्युक्ति (नीचे 'आम' वडे निर्दिष्ट संस्करण)

आम आवश्यक सूत्र—आचार्य मलयगिरिनी वृत्ति (ई स नो १२ मो सैको) भाग १ थी ३ प्रकाशक आगमोदय समिति, मुंबई ई स १९२८—३२

आशी आचारांग सूत्र—शीलांकदेवनी वृत्ति (८ मा सैका आसपास), भाग १–२ प्रकाशक आगमोदय समिति सं १९७२–७३ एनुं पुनर्मुद्रण जैनानंद पुस्तकालय, सूरत तरफथी थयुं छे

आचू आचारांग सूत्र—चूर्णि कर्ता जिनदासगणि महत्तर (ई

स नो ७ मो सैको) प्रकाशक ऋषभदेवजी केशरीमलजी श्वेतांबर संस्था, रतलाम, सं १९९८

आह : आवश्यक सूत्र–हरिभद्रसूरिनी वृत्ति (ई. स. नो ८ मो सैको) : प्रकाशक दे. ला. जैन पुस्तकोद्धार फंड, मुंबई

आहेहा : मलधारी हेमचन्द्र (ई स. नो १२ मो सैको) सूत्रित हारिभद्रीय आवश्यकवृत्तिटिप्पण : प्रकाशक दे. ला. जैन पुस्तकोद्वार फंड, मुंबई, ई. स. १९२०

ओनिद्रो : ओघनिर्युक्ति–द्रोणाचार्यनी वृत्ति (ई. स. नो ११ मो सैको) : प्रकाशक आगमोदय समिति, मेसाणा, सं. १९७५

ओनिभा · ओघनिर्युक्ति–भाष्य,
(उपर 'ओनिद्रो' वडे निर्दिष्ट संस्करण)

औसूअ · औपपातिक सूत्र–अभयदेवसूरिनी वृत्ति (ई स. नो ११ मो सैको) प्रकाशक आगमोदय समिति, मेसाणा, सं. १९७२

अंद अंतकृतदशा सूत्र : प्रकाशक आगमोदय समिति, सं. १९७६

अंदवृ अंतकृतदशा सूत्र–अभयदेवसूरिनी वृत्ति (ई स. नो ११ मो सैको)
(उपर 'अंद' वडे निर्दिष्ट संस्करण)

उ : उत्तराध्ययन सूत्र
(नीचे 'उशा' वडे निर्दिष्ट संस्करण)

उक उत्तराध्ययन सूत्र–उपाध्याय कमलसंयमकृत टीका (सं १५४४=ई स. १४८८) संपादक मुनि जयंतविजयजी

उचू उत्तराध्ययन सूत्र–चूर्णि · प्रकाशक ऋषभदेवजी केशरीमलजी श्वेतांबर संस्था, रतलाम, सं. १९९८

उनि : उत्तराध्ययन सूत्र–निर्युक्ति
(नीचे 'उत्त' मां निर्दिष्ट संस्करण)

उने उत्तराध्ययन सूत्र–नेमिचन्द्रनी वृत्ति (सं ११२९=ई स १०७३) संपादक विजयउमंगसूरि, सं १९९३

उशा उत्तराध्ययन सूत्र–शान्तिसूरिनी वृत्ति (ई स नो ११ मो सैका) प्रकाशक दे ला जैन पुस्तकोद्धार फंड, भाग १ अने २, सं १९७२, भाग ३, सं. १९७३

कनि कल्पसूत्र–उपाध्याय धर्मसागरकृत किरणावली टीका (सं १६२८=ई स १५७२) संपादक पं दानविजय, भावनगर, सं. १९७८

कको कल्पसूत्र–उपाध्याय शान्तिसागरकृत कौमुदी टीका (सं १७०७=ई स १६५१) प्रकाशक ऋषभदेवजी केसरीमलजी श्वेतांबर संस्था, रतलाम, स १९९२

कदी कल्पसूत्र–जयविजयकृत दीपिका टीका (स १६७७=ई स १६२१) संपादक पं मफतलाल झवेरचंद, प्रकाशक महोपाध्याय यशोविजय पुस्तकालय, राधनपुर, सं १९९१

कसु : कल्पसूत्र–उपाध्याय विनयविजयकृत सुबोधिका टीका (स १६९६=ई स १६४०) प्रकाशक दे ला जैन पुस्तकोद्धार फंड, सूरत, सं १९६७

कसं कल्पसूत्र–खरतरगच्छीय जिनप्रभसूरिकृत संदेहविषौषधि टीका (स १३६४=ई स १३०८) संपादक पं हीरालाल हंसराज, जामनगर, स १९९९

पं पंन्यासविजय प्रकीर्णक (प्रकीर्णकदशक 'मां मुद्रित, प्रकाशक

आगमोदय समिति, मुंबई, सं. १९८३). अलग पण छपायुं छे · संपादक विजयक्षमाभद्रसूरि, पाटण, सं १९९७

जिरको · जिनरत्नकोश हरि दामोदर वेलणकर, भाग १, पूना, ई. स १९४४

जीकचू : जीतकल्पचूर्णि : सपादक मुनि जिनविजयजी, अमदावाद, सं १९८३

जीकचूव्या जीतकल्पचूर्णि : विषमपद व्याख्या–कर्ता श्रीचन्द्रसूरि (सं. १२२७=ई स ११७१)
(उपर 'जीकचू' वडे निर्दिष्ट सस्करण)

जीकभा : जीतकल्पभाष्य :
(नीचे 'जीकसू' वडे निर्दिष्ट संस्करण)

जीकसू · जीतकल्पसूत्र–कर्ता जिनभद्रगणि क्षमाश्रमण (ई. स. नो ७ मो सैको) · संपादक मुनिश्री पुण्यविजयजी, अमदावाद, स. १९९४

प्राचीन भारतना सार्थ मार्गो–'ट्रेड रूट्स'–ना एक महत्त्वना संगमस्थान उपर उज्जयिनी आवेलुं हतुं

एक मोळा पतिने तेनी पुंश्चली पत्नी ऊंटना लींडां वेचवा माटे उज्जयिनी मोकले छे अने पछी पोते विटसेवा करे छे एवुं कथानक पण मळे छे[१८]

ऐहिक समृद्धि साथे जोडायेला मोजशोख अने भोगविलास पण स्वाभाविक रीते ज उज्जयिनीमा प्रवर्तमान हता. 'बृहत्कल्पसूत्र'-वृत्तिमाना एक कथानक प्रमाणे–एक देवीए विधवानु रूप धारण कर्युं अने दासीओथी वींटायेली ते उपाश्रयमा आवी साधुने वंदन करीने बेठी साधुए पूछ्युं के 'श्राविका! तुं क्याथी आवी छे?' त्यारे ते बोली के 'पाटलिपुत्रमा हुं जन्मी छुं अने साकेतना एक

भेटी साथे मारुं मन थयुं हतुं पतिनुं मरण थतां तीर्थयात्राना मिषथी वडीलोनी रजा लईने भोगनी आकांक्षा करती हुं उज्जयिनी आवी छुं में सांभळ्युं छे के उज्जयिनीमां परीषहथी पराजित थयेला घणा साधुओ छे पण हवे तमने जोया पछी मारुं मन आगळ वधवानी ना पाडे छे ।"

सर्वगणिकाप्रधान देवदत्ता उज्जयिनीनी गणिका हती अने विटोमां प्रधान मूळदेव पण उज्जयिनीमां वसतो हतो.

उज्जयिनी, माहेश्वरी, श्रीमाल वगेरे नगरीओमां लोको उत्सव प्रसंगोए एकत्र थईने मदिरापान करता हता अने एवा लोकोमां ब्राह्मणोनो पण समावेश थतो हतो

उज्जयिनीमां अने तेनी आसपासमां राजाओ अने धनिकोनुं समाराधन करनारा वर्गोनी पण वस्ती हता उज्जयिनीनी पासे नटोनुं एक गाम हतुं उज्जयिनीवासी अट्टणमल्लनुं कथानक पण आ दृष्टिए रसप्रद छे

उज्जयिनीमां एक वार मोटी आग लागी हती अने नगरनो घणो भाग बळी गयो हतो आथी बे वेपारीओए नगरनी बहार पोतानो माल भर्यो हतो तेमणे अनेकगणां नाणां उपजाव्यां हतां

मालव जातिना आक्रमणकारो उज्जयिनी अने आसपासना प्रदेशो उपर घणी वार हुमला करता अने माणसोनुं हरण करी जता तथा तेमने गुलाम तरीके वेची नाखता समय जतां मालव जातिना लोको अवन्तिजनपदमां वस्या हशे अने तेथी ए प्रदेश पण पाछळथी 'मालव' नामथी ओळखायो हशे सातमा–आठमा सैकाथी अवन्ति मालव तरीके ओळखाय छे एवो केटलाक विद्वानोनो मत छे पण 'अनुयोगद्वारसूत्र' मांना एक उल्लेखनो विचार करतां आथी ये जूना समयथी अवन्ति माटे 'मालव' नाम प्रचारमां होवुं जोईए

नोंध —जुदा जुदा साधनो उपरथी रचायेला उज्जयिनीना कालानुक्रमिक इतिहास माटे जुओ विमलाचरण लॉ कृत 'उज्जयिनी इन एन्श्यन्ट लिटरेचर' जो के ए इतिहास मुख्यत्वे बौद्ध अने बीजा साधनोने आधारे लखायो छे जैन साधनग्रन्थो एमना ध्यानमां तुलनाए ओछा आव्या जणाय छे

१ बृकसे, भाग ३, पृ ९१७, अनुहा, पृ १०.

२ एज वळी निचू, भाग २, पृ. ४३८

३ बृकसे, भाग ३, पृ ९१८

४ जुओ **महागिरि आर्य.**

५ जुओ **चण्डरुद्राचार्य**

६ जुओ **रक्षित आर्य.**

७ जुओ **भद्रगुप्ताचार्य**

८ जुओ **आषाढभूति**

९ जुओ **कालकाचार्य**

१० उने, पृ ४

११ आचू, उत्तर भाग, पृ १५६

१२ एज, पृ २०९

१३ एज, पृ. २७८

१४ उशा, पृ १००

१५ बृकभा, गा ४२१९, बृकसे भाग ४, पृ ११४५ आ विशे जुओ सातमी ओरियेन्टल कोन्फरन्समां मारो लेख 'ए नोट ओन धी कुत्रिकापण'. एना गुजराती सार माटे जुओ 'इतिहासनी केडी'मां 'कुत्रिकापण–प्राचीन भारतना जनरल स्टोर्स' ए लेख, वळी जुओ **कुत्रिकापण.**

१६ बृकसे, भाग ४, पृ. ११४५–४६

१७ एज

१८ दवैहा, पृ ५७; स्याद्र्म, पृ. २६१

१९ बृकभा, गा ५७०५–६, बृकसे, भाग ५, पृ १५०९

२० उशा, पृ. २१८; जुओ **मूळदेव**

૨૧ એજ્ન, પૃ. ૧૧૨

૨૨ એજ, પૃ. ૧૧૧

૨૩ એજ પૃ ૧૪૫ ઉજ્જયિની પાસેના એક ગામના નાગરી રાજા અંગેની દંતકથા વિશે જુઓ પ્રજાબંધુ–ગુજરાત સમાચાર, દીપોત્સવી અંક ઈ ૨ ૬ માં મારો લેખ મહાદુમ ઉદક અને રાજા

૨૪ જુઓ અફ્સ

૨૫ જુઓ ભાગ ૫ પૃ. ૧૨૬૨–૬૨

૨૬ જોનિદ્દો પૃ. ૧૬, આપૂ પૃ ૧૮૬ ઉજ્જ પૃ. ૧૬૪ ઇત્યાદિ

૨૭ બુદ્દિસ્ટ ઇન્ડિયા પૃ. ૨૦ જ્યોર્ગ્રાફી પૃ. ૧૧

૨૮ જુઓ ભાસ

ઉદયન

વત્સદેશની રાજધાની કૌશાંબીનો રાજા સહસ્રાનીકનો પૌત્ર શતાનીક અને મૃગાવતીનો પુત્ર, વૈશાલીના ગણસત્તાક રાજ્યના નાયક ચેટકનો ભાણેજ અને જયંતી શ્રમણોપાસિકાનો ભત્રીજો.[1] વીણાવાદનમાં નિપુણતાને કારણે તે 'વીણાવત્સરાજ' તરીકે ઓળખાતો હતો. અવંતિના રાજા પ્રદ્યોત અથવા ચંડપ્રદ્યોતે પોતાની પુત્રી વાસવદત્તાને વીણા શીખવવા માટે ઉદયનને યુક્તિથી કેદ કર્યો હતો પરંતુ ઉદયન વાસવદત્તાને સાથે લઈ કેદમાંથી નાસી છૂટ્યો હતો.[2] 'ઉત્તરાધ્યયન સૂત્ર' ઉપરની શાન્ત્યાચાર્યની વૃત્તિમાં એક અંગવિલેપન બનાવવાનું પ્રમાણ આપેલું છે અને વાસવદત્તાએ ઉદયનનું ચિત્ત હરી લેવા માટે આ વિલેપનનો ઉપયોગ કર્યો હતો એમ કહ્યું છે.[3]

વત્સરાજ ઉદયન અને વાસવદત્તા અનેક સંસ્કૃત કાવ્યનાટકોમાં નાયક–નાયિકા તરીકે આવે છે ને સુપ્રસિદ્ધ છે. પુરાણોની રાજવંશાવલીઓમાં શતાનીક પછી ઉદયનનું નામ આવે છે (પાર્જિટર 'ડાયનેસ્ટિઝ ઓફ ધ કલિ એજ,' પૃ ૭, ૧૯ ૮૨) પાલિ સાહિત્યમાં પણ અનેક સ્થળે ઉદયન–વાસવદત્તા વિશેનાં કથાનક મળે છે

उदयन ए बुद्ध अने महावीरनो समकालीन ऐतिहासिक व्यक्ति तरीके पुरवार थयेल छे[6]

जुओ प्रद्योत

१ भसू, शतक १२, उद्दे. २

२ उशा, पृ १४२

३ आचू, उत्तर भाग, पृ १६१–६२

४ उशा, पृ १४२

५ जुओ मलालसेकर, 'पालि प्रोपर नेम्स'

६ जुओ 'केम्ब्रिज हिस्ट्री ओफ इन्डिया,' वो १, पृ १०८-१०

उदायन

सिन्धु–सौवीर देशनो बळवान राजा ते वैशालीना राजा चेटकनी पुत्री प्रभावतीने परण्यो हतो. ते सिन्धु–सौवीर आदि सोळ जनपदोनो, वीतभय आदि त्रेसठ नगरोनो अने महासेन (चंडप्रद्योत) आदि दश मुकुटबद्ध राजाओनो अधिपति हतो.[1] उदायने पोताना भाणेज केशीने राज्य आपीने महावीर पासे दीक्षा लीधी हती केटलाक समय पछी महावीरनी अनुज्ञा लईने ते पाछो वीतभय आव्यो त्यारे आ पोतानुं राज्य पाछुं लेवा आव्यो हशे एम मानीने केशीए तेने विष खवरावीने मारी नाख्यो हतो.[2]

१ भसू, शतक १३ उद्दे० ६, उने, पृ २५२–५५, कसु, पृ ५८७

२ आचू, उत्तर भाग, पृ. ३६–३७

एलकच्छपुर

दशार्णपुरनु बीजुं नाम दशार्णपुर एलकच्छ तरीके ओळखायुं एना कारणमां नीचे प्रमाणे कथानक आपवामां आवे छे–दशार्णपुरमां एक श्राविकानो पति मिथ्यादृष्टि हतो एना उपर कोपायमान थईने एक वार देवताए एनी आंखो फोडी नाखी, पण आथी श्राविकानो

अपयश थशे एम जाणीने घेटानी आंखो ('एलकाक्ष अच्छीणि') लावीने बेसाडी दीधी सवारे ए माणसो लोको कहेवा लाग्या के 'तारी आंखो एलक–घेटा जेवी छे' लोकोमा आवो पण प्रवाद थयो कोई पूछे 'क्यांथी आवो छो?' तो एने जवाब मळतो 'ज्यां एवो एलकच्छ ('घेटा जेवी आंखवाळो') छे त्यांथी.' आ प्रमाणे दशार्णपुरनुं एलकच्छ नाम थयुं

आ नगर वत्रगा नदीना किनारे आवेलुं हतुं[1] गजाग्रपद तीर्थ पण एलकच्छनी पासे हतुं[2] आर्य महागिरि विदिशामां जिनप्रतिमाने वंदन करीने गजाग्रपद तीर्थनी यात्रा माटे एलकच्छ गया हता[3]

झांसी जिल्लामां मोंठ तहेसीलमां आवेलु एरछ ते आ एलकच्छ हशे एवो केटलाकनो मत छे[4]

जुओ गजाग्रपद, दशार्णपुर, रथावर्त

१ आव० उत्तर भाग, पृ. १५६–५७ आवचू पृ. २२६

२ आव० उत्तर भाग पृ. १५६–१५७ आवचू पृ. २२६

३ तो वि वच्चा वइदिसि महा तत्थ जियपडिमं वंदिऊण अज्ज महागिरि एलकच्छं गता गयग्गपदं वंदगा आव०, उत्तर भाग पृ. १५६–५७

४ जगदीशचन्द्र जैन लाइफ इन एन्श्यन्ट इन्डिया पृ. २८१

कच्छ

भरत चक्रवर्तीना दिग्विजयवर्णनमां तेणे कच्छ देश उपर विजय कर्यो होवानो उल्लेख छे[1]

कच्छमां आभीरो जैन धर्मानुयायी हता आनंदपुरनो एक दरिद्र ब्राह्मण कच्छमां गयो हतो तेने ए आभीरोए प्रतिबोध पमाड्यो हतो. देशाचारनी नोंध करतां कह्युं छे के कच्छमां गृहस्थो रहेता होय एवा आवासमां साधुओ रहे ए दोषरूप गणातुं नथी

जुओ आभीर

१ जप्र, पृ २१८, जप्रशा, पृ २२०

२ आचू, उत्तर भाग, पृ. २९१

३ बृक (विशेषचूर्णि), भाग २, पत्र ३८८ टि 'कच्छ'नो मूळ अर्थ 'समुद्र अथवा नदीकिनारे आवेलो भीनाशवाळो प्रदेश' एवो छे प्राकृतमा पण एनो एवो अर्थ छे. सर० मालुयाकच्छ (ज्ञाध, श्रु १, अध्य १), भरुकच्छ आदि कच्छ विशेना पौराणिक उल्लेखो माटे जुओ पुगु

कमलसंयम उपाध्याय

खरतरगच्छना जिनभद्रसूरिना शिष्य कमलसयम उपाध्याये सं १५४४=ई स. १४८८मां 'उत्तराध्ययन सूत्र' उपर 'सर्वार्थसिद्धि' नामे वृत्ति रची छे.[1] कमलसंयमे स १५४९=ई. स. १४९३ मां 'कर्मस्तव' नामे कर्मग्रन्थ उपर विवरण रच्युं छे. आ सिवाय जूना गुजराती गद्यमां 'सिद्धांतसारोद्धार सम्यक्त्वोल्लास टिप्पन' ए तेमनी कृति छे[2]

१ जुओ उक, प्रत्येक अध्ययनने अते पुष्पिका

२ जैसाइ, पृ. ५१७

कम्बल-सम्बल

मथुराना जिनदास श्रावक पासे कंबल-संबल नामे बे उत्तम बळद हता एक वार मथुरामा भडीर यक्षनी यात्रा हती,त्यारे जिनदासनो एक मित्र तेने पूछ्या सिवाय ए बळदोने गाडे जोडवा लई गयो, अने तेणे वळी बीजाने आप्या ज्यारे पाछा लाववामां आव्या त्यारे कंबल-सबल खूब थाकी गया हता अने थोड़ा समय पछी तेओ अनशन करीने मरण पाम्या. तेओ मरीने नागकुमार थया हता; सुरभिपुर जती वखते गगा पार करतां महावीर जे नावमां बेठा हता तेने थयेलो उपद्रव ए नागकुमारोए टाळ्यो हतो एवुं कथानक छे.[1]

जुओ जिन[illegible]

१ भागू पूर्व भाग पृ २८१ भाभि भा ४६६-७१ बुदी माप ५ पृ. १४८९, भमू. पृ. २०६-७ कवि पृ १५ करी पृ १ बिनू भाग ४ पृ. ८२४ मां आ कवानक छे पण त्यां 'कंबल-संबल'नो नामनिर्देश नथी

कसेरुमती

ए नामनी नदी ए वणी प्रसिद्ध हशी पने विशेना एक मात्र उपलब्ध उल्लेख उपरथी अनुमान थाय छ के का तो एमां पाणी रहेतुं नहोतुं अथवा ए पाणी बेस्वाद हतुं[१]

आ नदीनो उल्लेख महाकच्छ्रासी यक्षमूर्ति आचार्यना संबंधमां आवे छे[२] एथी कच्छमां अथवा आसपासना प्रदेशमां ए आवेली हशे

राजशेखरनी 'काव्यमीमांसा' (त्रीजी आवृत्ति, पृ ९९ तथा परिशिष्ट पृ २८४)मां तेम ज अन्यत्र पौराणिक भूगोळ वर्णवतां भारतवर्षना नव भागोमां एक 'कसेरुमान्' प्रदेशनो उल्लेख छे, पण एने आ कसेरुमती नदी साथे कंई संबंध होय एम लागतुं नथी.

१ दिग्र वि कसेरुमती पीर्वे ते भाम्भिर्भ वर गुरु नाम न देवम्बं। अत्र कोई नाम नदी। तस्याः अधिष्ठितीय। नवरं च प्रतिस्यन्तुर्लं तस्याः पानीयमिति शेषः। भाष (भा. गा. ५८-५९ उपरनी वृत्ति).

२ जुओ यक्षमूर्ति आचार्य

काकिणी

एक नानो सिक्को. वीस कपर्दक—कोडी बराबर एक काकिणी थती.[१] ए सिक्को तांबानो हतो अने दक्षिणापथमां पण तेनो व्यवहार चालतो हतो एक भिखारीए रूपक भटाबीने काकिणीओ करी हती अने दररोज एक-एक काकिणी ते वापरतो हतो एवुं कथानक 'उत्तराध्ययन सूत्र'नी शान्तिसूरिनी वृत्तिमां छे आम त्यां राजपुत्रोनी वातमां 'काकिणी' शब्दनो अर्थ 'रत्न' एवो थतो हतो जैन

मान्यता प्रमाणे चक्रवर्तीनां रत्नोमां 'काकिणी' रत्ननो पण समावेश थाय छे.

काकिणीनी कीमत रूपकना ऐंशीमा भाग बराबर हती एम डॉ याकोबीए केटली टीकाओने आधारे कह्युं छे[5] 'काकिणी'नुं बीजुं नाम 'बोडी' हतुं एम सं १४४९=ई स. १३९३ मां पाटणमां लखायेला 'गणितसार'ना गुजराती अनुवादमा आपेला तोल, माप अने नाणानां कोष्टको उपरथी जणाय छे[6] हलकी कीमतना सिक्का तरीके आचार्य हेमचन्द्रनां अपभ्रंश अवतरणोमा 'बोड्डि'नो प्रयोग छे[7]

१ 'काकिणि' विंशतिकपर्दका, उशा, पृ २७२

२ ताम्रमय वा नाणक यद् व्यवह्रियते यथा दक्षिणापथे काकिणी। बृकभा, भाग २, पृ ५७४

३ उशा, पृ २७६

४ जुओ कुणाल

५ उ नो अंग्रेजी अनुवाद (सेक्रेड बुक्स ओफ ध इस्ट, ग्रन्थ ४५), पृ २८

६ '२० कउडे कागिणी ते भणीइ बोडी'—बारमु गुज साहित्य-समेलन, अहेवाल, इतिहास विभाग, पृ ४०

७ 'केसरि न लहइ बोड्डिअ वि गय लक्खेहिं घेप्पंति'—'प्राकृत व्याकरण,' ४. ३३५

कानणद्वीप

ज्या जुदी जुदी दिशाओमांथी जळमार्गे माल आवतो हतो एवा जलपत्तन तरीके काननद्वीपनो निर्देश छे[1] एमां बहारथी नावद्वारा आवतुं धान्य खवातुं हतुं[2] आ द्वीपनुं 'कालणद्वीप' एवु नाम पण पाठफेरथी मळे छे[3]

आ द्वीपनु स्थान निर्णीत थई शक्यु नथी

१ आसूचू, पृ २८१, उशा, पृ. ६०५ उशामां आ साथे स्थलपत्तन तरीके मथुरानो उल्लेख छे

१ मुनशी भाग १ पृ. १८३-८४
२ भाइपू पृ १८१

कान्यकुब्ज

कनोज शहेर कान्यकुब्ज नगरना राजा साथे एक जैन सूरिनो गोष्ठिप्रबंध 'आवश्यक सूत्र' उपरनी मलयगिरिनी वृत्तिमां छे [१] प्रस्तुत राजा ते कान्यकुब्जनो प्रतिहारवंशीय आम राजा अथवा नागभट बीजो (सं ८६४–८९०=ई स ८०८–८३४)[२] अने ए सूरि ते बप्पभट्टिसूरि होवा घटे. मोढेरानो कान्यकुब्ज अने कान्यकुब्जमां मोढेरानां बप्पभट्टिसूरिनां पर्यटनो तथा आम राजा साथेनी तेमनी गोष्ठि इत्यादिनुं वर्णन 'प्रभावकचरित'–अंतर्गत 'बप्पभट्टिसूरिचरित'मां प्राप्त थाय छे

कान्यकुब्ज ए निःशंक रीते मध्यकालीन भारतमां सौथी समृद्ध नगरो पैकी एक हतुं 'सूत्रकृतांग सूत्र' उपरनी शीलांकाचार्यनी वृत्तिमां उद्धृत करवामां आवेला एक श्लोकमां मथुरा हस्तकल्प गिरिपत्तन, सिंहपुर कुक्षिपुर, मायापुरी अने शौरिपुरनी साथे कान्यकुब्जनो पण निर्देश छे रडता बाळकने आ सर्व नगरोना राजा तरीके वर्णवीने अमुं राखवानो प्रयास थयो छे [३]

१ आम पृ ११–१२

२ मुनशी ग्लोरी धेट वॉझ गुर्जर देश वॉ १ पृ ५१ ७६ ओझा राजपूतानेका इतिहास खंड १ पृ. १८७

३ यथाऽसमुत्थितः कश्ची रुदन् दारकं यत्नेन तेस्तान्यप्यन्येः प्रकारैरापन्नैः तद्यथा— सामिओ सि मधुरस्स य कन्नउज्जस्स य हत्थकप्पगिरिपट्टणसीहपुरस्स य उज्जेणस्स सिंहपुरस्स य कुक्खिपुरस्स य कण्णकुज्ज मायापुरसोरियपुरस्से य शीलांकी पृ. ११५

कार्तवीर्य

हस्तिनापुरनो राजा जे पुराणो प्रमाणे माहिष्मतीना सहस्रार्जुन तरीके प्रसिद्ध छे

जमदग्नि ऋषिनी पत्नी रेणुकानुं हरण कार्तवीर्यनो पिता अनंतवीर्य करी गयो हतो, एथी जमदग्निना पुत्र रामे–परशुरामे एने मार्यो. आथी कार्तवीर्ये जमदग्निनो वध कर्यो, परिणामे परशुरामे सात वार पृथ्वी नक्षत्री करी, जेना बदलामां कार्तवीर्यना पुत्र सुभूमे एकवीस वार ब्राह्मणोनो संहार कर्यो.[1]

सुभूमे एकवीस वार ब्राह्मणोनो संहार कर्यो ए वस्तु पुराणोमां क्यांय नथी ए नोंधपात्र छे.

१ सूकृशी, पृ १७०

कालकाचार्य–१

तुरुमिणी नगरीमां रहेतो भद्रा नामे ब्राह्मणीना तेओ भाई हता. तेमनो भाणेज–भद्रानो पुत्र दत्त ए नगरना राजाने हांकीने गादी पचावी पड्यो हतो एणे घणा यज्ञो कर्या हता. तेनी समक्ष कालकाचार्ये यज्ञोनी निन्दा करवाथी दत्ते आचार्यने केद कर्या हता. आचार्यनी भविष्यवाणी अनुसार, राजा पाछळथी भूंडे हाले मरण पाम्यो हतो.[1] आ कालकाचार्ये इन्द्र समक्ष निगोदना जीवो संबधी व्याख्यान कर्युं होवानी पण कथा छे

आ कालकाचार्य गर्दभिल्लनो नाश करनार कालकाचार्यथी भिन्न तेम ज एमना पूर्ववर्ती होवानो मुनि कल्याणविजयजीनो मत छे.[2] आ प्रथम कालकाचार्यनो समय तेमणे वीरनिर्वाण स ३०० थी ३७६ (=ई. स पूर्वे २२६थी १५०)नो गण्यो छे.[3]

१ आम्चू, पूर्व भाग, पृ ४९५–९६; आम, पृ ४७८–७९
२ 'प्रभावकचरित,' प्रस्तावना, पृ २३–२४
३ एज

कालकाचार्य–२

उज्जयिनीना विषयी राजा गर्दभिल्लनो नाश करावनार तथा पर्युषणपर्वने भादरवा सुद पांचमने बदले चोथना दिवसे करावनार

तरीके आ आचार्य जैन इतिहासमां प्रसिद्ध छे प्रथम कालकाचार्य ब्राह्मणपुत्र हता, ज्यारे आ द्वितीय कालकाचार्य, 'प्रभावकचरित' अनुसार, धारावासनगरना क्षत्रिय राजा वीरसिंहना पुत्र हता ' एमनो जीवनकाळ मुनिश्री कल्याणविजयजीना मत प्रमाणे, वीरनिर्वाणनी पांचमी शताब्दीमां अर्थात् ईसवी सन पूर्वे १ली सदीना अरसामां छे

उज्जयिनीना गर्दभिल्ल राजाए कालकाचार्यनी युवान बहेन सरस्वती के पण साध्वी हती तेनुं हरण करीने एने अंतःपुरमां दाखल करी हती. आथी कालकाचार्य पारसकुल-ईरानने किनारे जईने शकोने हिन्दुकदेश-हिन्द (जुओ हिन्दुकदेश) उपर आक्रमण करवा माटे तेडी लाव्या हता पहेलां तो तेओ बधा सुराष्ट्रमां आव्या वरसादनो समय होवाथी त्यां रोकाई जवुं पड्युं. पछी चोमासुं पूरुं थतां कालकाचार्ये शकोने गर्दभिल्ल उपर आक्रमण करवा माटे प्रेर्या लाटना राजाओ जेमनुं गर्दभिल्ले अपमान कर्युं हतुं तेओ पण साथे भळ्या, अने बधाए मळी उज्जयिनीने घेरो घाल्यो आ बाजू गर्दभिल्ल राजा गर्दभीविद्यानी साधना करतो हतो गर्दभीना स्वरूपमां ए विद्या आवीने मोटो अवाज करती एटले शत्रुसैन्यमां जे कोई एनो अवाज सांभळे ते रुधिर ओकतो धरती उपर पडतो कालकाचार्ये आ रहस्य जाणीने अनेक बाणावळी योद्धाओने तैयार रहेवा कह्युं के गर्दभी पोतानुं मों पहोळुं करीने शब्द करे त्यारे पहेलां तमारे ते बाणवर्षाथी पूरी देवुं ' तेओए तेम कर्युं, एटले गर्दभी क्रोधायमान थई गर्दभिल्ल उपर विष्टामूत्र करी, तेने लात मारीने चाली गई अबळ बनेला गर्दभिल्लनो नाश करीने उज्जयिनी कबजे करवामां आवी, तथा कालकाचार्ये पोतानी बहेनने पाछी संयममां स्थापित करी.

पर्युषणपर्वना तिथिपरिवर्तन संबंधमां आगमोक्त कथानक आ प्रमाणे छे भरुकच्छमां बलमित्र राजा हतो, अने तेनो भाई भानुमित्र

युवराज हतो, तेमनी बहेन भानुश्री नामे हती, जेनो पुत्र बलभानु हतो कालकाचार्य एक वार विहार करता त्यां आव्या अने तेमनी देशना सांभळी बलभानुए दीक्षा लीधी आथी रुष्ट थयेला बलमित्र–भानुमित्रे कालकाचार्यने निर्वासित कर्या. वळी बीजी एक प्राचीन परंपरा प्रमाणे, बलमित्र–भानुमित्र कालकाचार्यना भाणेज हता. तेमणे पोताना पुरोहितनी शिखवणीथी तेमने निर्वासित कर्या हता. ज्यारे त्रीजा एक मत प्रमाणे, राजाए आखा शहेरमां अनेषणा करावी हती–एटले आचार्यने क्यांयथी भिक्षा मळती नहोती. आथी तेमणे नगर छोडी दीधुं वर्षाकाळमां ज आचार्य प्रतिष्ठान जवा नीकळ्या अने त्यांना संघने तथा श्रावक राजा सातवाहनने अगाउथी पोताना आगमननी खबर आपी त्यां जईने आचार्ये भादरवा सुद पांचमने दिवसे पर्युषण करवानु कह्युं, त्यारे राजाए कह्युं, 'ते दिवसे तो मारे लोकरूढि अनुसार इन्द्रमहोत्सव करवानो होय छे, माटे पर्व आपणे छठने दिवसे करीए' आचार्य बोल्या के 'पर्वनु अतिक्रमण न थई शके' आथी राजाए चोथनुं सूचन कर्युं अने ते आचार्ये स्वीकार्युं. त्यारथी चोथना दिवसे पर्युषणनी उजवणी शरू थई.

अविनीत शिष्यना परित्यागनुं एक कथानक पण कालकाचार्यना संबंधमां छे ए समये कालकाचार्य उज्जयिनीमां रहेता हता. तेमनो कोई शिष्य भणवा इच्छतो नहोतो, आथी नाराज थईने, एमना बहु-श्रुत प्रशिष्य सागरश्रमण सुवर्णभूमिमा विहरता हता त्यां, कोईने खबर आप्या सिवाय तेओ चाल्या गया हता सागरश्रमणे कालकाचार्यने ओळख्या विना गर्वथी व्याख्यान करवा मांड्युं पाछळथी बीजा साधुओ आवी पहोंचता रहस्यस्फोटन थयु अने कालकाचार्ये सागर-श्रमणने प्रज्ञापरीषह सहन करवा–ज्ञाननो गर्व नहि करवा' विशे उपदेश आप्या' कालकाचार्य आजीवको पासे अष्टाग महानिमित्तनो अभ्यास करवा माटे गया होवानो उल्लेख संघदासगणिना 'पंचकल्प'

मान्यता छे, एटले बीजा अनेक प्राचीन जैन आचार्योनी जेम तेओ नैमित्तिक–ज्योतिषी हता वळी निमित्तशास्त्रमां जैन आचार्यो करतां पण ए काळे आजीवको चढियाता हता एम आ उल्लेख पुरवार करे छे

कालकाचार्य एक ग्रन्थकार पण हता एनो पुरावो मळे छे सुप्रसिद्ध जैन कथाग्रन्थ 'वसुदेव–हिंडी'ना प्रारंभमां 'प्रथमानुयोग'नो आधार टांक्यो छे अने 'वसुदेव–हिंडी'नी कथानो सारांश 'प्रथमानुयोग' ग्रन्थमांथी उद्धृत थयो होवानुं सूचन त्यां करवामां आव्युं छे सङ्घदासगणिना 'पंचकल्प' भाष्य प्रमाणे 'प्रथमानुयोग'ना कर्ता आर्य कालक हता बारमा अंग 'दृष्टिवाद'–अंतर्गत 'मूळ प्रथमानुयोग' जेनो सविस्तर उल्लेख 'नंदिसूत्र'मां श्रुतज्ञाननुं स्वरूप वर्णवतां करेलो छे ते सुसंबद्ध ग्रन्थरूपे नष्ट थतां तेनो पुनरुद्धार आर्य कालके कर्यो होय एम अनुमान थाय छे पण आर्य कालकनो पुनरुद्धृत 'प्रथमानुयोग' पण आजे घणा सैका थयां नाश पामी गयेलो छे

कालकाचार्य विशेना प्रासंगिक उल्लेखो पण आगम साहित्यमां अनेक स्थळे छे

आगमेतर साहित्यमां पण कालकाचार्यनी कथा ए साहित्यरचना माटे एक खूब ज लोकप्रिय विषय रह्यो छे संस्कृत, प्राकृत तेम ज जूनी गुजरातीमां–गद्यमां तेम ज पद्यमां मोटी संख्यामां जुदा जुदा ज्ञात तेम ज अज्ञात लेखकोने हाथे कालकाचार्यनी कथाओ रचाई छे अने 'कल्पसूत्र' तेम ज 'उत्तराध्ययन' जेवा आगमसाहित्यना पवित्र ग्रन्थोनी जेम 'कालकाचार्य कथा'नी पण सचित्र हस्तप्रतो मळे छे"

प्रज्ञापना सूत्र'ना कर्ता आर्य श्यामने केटलाक विद्वानो कालकाचार्यथी अभिन्न गणे छे

उपर्युक्त बे कालकाचार्य उपरांत ए ज नामना बीजा एक

आचार्य पण थया होवानुं अनुमान जैन शास्त्रो अने स्थविरावलीओ उपरथी केटलाक विद्वानो करे छे[12]

१ प्रच, ४—श्लो ३—७

२ प्रच (अनुवाद), प्रस्तावना पृ २३—२४

३ निचू, भाग ३, पृ ५७१—७२

४ निचूनी टाइप करेली प्रतमा अहीं भरुकच्छने बदले उज्जयिनी छे, पण अन्य मूळ ग्रन्थोमां भरुकच्छ छे एटले निचूना पाठमा कंईक भ्रष्टता होवानु अनुमान थाय छे.

५ निचू, भाग ३, पृ. ६३३

६ उचू, पृ ८३—८४, उशा, पृ १२७ (नि गा १२०), उने, पृ ५०

७ प्रच (अनुवाद), पृ २३

८ 'वसुदेव-हिंडी' (अनुवाद) पृ ३६

९ व्यम (उद्दे १०), पृ ९४, बृकसे, भाग ५, पृ १४७८ तथा १४८०, बृक्क्म, भाग १, पृ ७३—७४; कसु, पृ ५२४—२५; करी, पृ ११३—१५, ककि, पृ १७३, १७६—७९, कदी, पृ ३—५, कसंवि, पृ ११८—१९, श्राप्र, पृ ७, इत्यादि

१० कालकाचार्य विशेनी जूनी कथाओ माटे जुओ साराभाई नवाब-प्रकाशित 'श्रीकालक-कथासंग्रह' एमां नथी संघराई एवी सोळमा सैकानी गुजराती गद्यमा लखायेली कथा माटे जुओ 'प्रस्थान,' फागण—चैत्र, सं १९८८ मा मारो लेख 'कालकाचार्यकथा' कालककथानी हाथप्रतोमा मळता चित्रोना अभ्यास माटे जुओ नॉर्मन ब्राउनकृत 'स्टोरी ऑफ कालक'

११ जुओ श्याम आर्य

१२ प्रच (अनुवाद), प्रस्तावना, पृ. २३, 'कालककथासंग्रह,' प्रस्तावना, पृ ५२—५३.

कालणद्वीप

जुओ काननद्वीप

कालनगर

आनंदपुरनुं बीजुं नाम. त्यां ध्रुवसेन राजानो पुत्रमरणनो शोक शमाववा माटे 'कल्पसूत्र'नी वाचना थई हती.[1]

जुओ आनन्दपुर

१ ध्रुवसेननृपस्य पुत्रमरणार्तस्य समाधिक्रियायामानन्दपुरे, संप्रति वडनगरमहास्थानमस्यथा स्वे सभासमक्षमस्य मयो वाचयितुमारब्ध इति। कल्पकि० पृ. ११८–१९. आ उल्लेखने समर्थक लोकवायकाए तो करेलिया; जिनप्रभसूरिना समयमां (१४ मो सैको) आनंदपुर वडनगर तरीके जाणीतुं हतुं. आ उल्लेख विचारणीय एटला माटे छे के जैन के अन्य साहित्यमां उपलब्ध थतां आनंदपुरनां अनेक नामोमां आ नाम नथी

कालवेशिक

मथुराना जितशत्रु राजाना काला नामे वेश्याथी थयेला पुत्र. दीक्षा लीधा पछी विहार करता तेओ मुद्गशैलपुर आव्या. हतशत्रु राजा साथे तेमनी बहेन परणावी हती त्यां गया हता. त्यां प्रतिमा[1]—कायोत्सर्ग ध्यानमां रहेला हता त्यारे एक शियाळणीए तेमने फाडी खाधा हता.[2]

भगवती सूत्र' (शतक १ उद्दे० ९)मां पार्श्वापत्य कालास्य वेशिपुत्र अणगारनो वृत्तान्त आवे छे ते आथी भिन्न छे के केम ए कहेवुं मुश्केल छे.

१ आ जैन पारिभाषिक शब्द छे अने मूर्तिवाचक सर्वसाधारण प्रतिमा शब्दथी भिन्न छे.

२ कथा पृ. १११ अने पृ ४७

कुङ्कण

जुओ कोङ्कण

कुंभरावर्त

कुंभरावर्त अने रथावर्त ए बे पर्वत पासे पासे आवेला हता

जुओ रथावर्त्तगिरि

कुडङ्गेश्वर

उज्जयिनीमा अवंतिसुकुमालना देहोत्सर्गना स्थान उपर तेना पुत्रे बंधावेलु मन्दिर. १

जुओ अवन्तिसुकुमाल

कुणाल

सम्राट् अशोकनो पुत्र अशोके तेने उज्जयिनी कुमारभुक्तिमां आप्यु हतुं. ते आठ वर्षनो थयो त्यारे अशोके तेना उपर एक पत्र पाठव्यो अने तेमा लख्युं के–'अधीयतां कुमार·' (कुमार विद्याभ्यास करे) पण कुणालनी अपर माताए ए उपर अनुस्वार मूकीने 'अंधीयतां कुमार·' (कुमारने अंध बनाववामां आवे) एम करी दीधुं. कुणाले तो पितानी आज्ञा शिरोधार्य गणीने तपावेली सळीथी आंखो आंजी अने अंध बन्यो आ वात जाणीने राजाए उज्जयिनी अन्य कुमारने आपी, अने कुणालने बीजां गामडा आप्यां. कुणाल संगीतविद्यामां निपुण हतो एक वार अशोक पासे आवीने पडदा पाछळथी गान करीने तेणे अशोकने प्रसन्न कर्यो अशोके पूछ्युं, 'तने शु आपु ?' त्यारे कुणाल बोल्यो

> चंदगुत्तपपुत्तो य बिंदुसारस्स नत्तुओ।
> असोगसिरिणो पुत्तो अंधो जायइ कागिणिं॥

(चंद्रगुप्तनो प्रपौत्र, बिन्दुसारनो पौत्र अने अशोकश्रीनो अंध पुत्र काकिणी मागे छे)

अशोके पुत्रने ओळख्यो अने आलिंगन कर्युं अमात्योए कह्युं के 'राजपुत्रोनी बाबतमा काकिणीनो अर्थ राज्य थाय छे.' पछी कुणालना पुत्र संप्रतिने राज्य आपवामा आव्युं [२]

आ वृत्तांतमानी बधी व्यक्तिओ ऐतिहासिक छे

लीधी त्यारे[४] तेम ज राजा श्रेणिकना पुत्र मेघकुमारे दीक्षा लीधी त्यारे[५] पण एटली ज कीमते पात्र अने रजोहरण कुत्रिकापणमांथी खरीदवामां आव्यां हतां

राजा चंडप्रद्योत ज्यारे अवन्तिजनपद उपर राज्य करतो हतो त्यारे उज्जयिनीमा आवा नव कुत्रिकापण हता, तथा राजगृहमा श्रेणिकना राज्यकाळमां पण कुत्रिकापण हतो[६] वळी कुत्रिकापण साथे केटलीक लोकवार्ताओ पण जोडाई छे, जेमां कुत्रिकापणमां भूत पण मळता एम कह्युं छे.[७] आ प्रकारनी लोकप्रसिद्ध वार्ताओ कुत्रिकापणना वृत्तान्त साथे वणाई गई छे ए वस्तु ज बतावे छे के कुत्रिकापण ज्यारे केवळ भूतकाळनी वस्तु बनी गयो हतो त्यारे पण लोकमानसे एनी स्मृति केवी रीते संघरी राखी हती.

कुत्रिकापण जेम त्रिभुवननी सर्व वस्तुओनो भंडार हतो तेम इच्छित वस्तु संपादित करवानी लब्धिवाळा अथवा सकल गुणना भंडार साधुने 'कुत्तियावणभूआ ('कुत्रिकापण जेवा') कह्या छे[८]

[**नोंध** —कुत्रिकापण विशेना आगमसाहित्यना केटलाक प्रासगिक उल्लेखो माटे जुओ 'अभिधानराजेन्द्र,' ग्रन्थ ३ वळी सातमी अखिल भारत प्राच्यविद्या परिषदना अहेवालमा मारो लेख 'ए नोट ओन धी कुत्रिकापण' तथा 'इतिहासनी केडी' मा ग्रन्थस्थ थयेली लेख 'कुत्रिकापण अर्थात् प्राचीन भारतना जनरल स्टोर्स' जोवो]

१ बृकभा, गा ४२१४ तथा ते उपरथी क्षेमकीर्तिनी वृत्ति; भसूअ, शतक १, उद्दे ३३

२ बृकभा, गा. ४२१५ तथा ४२२०–२२, बृकसे, भाग ४, पृ ११४५–४६.

३ एज

४ भसू, शतक ९, उद्दे. ३३

५ ज्ञाध, पृ ५३

६ बृकभा, गा. ४२२०, बृकसे, पृ ११४५–४६.

७ जुओ कयआवणी

८ से णं कुले णं से णं समये णं पालकभिक्खा वेरा अमकतो कुत्तियावणभूला, मडुखुण मडुगरियारा केवरि अमयारसएरि ... उवरियुक्त मधु ... २ उरे ५ जुओ एमांना ... ... उपरथी अमयदेवसूरिनी वृत्ति—× × कुत्तियावणभूय'त्ति कुत्रिक स्वर्ग मर्त्य पातालक्षणं भूमित्रयं तत्संभवं वस्तु अपि कुत्रिकम् तत्संपादक आपणो हट्ट कुत्रिकापण—तद्भूताः। ... ... वा तद्रूपा ।।

कुमारपाल

गुजरातनो प्रसिद्ध चौलुक्यवंशीय राजा (स ११९९–१२२९ वि स ११४२–११७३) जैनधर्म प्रत्येनु एनुं वलण जाणीतुं छे कुमारपालना वहेन अने बनेवी एकवार चूत रमतां हतां तेमां बनेवीए 'मुंडियाने मार' एम कहीने जैन साधुनी मश्करी करी हती एमांथी घोर वेरनां बीज ववायां हतां

१ भाग८, पृ. ११५.

कुम्भकारकट

चंपानगरीना (कटकाकना मत मुजब, श्रावस्तीना) स्कन्दक राजाए पोतानी बहेन पुरंदरयशा कुंभकारकटना राजा दंडकी साथे परणावी हती. केटलाक समय पछी स्कन्दके दीक्षा लीधी अने विहार करतां ते कुमकारकट आई पहोंच्या, त्यां दंडकीना आदेशथी एनो वध करवामां आव्यो. स्कन्दक मरीने अग्निकुमार देव थयो अने तेणे आखुं ये नगर बाळीने भस्म करी नाख्युं. आम कुंभकारकट नगरने स्थाने अरण्य थयुं अने दंडकना नाम उपरथी दंडकारण्य तरीके ओळखायुं '

दक्षिण गुजरातमां डांगथी शरू थता अने गोदावरी नदीनी आसपास सुधी विस्तरेला अरण्यने दंडकारण्य गणवामां आवे छे वळी कुंभकारकटने अंते आवतो 'कट' पदान्त नोंधपात्र छे जो के जैन संस्कृतमां ए प्रयोगाय छे अने प्राकृतमां एनुं 'कड' एवुं रूप अपाय

छे, छतां मूळे ते सस्कृत 'कृत'मांथी व्युत्पन्न थयेल छे. प्राचीन अने मध्यकालीन भारतमां संख्याबंध नगरोनां नामने अंते 'कट' पदान्त मळे छे, जेमके कोपकट,[2] भोगकट,[3] वशकट,[4] वेणाकटक,[5] इत्यादि पंचासरना जयशिखरी उपर आक्रमण करनार भुवड कल्याणकटकनो राजा हतो ए जाणीतु छे. ओरिसाना पाटनगर 'कटक'नुं नाम आवी रीते मूळ कोई आखा नामनो सक्षेप हशे–जेम 'अणहिलवाड पाटण'नो सक्षेप 'पाटण' छे तेम जावा वगेरे भारतनी प्राचीन वसाहतोमां 'जोग्यकर्त,' 'जकर्त' वगेरे नगरोमां नामोने अंते 'कर्त' पदान्त छे, ए संस्कृत 'कृत'मांथी छे,[6] जेमांथी उपर्युक्त 'कट' पण व्युत्पन्न थयेलो छे. गुजरातनां 'कडु' 'कडी' वगेरे स्थळनामोनी व्युत्पत्ति आ रीते कृतकम्7 7कटकम्7कडउ7कडु तथा *कृतिका7कडिआ7कडी एम साधी शकाय. सस्कृतमा 'कटक'नो एक अर्थ 'सैन्यनी छावणी' एवो थाय छे, ए आ साथे सरखावी शकाय जो के त्या पण ए शब्द प्राकृतमांथी संस्कृतमा लेवामा आव्यो होय ए ज संभवित छे

जुओ **दण्डकारण्य**

१ बृकमा, गा ३२७४, उचू, पृ ७३, उने, पृ. ३६, उशा, पृ ११४–१६, निचू, पृ १११३.

२ कवी, पृ ११८

३ उशा, पृ ८५

४ 'गुजरातना ऐतिहासिक लेखो,' भाग १, न. ५४, ६०, ८८

५ 'तंत्रोपाख्यान,' पृ १२, 'पचतत्र' (अनुवाद), उपोद्घात, पृ. ३९

६ चेटरजी, 'इन्डो-आर्यन ॲन्ड हिन्दी,' पृ ६९

कुम्भकारप्रक्षेप

वीतभय नगरनु बीजुं नाम ए सिनवल्लीमां आवेलुं हतु. सिन्धु-सौवीरनो उदायन राजा जे साधु बनी गयो हतो तेणे ——

कुंभकारना घरमां निवास कर्यो हतो. राजाना माणेज केशीए एने झेर आपी मारी नाख्यो हतो, आथी देवोए धूळवर्षा पेदा करी आखा नगरनो नाश करी नाख्यो एमांथी एक मात्र कुंभकारनुं घर ज बच्युं त्यारथी ए स्थळ कुंभकारप्रक्षेप (प्रा कुम्भयारपक्खेव) तरीके प्रसिद्ध थयुं १

'जातक' (नं ४६३)मां रेतीना तोफानथी कुंभवती नगरीनो नाश थयानो उल्लेख छे ते उपर्युक्त कथानक साथे सरखावी शकाय

जुओ उदायन, वीतभय नगर अने सिनपल्ली

१ आव. उत्तर भाग पृ. ३७

कुवलयमाला कथा

दाक्षिण्यांक उद्योतनसूरिए शक सं. ६९९ (ई स ७७७)ना छेल्ला दिवसे जाबालिपुर (जालोर)मां रचेली विस्तृत प्राकृत धर्मकथा भारतना बीजा प्रदेशोना वासीओनी जेम लाटवासीओ अने गुर्जरोनी भाषानी लाक्षणिकता पण एमां सूचनरूपे वर्णवेली छे जे खास तो एनी प्राचीनताने कारणे नोंधपात्र छे

अभयदेवसूरिए 'कुवलयमाला कथा'ना महेन्द्रसिंह नामे एक पात्रनो 'स्थानांगसूत्र' वृत्तिमां निर्देश कर्यो छे २

१ जुओ वसन्त रजत महोत्सव स्मारक ग्रन्थ मां आचार्य जिनविजयजीनो लेख 'कुवलयमाला' [illegible] एक जैनकथा.

२ सोवीरो य सोवीरराया [illegible] एष सामन्तयेन कथ्यते पुत्रवत् प्रतिपन्नो यथा कुवलयमालाकथायां महेन्द्रसिंहाभिधानो राजपुत्र इत्यादि स्थानांगसूत्र पृ ५११

कुशावर्त

जैन. सत्तुभेद, विहार कल्प, बोल्प साडीपचीस देशो—आर्यक्षेत्र—मांहेना एक देश जेनुं पाटनगर शौरिपुर हतुं १

'वसुदेव-हिंडी'ना कथन प्रमाणे आनर्त, कुशावर्त, सुराष्ट्र अने शुक्रराष्ट्र ए चार जनपदो पश्चिम समुद्रने किनारे आवेला हता, अने ए जनपदोनी प्रधान नगरी द्वारवती हती[२] हवे, प्राचीनतर शौरिपुर यमुना नदीना किनारे हतुं अने शौरि राजाए पोताना नाना भाई सुवीरने ते सोंपीने पश्चिममा कुशावर्तमा जईने शौरिपुर नामे नगर वसाव्यु हतुं अने यादवो पण जरासंधना भयथी पश्चिममां, द्वारवतीमा जईने वस्या हता[३] आ उपरथी अनुमान थई शके के कुशावर्त तेम ज शौरिपुर बे हता–एक उत्तरमा अने बीजुं पश्चिममा. स्थळान्तर कर्या पछी नवा स्थानोने जूनां नामो आपवानु जातिओनुं वलण जाणीतुं छे.

१- वृकभा तथा वृकक्षे, भाग ३, पृ ९१२–१४, सूकृशी, पृ १२३.

२ 'वसुदेव-हिंडी' (मूल), पृ ७७, अनुवाद, पृ ९२

३ जुओ **शौरिपुर**

कृष्ण वासुदेव

जैन पुराणकथा प्रमाणे, नव वासुदेवो पैकीना छेल्ला–नवमा वासुदेव, यादवोना नेता, बावीसमा तीर्थंकर नेमिनाथना काकाना दीकरा भाई एमने माटे देवोए पश्चिम समुद्रने किनारे द्वारवती नगरी वसावी हती कृष्ण वासुदेवनो प्रतिवासुदेव जरासंध हतो प्रद्युम्न, सांब, भानु, सारण, जालि, मयालि, उवयालि, पुरुषसेन, वीरसेन आदि कृष्णना पुत्रो हता

श्रीकृष्णनु संपूर्ण चरित्र आगमसाहित्यना एके ग्रन्थमा नथी 'त्रिषष्टिशलाकापुरुषचरित्र' जेवा ग्रन्थना 'नेमिनाथचरित्र'माथी तथा अन्य नेमिनाथचरित्रोमाथी तेम ज दिगंबर परंपराना पण ए प्रकारना ग्रन्थोमाथी जैन परंपरा अनुसारनं एमनं चरित्र [illegible]

शके एम छे आगमसाहित्यमां तो कृष्ण विशेनां सम्यार्थम प्रासंगिक कथानको अने प्रसंगोपात्त उल्लेखो मात्र प्राप्त थाय छे[1]

१ ज्ञाता अध्य १६ आव॰ उत्तर भाग पृ. १६-१८ आम पृ. १५६-५९ अंत वर्ग १ ५ पृ पृ ४१ ४२ ... ... ११[1] ... ... १७८ ... पृ. ११८ ... पृ. ५ १४-१५ ११७-४१ ... पृ. १६, १२ -२१ ... पृ. ८ ११ १६१-७ ... ... १७ ७ -७१ १६६-४१४ ... पृ १४-१५, पाम पृ. १७ इत्यादि. कृष्णना केटलाक संबंधीओनां चरित्र माटे जुओ अह.

केशी

सिन्धु-सौवीरना राजा उद्रायणनो भाणेज उदायने महावीर पास दीक्षा लीधी त्यारे पोताना पुत्र अभीचि प्रत्यनी श्रेयबुद्धिथी तेने गादी नहि आपतां केशीने आपी हती पण पाछळथी केशीए उद्रायणने झेर आपीने मारी नाख्यो हतो[1]

जुओ अभीचि अने उदायन

१ भग॰ शतक १३ उद्दे॰ ६ अने पृ. ५५२-५५, ... पृ. ५८७ आव॰ उत्तर भाग पृ. ३६-३७

कोकास

एक निष्णात यांत्रिक सोपारकना एक रथकारनी दासीमां ब्राह्मणथी उत्पन्न थयेलो ते पुत्र हतो रथकारनी बधी विद्या तेणे शीखी लीधी हती एक वार सोपारकमां दुष्काळ पडतां ते उज्जयिनी आव्यो. ए वखते पाटलिपुत्रनो राजा जे काकवर्ण नामथी ओळखातो हतो, तेणे उज्जयिनी कबजे करी हती राजाने पोताना आगमननी जाण कराववा माटे कोकासे यंत्रकपोतो तैयार करावीने तेमनो द्वारा राज महेलमांथी गंधशालि अर्थात् ऊंची जातनी डांगर मेळवी राजाए कोकासने बोलाव्यो तथा तेना वृत्ति बांधी आपीने यांत्रिक गरुड तैयार कराव्यो. कोकास वडे हंकारातां ए गरुड उपर बेसीने राजा देवीनी

साथे आकाशमां फरतो. पछी बधा राजाओने पण तेणे आ रीते पोतानो प्रभाव बतावीने वश करी लीधा.

हवे, एक वार राजानी बीजी एक इर्ष्यालु राणीए यंत्रने पाछुं लाववा माटेनी खीली काढी नाखी. गरुड आकाशमां ऊडच्। पछी आ वातनी राजाने खबर पडी कलिंगदेशमां ऋषिप्राणित तळाव आगळ जोरथी ऊडता गरुडनी पाख भांगी गई, अने सौ नीचे पडयां. गरुडनी पांख सांधवा माटे सामग्री मेळववा माटे कोक्कास नीकळयो अने एक रथकार पासे जईने तेणे एनां उपकरणो माग्यां रथकार उपकरण लेवा गयो, एटलामां तो कोक्कासे तेना रथनुं चक्र तैयार करी आप्युं आ निपुणता उपरथी रथकारे अनुमान कर्युं के आ ज कोक्कास होवो जोईए तेणे जईने पोताना राजाने खबर आपी राजाए कोक्कासने तथा काकवर्ण राजा अने तेनी देवीने पकडयां. पछी कलिंगना राजाए कोक्कास पासे पोताने माटे अने पोताना पुत्र माटे प्रासाद तैयार कराव्यो. आ पछी कोकासे काकवर्णना पुत्रने पत्र लख्यो के 'हुं कलिंगना राजाने मारुं एटले तु मने अने तारां मातापिताने छोडाव' आ माटेनो नियत दिवस पण तेणे पत्रमां लख्यो. ए दिवसे कलिंगनो राजा पुत्र सहित प्रासादमां प्रवेश्यो, एटले कोकासे यंत्रनी खीली दबावता पुत्रसहित राजा मरण पाम्यो काकवर्णना पुत्रे नगर कबजे कर्युं तथा मातापिताने अने कोक्कासने छोडाव्यां.'

कोक्कासनु कथानक आगमेतर साहित्यमां सौथी प्राचीन स्वरूपे 'वसुदेव-हिंडी'मा छे. बाल्यावस्थामा ते खांडणिया पासे बेसतो अने डागरनी कुसकी ('कुक्कुसे') खातो, तेथी एनुं नाम कोक्कास पडयुं, एम 'वसुदेव-हिंडी'[१] नोंधे छे जो के उपर्युक्त कथानक साथे तुलना करता एना प्रसंगोमां कईक फेर मालूम पडे छे 'आवश्यक चूर्णि'-वाळा कथानकमा यांत्रिक गरुड कलिंग देशमा ऋषिप्राणित तळाव आगळ ऊतरे छे, ज्यारे 'वसुदेव-हिंडी'मा कोकासे बनावेला वायुयानने

चोखा मुख्य खोराक छे ए वस्तु आपणे ध्यानमां राखवी जोईए. कोंकणादि देशोमां गिरियज्ञ नामनो उत्सव दररोज संध्याकाळे थाय छे.[५] त्यां पाणीने 'पिच्च' कहेवामां आवे छे[६] संख्याबंध अर्वाचीन भारतीय भाषाओना 'पिचकारी,' 'पिच(क)दानी' जेवा शब्दोमांना 'पिच' अंगनुं संतोषकारक निर्वचन संस्कृतद्वारा थतुं नथी, एनो संबंध आ 'पिच्च' साथे हशे. संभव छे के रवानुकारी लागतो ए शब्द मूळे कोई आर्येतर भाषामांथी होय

कोंकणदेशोद्भव पुरुषो सह्य पर्वत उपरथी गोळ, घी, घउं, तेल, वगेरे माल उतारे छे अने त्यां चढावे छे[७] कोंकणदेशमां भारे वरसादने कारणे जैन साधुने छत्री राखवानी पण अनुज्ञा आपवामां आवेली छे[८] कोंकणनी नदीओमा तीणा पथ्थरो होवाने कारणे एमां चालवुं कष्टदायक छे.[९]

कोंकणने एक स्थळे 'असंदीनद्वीप' अर्थात् समुद्रनो भरतीथी परिप्लावित न थई जाय एवो प्रदेश कहेवामा आव्यो छे[१०]

'कोंकणार्य' अथवा 'कोंकणकक्षान्त'—कोंकणवासी साधुनु दृष्टान्त अनेक स्थळे आवे छे दीक्षा लीधा पछी पोताना पुत्रादि माटे तेओ चिन्ता करता हता, एमने आचार्ये समजाव्या हता.[११] एक कोंकणवासीनी पत्नी मरण पामी हती, परन्तु एने एक पुत्र होवाथी फरी वार लग्न माटे कन्या मळती नहोती, आथी तेणे पोताना पुत्रने कपट करी बाणथी वींधीने मारी नाख्यो हतो,[१२] एवी पण एक कथा छे. एक कोंकणवासी श्रावकना आदर्श सत्यभाषणनु दृष्टान्त 'आवश्यक चूर्णि'मां छे, जेमा तेणे पोताना पितानी सामे ज साक्षी पूरी हती

१ जुओ **कोङ्कणक**

२ बृकक्षे, भाग २, पृ. ३८४ वळी जुओ त्यां टिप्पणमा चूर्णि अने विशेषचूर्णिमाथी आपेलुं अवतरण.

३ आची. पं. ५१ टबैच . प . ३१८

कोटयाचार्य

जिनभद्रगणिकृत 'विशेषावश्यक भाष्य'ना विवरणकार. एमने 'आचारांग,' 'सूत्रकृतांग' आदि उपर वृत्तिओ लखनार शीलाचार्यथी अभिन्न गणवामां आवे छे.

जुओ शीलाचार्य

कोरण्टक उद्यान

भरुकच्छनु एक उद्यान. वीसमा तीर्थंकर मुनिसुव्रतस्वामी त्या घणी वार समोसर्या[1] हता. कोरटक आदि उद्यानोमां जईने देवतानी समक्ष आलोचना करी प्रायश्चित्त लेवानुं विधान छे.[2] वादी देवसूरिकृत 'स्याद्वादरत्नाकर'ना मंगलाचरण उपरथी जणाय छे के आ उद्यान भरुकच्छना ईशान खूणे आवेलुं हतुं.

कोरट अथवा कोरंटक एक वनस्पतिविशेष छे अने प्राकृत साहित्यमां एना उल्लेखो छे (जुओ 'पाइअ सद्द महण्णवो'). हेमचन्द्रना 'निघंटुशेप'मां गुल्मकांडमां, नरहरिकृत 'राजनिघंटु'मा तेम ज अन्य निघंटुओमां तेनो 'कुरंटक' तरीके उल्लेख छे आ 'कोरंटक' के 'कुरटक'ने गुजरातीमां 'कांटासेरियो' कहे छे एनी जुदी जुदी चार जातो छे.[3] 'निघंटु आदर्श'ना कर्ता श्री. बापालाल ग वैद्य ए विशे ता १४-१२-५० ना पत्रमां मने लखे छे "आप कोरंटक नामे उद्याननी वात करो छो ए मारे माटे नवी माहिती छे, परन्तु आवो उद्यान होय तो नवाई जेवुं न कहेवाय. आ छोड अने तेमां ये एनी चारे जातो उद्यानमां होय तो एनुं दृश्य खरेखर रमणीय लागे तेवुं छे ज परन्तु आ छोड छे. बहु सारुं पोपण मळे तो गुल्मनी कोटिमां आवे, परन्तु वृक्ष तो आ नथी ज—सघन छायादार वृक्ष तो नथी ज परन्तु भरूचना ईशान खूणामा कोरटक नामे उद्यान हतो ए माहिती मने खूब ज गमी छे. उद्यानमां बीजा वृक्षो तो होय ज, परन्तु आ

कमनीय छोडोए कोई रसिक कवि के चीत्तानी दृष्टि खेंची लागे छे अने एटले ज आ नाम उद्यानने आप्यु लागे छे"

१ तीर्थंकरना महाधर्मक आगमन माटे प्रवेशमां विभागद 'समोसरण' अथे गाम समोसरण छे ए जैन पारिभाषिक शब्द छे एनी व्युत्पत्ति संस्कृत सम् + अव + सृ उपरथी छे

१ श्रमण विभाग १ पृ ११७

१ त्रिषष्टि आदर्श उत्तरार्ध पृ. ११६-२४

कोसुंबारण्य

एक अरण्य, ज्यां जराकुमारनुं बाण वागवाथी कृष्ण वासुदेव मरण पाम्या हता.

द्वैपायन नामे परिव्राजक के जेने शांब आदि सुरामत्त यादवकुमारोने हाथे मरण पामी अग्निकुमार देव थयो हतो तेणे द्वारकानुं दहन कर्यां पछी बलराम अने कृष्ण सुराष्ट्र देश छोडीने पांडवो पासे दक्षिण मथुरा तरफ जता हता द्वारकाथी पूर्व तरफ नीकळी तेओ हस्तिकल्प नगरमां आव्या, त्यांना राजा अच्छदंतने हरावी दक्षिण तरफ जतां तेओ कोसुंबारण्य (प्रा कोसुंबारन्न) नामे अरण्यमां आव्या. त्यां कृष्णने तरस लागतां बलदेव पाणी लेवा गया, ए समये कृष्णना मोटा भाई जराकुमार, जेओ एमने हाथे कृष्णनुं मरण थशे एवी भविष्यवाणी नेमिनाथे भाखी होवाने कारणे द्वारकानो त्याग करीने अरण्यमां वसीने रह्या हता ते शिकारीरूपे आव्या अने ढींचण उपर एक पग राखीने सूतेला वासुदेवने मृग धारी तेमना पग उपर मर्मस्थाने बाण मारी तेमना मृत्युनुं कारण बन्या

हस्तिकल्प ए भावनगर पासेनुं हाथब होवा संभव छे कोसुंबारण्य ए उपर्युक्त वर्णन प्रमाणे सुराष्ट्रमांथी दक्षिण तरफ जतां आवे छे अने दक्षिण गुजरातमां आवेला कोसंबा आसपासनो विस्तार जे आजे पण गुजरातनो समृद्ध अरण्यप्रदेश छे ते ज ए होई शके

भरुकच्छथी दक्षिणापथ जवाना मार्गमां 'भल्लीगृह' नामथी ओळखातुं एक मन्दिर हतुं अने एमां भल्ली-बाणथी वींधायेला पगवाळी कृष्ण वासुदेवनी मूर्ति हती, एम 'निशीथचूर्णि' नोंधे छे, तेथी आ विधानने सबळ अनुमोदन मळे छे[3]

वळी आर्य महागिरि अने आर्य सुहस्ती एक वार विहार करता 'कोसबाहार'मां आव्या हता, एम संप्रति राजाना पूर्वजन्मना वर्णन-प्रसंगमा 'निशीथचूर्ण' (भाग २, पृ ४३७) नोंधे छे.[4] पण अहीं 'कोसबाहार' ए 'कोसबी आहार'–'कौशांबी आहार'नो अपभ्रष्ट पाठ छे, अने उपर्युक्त गुजरातना कोसंबा साथे एने संबध नथी, एम 'बृहत्कल्पसूत्र' (क्षेमकीर्तिनी वृत्ति, भाग ३, पृ ९१७–२१), 'परिशिष्टपर्व' (सर्ग ११) आदि ग्रन्थोमांना वर्णननी एनी साथे तुलना करता जणाय छे.

१ उने, पृ ४०–४१, वन्ह, पृ ६७–६९. वळी जुओ अद, पृ. १५–१६, स्यासूअ, पृ ४३३. अदमा आ स्थाननु नाम 'कोसबवणकाणण' (= कोसाबवनकानन) अने स्यासूअमा 'कोशावकानन' आप्यु छे

२ जुओ **हस्तिकल्प**

३ जुओ **भल्लीगृह.**

४ अन्नया ते दो वि विहरता कोसंबाहार गता । निचू, 'भाग २, पृ. ४३७

कौमुदिका

कृष्ण वासुदेवनी एक भेरी (.प्रा कोमुइआ) सामुदायिक उत्सवोनी घोषणा करवाना प्रसंगे वगाडवातुं ए उत्सववाद्य हतु[1]

पुराणोमा चतुर्भुज विष्णुना आयुधो पैकी एक कौमोदकी गदा छे, ए अहीं नोंधवुं जोईए

१ ज्ञाध, पृ १००–१०१, ज्ञाधअ, पृ १०१.

क्षेमकीर्ति

वृद्ध तपागच्छना स्थापक विजयचन्द्रसूरिना त्रण शिष्यो—वज्रसेन, पद्मचन्द्र अने क्षेमकीर्ति नामे आचार्यो हता ए पैकी क्षेमकीर्तिए 'बृहत् कल्पसूत्र' उपरनी वृत्ति जे पूर्वकालीन आचार्य मलयगिरिए अधूरी मूकी हती ते[1] सं १३३२ (ई स १२७६)मा वर्षमां पूर्ण करी ए वृत्तिनो प्रथमादर्श नयप्रभ आदि साधुओए लख्यो हतो[2]

१ जुओ मलयगिरि

२ जुओ विभाग ६ पृ १७१–१२ प्रशस्ति.

क्षेमपुरी

सुराष्ट्रनुं एक नगर त्यांना श्रावक राजा ताराचन्द्रना कुमार नरदेवनी धर्मकथा 'कल्पवृत्ति'मां छे[1]

क्षेमपुरीनो स्थाननिर्णय थई शक्यो नथी

१ क्षेमपुर्यां सुराष्ट्रासु ताराचन्द्रस्य भूभुजः ।
धर्मेण धर्मनामस्य प्रिया पद्मावतीत्यभूत् ॥
प्रजायेतां तयोः पुत्रौ [illegible] ।
तत्राद्यो नरदेवाख्यो देवचन्द्रो द्वितीयकः ॥ क. पृ. ४९

खण्डकर्णा

उज्जयिनीना राजा प्रद्योतनो मंत्री. एक सहस्रयोधी भट प्रद्योतना दरबारमां आव्यो हतो अने पोतानी सेवा बदल एक हजार योद्धाओने अपाय एटलु वेतननी तेणे मागणी करी हती खंडकर्णनी सूचनानुसार एना साहसनी परीक्षा कर्या पछी एनी मागणी मुजब वृत्ति बांधी आपवामां आवी हती.

१ व्यव, विभाग ३ पृ. ११

खपुटाचार्य

एक प्रभावक आचार्य 'आवश्यकसूत्र'नी चूर्णि अने वृत्तिमां

प्राप्त थता एमना वृत्तान्तनो सार आ प्रमाणे छे : खपुटाचार्य एक विद्यासिद्ध आचार्य हता तेमनो एक भाणेज तेमनो शिष्य हतो. ते सांभळवा मात्रथी विद्याओ शीखी जतो हतो. हवे, गुडशस्त्र नगरमा एक बौद्धाचार्य जैन साधुओ वडे वादमां पराजित थया पछी काळ करीने वृद्धकर नामे व्यंतर थयो हतो, ते साधुओने उपद्रव करतो हतो आथी खपुटाचार्य पोताना भाणेज शिष्यने भरुकच्छमां बीजा साधुओ पासे राखीने गुडशस्त्रमा गया. त्यां यक्षना मन्दिरमां प्रवेशी वस्त्र ओढी सूई गया. पूजारी आव्यो, पण तेओ ऊठ्या नहि पछी राजानी आज्ञाथी तेमना उपर अनुचरो लाकडीओनो प्रहार करवा मंडचा, तो ए प्रहारो ऊलटा अंत पुरमांनी राणीओने वाग्या आथी राजा आचार्यने करगरवा लाग्यो पछी आचार्य ऊठीने चाल्या अने यक्ष तथा बीजी मूर्तिओने पोतानी पाछळ चालवा कह्युं, एटले ते पण चालवा मांडी. बे मोटी पाषाणनी कूंडीओने पण ए रीते पाछळ चलावी. गामना सीमाडे आवीने यक्ष अने बीजा व्यंतरोने मुक्त कर्या, एटले तेमनी मूर्तिओ पोतपोताने स्थाने गई, परन्तु बे कूंडीओ त्या ज रहेवा दीधी

बीजी बाजू, आचार्यने खबर पडी के तेमनो शिष्य–भाणेज विद्याप्रभावथी श्रावकोने घेरथी स्वादिष्ठ खोराक आकाशमार्गे ऊडतां पात्रोमां मगावीने खाय छे तथा बौद्धोमां भळी गयो छे भरुकच्छना संघ तरफथी पण आचार्य उपर संदेशो आव्यो आचार्य भरुकच्छ गया पेलां ऊडतां पात्रोनी आगळ तेमणे एक शिला गोठवी, एटले बधां पात्रोनो तेनी साथे अथडाईने भूको थई गयो, अने शिष्य डरीने नासी गयो पछी आचार्य बौद्धो पासे गया बौद्धोए तेमने कह्युं के 'भगवान बुद्धने पगे पडो ' त्यारे आचार्य बोल्या, "आव वत्स, शुद्धोदनसुत ! मने वंदन कर !' एटले बुद्धनी मूर्ति तेमने पगे पडी त्या द्वार आगळ एक स्तूप हतो तेने पगे पडवा कह्यु, एटले ते पण नमी

पड्यो पछी बुद्धनी मूर्तिने ऊठवा कह्यु, एटले ते अर्धनत अवस्थामां रही, अने 'निर्ग्रन्थनामित' एवा नामथी प्रसिद्ध थई

'प्रभावकचरित' ना 'पादलिप्तसूरिचरित'मां खपुटाचार्यनो वृत्तान्त आप्यो छे त्यां तेमने भृगुकच्छना राजा बलमित्र—भानुमित्र तथा कालकाचार्यना समकालीन कह्या छे ' ए उल्लेखन जो ऐतिहासिक वस्तुसूचक गणीए तो, कालकाचार्य विशेनो मुनि कल्याणविजयनो समय निर्णय ध्यानमां लेता, तेओ वीरनिर्वाण पछी चोथा सैकामां थयेला गणाय 'प्रभावकचरित' अनुसार, बौद्धोए भृगुकच्छना अश्वावबोध तीर्थनो कबजो लई लीधो हतो ते तीर्थ खपुटाचार्ये विवादमा पाछेमी दूध मुकाबलामां आवे तेम ' छोडाव्युं हतुं ' 'आवश्यकसूत्र'नी चूर्णि अने वृत्तिमां बौद्धोना खपुटाचार्ये करेला पराजयनो जे निर्देश छे ते अश्वावबोधतीर्थ विशेनो हशे ' वळी 'प्रभावकचरित' कहे छे के आर्य खपुटनी पाटे तेमना शिष्य उपाध्याय महेन्द्र थया हता अने अश्वावबोधतीर्थमां तमनी परंपरा हजी पण (एटले के 'प्रभावकचरित'ना रचनाकाळ सं १३३४—नें सं १२७८ मां) विद्यमान छे

उपर्युक्त परंपरागत वृत्तान्तोमांथी चमत्कारनुं तत्त्व बाद करीए तो पण स्पष्ट छे के खपुटाचार्यनो विहारप्रदेश मुख्यत्वे लाट आसपासनो हतो, भरूचमां ए काळे बौद्धो अने जैनोनी मोटी वसती हती तथा तेमनी वच्चे स्पर्धा चालती हती एक बौद्ध स्तूप पण भरूचमां हतो, खपुटाचार्यनो एक शिष्य बौद्धो साथे भळी गयो हतो, बौद्धोए आचार्यनी गेरहाजरीमां जैनोना अश्वावबोध तीर्थनो कबजो लई लीधो हतो, पण आचार्ये युक्तिप्रयुक्तिथी बौद्धोने दूर कर्या हता अने पोतानी धर्मपरंपरा त्यां पुनःस्थापित करी हती.

१ भाग् ए१ भाग पृ. ५४१—४१ भाग पृ. ५५४ तुलना

(गा ५५९३) तथा गी (भाग ५, पृ १४८०) मां 'द्विपावली' तरीके खपुटाचार्यनो उल्लेख छे

२ प्रच, ५–श्लो १८३–४६. जुओ बलमित्र-भानुमित्र अने कालकाचार्य

३ प्रच, ५–श्लो २२८

४ शकुनिकाविहार, जेना उपर वस्तुपाल-तेजपाले सुवर्णना ध्वजदंडो कराव्या हता ते, अश्वावबोधतीर्थनो ... (जुओ ए प्रसंगना स्मारकरूपे रचायेली जयसिंहसूरिनी 'वस्तुपाल-तेजपालप्रशस्ति'). शकुनिकाविहारनी पाछळथी मस्जिद बनी गई छे, पण एनु आलेखन करता शिल्पो आबु उपरना तेजपालना मन्दिरमा छे (अश्वावबोधतीर्थ तथा शकुनिकाविहारना परपरागत इतिवृत्त तथा ए शिल्पोना चित्र माटे जुओ मुनि जयन्तविजयजीकृत 'आबु,' पृ १०९–१५ वळी 'त्रिषष्टिशलाकापुरुषचरित्र' पर्व ७, तथा 'विविधतीर्थकल्प' मां 'अश्वावबोधकल्प')

५ टि ४ मा निर्दिष्ट जयसिंहसूरि (ई स नो तेरमो सैको), जेओ आ तीर्थमा आवेला मुनि सुव्रतचैत्यना अधिष्ठायक हता तेओ खपुटाचार्यनी परपरामां थयेला होवा जोईए

खेट

[१] जेनी आसपास धूळनो प्राकार होय एवा गामने खेट अथवा खेड कहेवामा आवे छे.[1]

[२] समय जता 'खेट' ए सामान्य नाममाथी विशेष नाम बनी गयुं. संख्याबंध टीकाग्रन्थोमां मळता एक कथानक प्रमाणे, खेटनो वतनी रुद्र नामे ब्राह्मण खेतर खेडतो हतो त्यारे तेनो एक बळद गळियो थई जवाथी तेणे बळदने निर्दयपणे मार मार्यो अने परिणामे बळद मरण पाम्यो, आथी तेनी ज्ञातिए तेने पंक्ति बहार कर्यो हतो[2]

आ खेट अथवा तेनो तद्भव शब्द जेना नाममां अगभूत होय एवां गामो अनेक स्थळे छे, जेमके गुजरातना खेडा,[3] खेडब्रह्मा, संखेडा, चानखेडा,

आदि महाराष्ट्रनां खेडेगाम, आदि आवी उपर्युक्त कथामांनु 'खेट' कयु गाम हशे ए कही शकाय नहि 'उत्कट खेडे वाग्यो ढोल' ए अखानी पंक्तिमां तथा 'उत्कट खेडा करी मसे निर्धनियां धन होय' ए सुभाषितमां 'खेडु' शब्द 'गामडा'ना अर्थमां छे मराठी 'खेडें,' तथा हिन्दी-पंजाबी 'खेडा' पण आ ज अर्थमां छे

१ पोड्डमम्मारम्भ खेड आदी पृ २५८ पूरुप्रकारोपेत खेट एक पृ. १९९ ग्य प्रकारना बीजा उल्लेखो माटे जुओ उदा पृ ६ ५ शासन पृ ५५ १४ वृहमा तथा बृहत्ते भाग १ पृ. १४१ इत्यादि

२ कयु पृ. ५ ५-८६ वळि, पृ. १९९ वळी पृ. २१ वळी पृ २३४

३ खेडा माटे जुओ पुष्ट मां खेटक

खेट आहार

खेटकाहारनो उल्लेख वलभीनां दानपत्रोमां अनेक वार आवे छे गुजरातना खेडा आसपासनो ए प्रदेश हतो आहार ए एक महोटी एकम छे वळी वलभीना लेखोमां आहार अथवा आहरणीनो उल्लेख पर्याप्त तरीके करेलो जणाय छे (जुओ हस्तकल्प टि. ६) 'आवश्यकचूर्णि' उत्तर भाग पृ १५२-५३ मां मरुकच्छ आहरणी'नो निर्देश छे ते आ दृष्टिए रसप्रद छे अहण भरूनो सहायक कनही मल्ल मरुकच्छ आहरणीना एक गामनो ('भरुकच्छाहरणीए गामे') हतो एम त्यां कह्युं छे उत्तराध्ययन'नी शान्तिसूरिनी (पृ १९२) तथा नेमिचन्द्रनी वृत्ति (पृ ७९)मां 'मरुकच्छहरणीगामे' एवो पाठ छे ते देखीती अशुद्धि छे

धान्य इन्धनादि पूरां पाडवा वडे जे प्रदेश ए नगरने माटे उपभोग्य बन ते एनो आहार गणाय एवो निर्देश आगमसाहित्यमां

छे आहारना उदाहरण तरीके मधुराहार, मोडेरकाहार, खेटाहार वगेरे आपेलां छे[2]

1 पुष्ठ, पृ ७१

२ क्षेत्राहारस्तु यस्मिन् क्षेत्रे आहार पियत उत्पद्यते व्याख्यायते (?) यदि वा नगरस्य यो देशो धान्येन्धनादिनोपभोग्य स क्षेत्राहार, तद्यथा —मथुराया समासन्ना देश परिभोग्यो मथुराहारो मोढेरकाहार खेटाहार इत्यादि, सूत्रशी, पृ २४३; खेत्ताहारो जो जस्स णगरस्स आहारो, आहार्यत इत्याहार, विसओ आहारोत्ति उच्चति, जहा मधुराहारो खेडाहारो, सूत्रचू, पृ ३७६ सूत्रकृतमां 'आहार' अने 'विषय' ने पर्याय गण्या छे ए सूचक छे

गजसुकुमाल

कृष्ण वासुदेवना नाना भाई तेमना लग्न द्वारकाना सोमिल नामे एक ब्राह्मणनी पुत्री साथे नक्की थया हता, पण गजसुकुमाले तीर्थंकर नेमिनाथनो उपदेश साभळीने दीक्षा लीधी, अने रात्रे स्मशानमां जई कायोत्सर्ग ध्यानमां रह्या. आ वातनी सोमिल ब्राह्मणने खबर पडता तेने गजसुकुमाल उपर घणो क्रोध चढ्यो अने रात्रे स्मशानमां जई गजसुकुमालना माथा उपर बळता लाकडा मूकीने तेणे तेमनो वध कर्यो. ए समये शुक्ल ध्यानमां रहेला गजसुकुमालने केवल ज्ञान थयुं श्रीकृष्णने आ वातनी खबर पडतां तेमणे सोमिल ब्राह्मणने देहान्त दंड कर्यो[1]

१ अंद पृ ५-१४, आचू, पूर्व भाग, पृ ३५५-५६, आम, पृ ३५६-५९ गजसुकुमाल विशेना प्रासगिक उल्लेखो माटे जुओ बृकभा, गा ६१९६ तथा बृकक्षे, भाग ६, पृ. १६३७, व्यभ, विभाग ४, पेटा विभाग १, पृ २८, इत्यादि

गजाग्रपद

दशार्णपुर पासेना दशार्णकूट पर्वतनुं आ बीजुं नाम छे एक वार त्या महावीर स्वामी समोसर्या त्यारे इन्द्रे ऐरावत उपर बेसीने,

१ शस्त्रपरिज्ञाविवरणमतिगहनमितीव किल वृतं पूज्यैः ।
श्रीगन्धहस्तिमिश्रैर्विवृणोमि ततोऽहमवशिष्टम् ॥ आशी, पृ ७४

२ यदाह तत्त्वार्थमूलटीकाकृद् गन्धहस्ती, जप्रशा, पृ ३८६

३ जीकभा, पृ ११

४ उशा, पृ ५१९, आहे, पृ १११

५ 'सन्मतितर्क,' प्रस्तावना, पृ ५९

६ एज, पृ. ५९–६०

गम्भूता

उत्तर गुजरातमा पाटण पासेनुं गांभू गाम त्यां रहीने शीलाचार्ये 'आचारांगसूत्र'नी वृत्ति रची हती[1]

जुओ **शीलाचार्य**

१ आशी, पृ २८८

गर्दभ

उज्जयिनीना यव राजानो युवराज. एणे पोतानी बहेन अडोलिकाने विषयसेवन माटे भोंयरामां पूरी हती.[1]

कालकाचार्यनी बहेन सरस्वतीनुं अपहरण करनार उज्जयिनीना राजा गर्दभिल्लनुं आ स्मरण करावे छे गर्दभ अने गर्दभिल्ल एक ज जणाय छे

जुओ **कालकाचार्य** अने **गर्दभिल्ल**

१ बृकक्षे, भाग २, पृ ३५९

गर्दभिल्ल

उज्जयिनीनो राजा एणे कालकाचार्यनी बहेन सरस्वतीनु अपहरण कर्युं हतुं, तेथी कालकाचार्ये शकोने बोलावी गर्दभिल्लनो उच्छेद कर्यो हतो.

जुओ **कालकाचार्य** अने **गर्दभ**

९

गिरिनगर

जूनागढ गिरिनी तळेटीमां आवेलुं होवाथी ते 'गिरिनगर' कहेवाय छे

गिरिनगरमां एक अग्निपूजक वणिक दरवर्षे एक घरमां रत्नो भरीने पछी ए घर सळगावी अग्निनुं संतर्पण करतो हतो एक वार तेणे घर सळगाव्युं, ए समये खूब पवन वायो, तेथी आखुं नगर बळी गयुं बीजा एक नगरमां एक वणिक आ प्रमाणे अग्निनुं संतर्पण करवानी तैयारी करे छे पण त्यांना राजाए सांभळ्युं, एटले गिरिनगरनी आगनो प्रसंग याद करीने तेणे एनुं सर्वस्व हरी लीधुं गिरिनगरनो श्रेण नव प्रसूता बीजी उज्जयंत उपर गई हती त्यारे चोरो तेमनुं हरण करी गया हता अने पारसकुल–ईरानी अखातना किनारा उपर तेमने वेची दीधी हती एवुं पण एक कथानक छे १

'सूत्रकृतांग'नी शीलाचार्यनी वृत्तिमां उद्धृत थयेला एक हास्यरसमां रहता बाळकम गिरिनगर आदि नगरोनो राजा करीने राजुं रासवानो प्रयास छे २

विशिष्ट पर्वतवाचो 'गिरनार' शब्द गिरिनगर > गिरिनयर > गिरनार ए क्रमे व्युत्पन्न थयेलो छे गुजरातमां 'नार' अन्त्यवाळां बीजां पण स्थळनामो छे जे आ साथे सरखावी शकाय जेम के नगर–नयर–नार (पेटभेद वाचेनुं) कोटिनगर–कोडिनयर–कोडिनार इत्यादि 'गिरनार'नी बाबतमां 'नगर' पदान्तवाळुं नाम पर्वत माटे रूढ थयुं एटलुं ज नहि पण 'उज्जयंत' 'रैवतक' आदि पर्यायोने तेणे स्थानभ्रष्ट करी दीधा ए वस्तु शब्दोनी अर्थसंक्रान्तिनी दृष्टिए नोंध पात्र छे

जुओ उज्जयन्त अने रैवतक

१ आव. पूर्व भाग पृ. ७१ आम पृ. ८८ निशी पृ. १०८ बृहत् पृ. १८, बृहद् पृ. १७

२ आचू, उत्तर भाग, पृ २८९

३ जुओ कान्यकुब्ज बीजा केटलाक उल्लेखो माटे जुओ अनु, पृ. १५९, आसूचू, पृ. ३३९, जीम, पृ ५६, इत्यादि

४ जुओ 'इतिहासनी केडी'मा ग्रन्थस्थ थयेलो 'गुजरातनां स्थळ-नामो' ए मारो लेख

गिरिनार

सौराष्ट्रमा आवेलो पर्वत, जेने प्राचीनतर साधनग्रन्थोमां 'उज्जयत' कह्यो छे ए माटे 'गिरिनार' एवुं तुलनाए अर्वाचीन नाम 'कल्प-सूत्र'नी 'कौमुदी' टीकामा मळे छे.[1]

जुओ **उज्जयन्त** अने **गिरिनगर.**

१ तत प्रभुरन्यत्र विहृत्य पुनरपि **गिरिनारे** समवसृत', तदा रथनेमिर्दीक्षां जग्राह । कको, पृ. १६९

गुडशस्त्र नगर

आ नगर लाटदेशमा भरुकच्छथी बहु दूर नहि एवे स्थळे आव्युं हशे, केमके खपुटाचार्य पोताना शिष्यने भरुकच्छमां राखीने वृद्धकर व्यतरनो उपद्रव शमाववा माटे गुडशस्त्रमा गया हता, अने पोतानो शिष्य शिथिलाचारी थईने बौद्धोमां भळी गयो होवाना समाचार मळतां पाछा भरुकच्छ आव्या हता[1]

वधु माटे जुओ **खपुटाचार्य**

१ आचू, पूर्व भाग, पृ ५४२, आम, पृ ५१४

गुर्जर

गुजरातनो वासी

जुदा जुदा प्रकारना वैपरीत्यनां उदाहरण आपतां गुर्जरो मध्य देशनी भाषा बोले एने भाषावैपरीत्य कह्युं छे. आवां वैपरीत्यथी हास्यरस निष्पन्न थाय छे.[1] 'कल्पसूत्र'नी टीकाओमां 'राज्यदेश-

आचार्य पासे दीक्षा लीधी त्या अभ्यास करतां एने सम्यक्त्व प्राप्त थयुं गुरु पासेथी व्रतो लीधां अने बधी वात निखालसपणे करी. पछी तेणे एकेन्द्रिय जीवनी सिद्धि करतो 'गोविन्दनिर्युक्ति' नामे ग्रन्थ रच्यो[1]

'गोविन्दनिर्युक्ति' उपलब्ध नथी 'बृहत्कल्पसूत्र'ना वृत्तिकार आचार्य क्षेमकीर्तिए शास्त्र तरीके 'सन्मतितर्क' अने 'तत्त्वार्थ'नी साथे 'गोविन्दनिर्युक्ति'नो सबहुमान उल्लेख कर्यो छे[2] 'आवश्यक-चूर्णि'मां पण 'गोविन्दनिर्युक्ति'ने दर्शनप्रभावक शास्त्र कह्युं छे.[3] 'गोविन्दनिर्युक्ति'नी रचना 'आचारागसूत्र'ना 'शस्त्रपरिज्ञा' अध्ययन-ना विवरणरूपे थई होवी जोईए तथा गोविन्दाचार्य विक्रमना पांचमा सैकामां विद्यमान हता एम पू मुनि श्री पुण्यविजयजीए साधार रीते प्रति-पादन कर्युं छे[4]

१ निचू, उद्दे० ११, आप्तर, पृ २७ आपर मां गोविन्दने 'वाचक' कह्या छे

२ बृक्षे, भाग ३, पृ ८१६, भाग ५, पृ १४५२

३ आचू, पूर्व भाग, पृ ३५३ 'गोविन्दनिर्युक्ति'मानी केटलीक दार्शनिक चर्चाना सक्षिप्त निर्देश माटे जुओ ए ज, पृ ३१

४ 'महावीर जैन विद्यालय रजत महोत्सव ग्रन्थ,' पृ १९९-२०१

गोष्ठामाहिल

आर्य रक्षितसूरिना मामा तेम ज तेमना परिवारना एक साधु एमणे मथुरामा एक अक्रियावादीने वादमा पराजित कर्यो हतो. आचार्ये गच्छाधिपति तरीके तेमने बदले दुर्बल पुष्पमित्रनो अभिषेक कर्यो तेथी विरुद्ध पडी ते सातमा निह्नव—साचा धर्मना सघमां तड पडावनार मिथ्यावादी बन्या.[1] वीर निर्वाण स ५८४=ई स ५८मा दशपुरमा आ निह्नव उत्पन्न थयो[2] एमनो मत 'अबद्धिक' तरीके जाणीतो छे.[3] 'कर्मोनो आत्मा साथे स्पर्श ज थाय छे, अने एथी आत्मा कर्मथी बधातो नथी' एम माननारो ए मत छे[4]

जुओ रक्षित आर्य

१ आव., पूर्व भाग पृ. ४११ भाष्य पृ. १५८-४ १ उत्तर पृ. १७३-८८

२ विशे गा १ १

३ ए च पा १ ९-५ तथा विशे पृ. ७९-२९४ आव., पूर्व भाग पृ. ४१३-१५ भाष्य पृ. ४१५-१८

४ ए च वळी अवचित मतना वरक गुजराती निरूपण माटे जुओ मुनि पुरंदरविजयजीकृत निह्नववाद पृ १६५-८१

गौरीपुत्र

गौरीपुत्रो ' तरीके ' भिक्षुको ' प्रसिद्ध छे एवो उल्लेख कल्पसूत्र 'ना टीकाकारो करे छे परन्तु ' गौरीपुत्र ' तरीके तमोने समाजनो कोई चोक्कस वर्ग उद्दिष्ट छे ' कल्पसूत्र 'नी टीकाओना रचयिताओ चौदमा सैकाथी मांडी गुजरातमां थया छे गुजरातमां मध्यकाळथी भाटचारणो ' देवीपुत्र तरीके प्रसिद्ध छे, तो टीकाकारोए भोजक गौरीपुत्रो ' भाट-चारणो केम न होय !

१ भिक्षव गौरीपुत्रक इति प्रसिद्धा कल्प पृ. ८६, कल्प पृ. ७१

चण्डमयोत

जुओ प्रयोत

चण्डरुद्राचार्य

एमने विषेनुं कथानक नीचे प्रमाणे छे उज्जयिनीमां उपवन उद्यानमां एक वार साधुओ समोसर्या हता एक उद्धतवेशी युवाने मित्रो सहित त्यां आवीने पोताने दीक्षा आपवा मागणी करी आ मश्करी परिहास करे छे एम मानीने साधुओए तेने चण्डरुद्राचार्य नामना कोपशील आचार्य पासे मोकल्यो. चण्डरुद्राचार्ये भस्म मंगावी, लोच करी तेने दीक्षा आपी मित्रो पाछा गया पछी परोढमां विहार करतां आचार्ये शिष्यने आगळ चालवा कह्युं मार्गमां

एक ठूंठा उपर आचार्य पडी गया, आथी क्रोध करीने तेमणे शिष्यना माथा उपर दडनो प्रहार कर्यो पोतानु माथु फूटी जवा छता शिष्ये सम्यक्‌पणे ते सहन कर्यु प्रभातमां शिष्यनुं लोहोथी खरडायेलुं माथुं जोईने आचार्यने पोताना दुर्वर्तननुं भान थयुं, अने क्षपकश्रेणि उपर आरूढ थतां तेमने केवल ज्ञान थयुं[1]

कोपशील गुरुने पण विनयशील शिष्य प्रसन्न करी शके ए विषयमा चडरुद्राचार्यनुं दृष्टान्त आपवामां आवे छे आ आचार्यनुं खरुं नाम रुद्र हशे, पण चड प्रकृतिना होवाथी तेओ चडरुद्र तरीके ओळखाया हशे—जेम अवंतिनो राजा प्रद्योत चंडप्रद्योत कहेवायो हतो तेम

१ आचू, उत्तर भाग, पृ ७७–७८; उचू, पृ ३१, उशा, पृ. ४९–५०, उने, पृ. ४–५, बृकभा, गा. ६१०३–४, बृकक्षे, पृ. १६१२–१३, पाय, पृ. ५६–५७

चित्रकूट

आ मेवाडनो चितोडगढ होवा संभव छे चित्रकूटमां तपश्चर्या करता सुकोशल मुनिने एक वाघणे फाडी खाधा हता.[1] वसतिवाळा पर्वतोमां गोपालगिरि, चित्रकूट आदिनो उल्लेख करेलो छे.[2] आगमोना पहेला संस्कृत टीकाकार याकिनी महत्तरासूनु हरिभद्रसूरि चित्रकूटना विद्वान ब्राह्मण हता[3]

१ मस, गा ४६६

२ गृणन्ति शब्दायन्ते जननिवासभूतत्वेनेति गिरय गोपालगिरि-चित्रकूटप्रभृतय । भसूअ, शतक ७, उद्दे० ६ उपरनी वृत्ति

३ जुओ **हरिभद्रसूरि**

चौलुक्य

एक क्षत्रिय जाति कुलकथाना उदाहरण तरीके ए विशे नीचेना

आशयनो एक श्लोक उद्धृत करवामां आवे छे–' अहो ! पौरुष्य पुत्रीओनुं साहस जगतमा सौथी विशेष छे, केम के प्रेमरहित होय तो पण तेओ पतिनुं मृत्यु थतां अग्निमां प्रवेश छे "

१ एव उमादिकुलोत्पन्नानामन्यतमाया वत् प्रसंघादि छ कुकथा, यथा— अहो पौरुष्यपुत्रीणां साहसं जगतोऽधिकम्। पत्युर्मृतौ विशन्त्यग्नौ या प्रेमरहिता अपि॥ स्थासूत्र पृ. ११ वली जुओ प्रश्नव्या सू. ११९ तथा पाय पृ. ४८

भवण

जुओ भवन

भयविजय

तपागच्छना विजयानंदसूरिना शिष्य वाचक विमलहर्षना शिष्य तेमणे सं १९७७=ई स १६२१ मां ' कल्पसूत्र ' उपर ' दीपिका ' नामे टीका रची हती. आ टीकानुं संशोधन भावविजयगणिए कर्युं हतुं अने तेनो प्रथमादर्श कर्ताए पोते पोताना शिष्य कुंवरविजयनी प्रार्थनाथी तैयार कर्यो हतो '

१ कपी प्रशस्ति.

जिनदत्त

सोपारकवासी श्रावक तेनी पत्नीनुं नाम ईश्वरी हतुं वज्रस्वामीना शिष्य वज्रसेन सोपारकमां आव्या त्यारे जिनदत्त अने ईश्वरी बन्नेए पोताना चार पुत्रो नागेन्द्र, चन्द्र निर्वृति अने विद्याधरनी साथे दीक्षा लीधी हती नागेन्द्र चन्द्र निर्वृति अने विद्याधर ए प्रमाणे साधुओनी चार शाखाओ आ चारथी प्रवर्ती

जुओ वज्रसेन

१ कल्प. पृ. १११ कल्पि पृ १०१ कपी पृ. १५१

जिनदास

मथुरानो श्रावक एनी पत्नीनुं नाम साधुदासी हतु तेमनी पासे कम्बल-संबल नामे बे उत्तम बळदो हता एक वार मथुरामा भंडीर यक्षनी यात्रा हती त्यारे जिनदासनो एक मित्र ए बळदोने गाडे जोडी लई गयो, अने तेणे वळी बीजाने आप्या. ज्यारे पाछा लाववामां आव्या त्यारे कंबल-संबल खूब थाकी गया हता, अने थोडा समय पछी तेओ अनशन करीने मरण पाम्या,[1] एवी कथा अनेक टीका-ग्रन्थोमा छे

जुओ कम्बल-सम्बल

१ आचू, पूर्व भाग, पृ २८१, आनि, गा ४६९-७१, बृक्षे, भाग ५, पृ १४८९, कसु, पृ ३०६-७; ककि, पृ. १०५, कदी, पृ ९०.

जिनदासगणि महत्तर

परंपरा प्रमाणे, आगमो उपरनी चूर्णि नामथी प्रसिद्ध संख्याबंध प्राकृत टीकाओना कर्ता. 'नंदिसूत्र' उपरनी तेमनी चूर्णि शक सं ५९८=ई स ६७६ मां रचायेली छे,[1] एटले तेमनो समय ईसवी सनना सातमा सैकामा निश्चित छे 'निशीथसूत्र' उपरनी विशेष नामे चूर्णि पण तेमनी कृति छे[2] 'अनुयोगद्वारसूत्र' चूर्णिनी प्रतोने अंते जिनदासगणिनो कर्ता तरीके नामोल्लेख छे[3] आ उपरांत 'आवश्यक' अने 'उत्तराध्ययन'नी चूर्णिओ पण तेमनी कृतिओ गणाय छे. 'उत्तराध्ययन' चूर्णिने अते कर्ताए पोतानुं नाम आप्युं नथी, पण पोताना गुरु तरीके गोवालिय महत्तरनो नामोल्लेख कर्यो छे 'उत्तराध्ययन' चूर्णिना कर्ता गोवालिय महत्तरना शिष्य जिनदासगणि महत्तर छे एम स्वीकारीए तो, चूर्णिमांना उल्लेख अनुसार तेओ वाणिज्य कुल, कोटिक गण अने वज्रशाखाना साधु हता एम मानवु प्राप्त थाय छे[4]

टीकाने अते स्पष्ट कर्युं छे के पोते एनी रचनामां जिनभटना अभिप्रायने अनुसर्या छे.[3] आनो अर्थ ए थयो के जिनभटाचार्ये 'आवश्यक सूत्र' उपर एक टीका रची हती, जे अत्यारे उपलब्ध नथी. 'विशेषावश्यक भाष्य' उपरनी कोट्याचार्यनी वृत्तिमा स्थळे स्थळे 'मूलटीका' अने 'आवश्यक मूलटीका'मांथी उद्धरणो आप्यां छे[4] ते जिनभटाचार्यनी टीकामांथी होवां जोईए

१ विको (भा गा ४९८ उपरनी वृत्ति), पृ १८६

२ प्रच, ९-श्लो २, ३०, १८१

३ समाप्ता चेयं शिष्यहिता नाम आवश्यकवृत्तिटीका । वृत्तिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्त-शिष्यधर्मतोयाकिनीमहत्तरासूनोरल्पमातुराचार्यहरिभद्रस्य । आह, अंतभाग.

४ आको, पृ ६०९, ६७४, ६७५, ७९३, ८४६, ८५५ इत्यादि जुओ प भगवानदासनी प्रस्तावना, पृ, १-४.

जिनभद्रगणि क्षमाश्रमण

'आवश्यक सूत्र'ना सामायिक अध्ययननी भद्रबाहुनी निर्युक्ति उपर गाथाबद्ध 'विशेषावश्यक भाष्य' तथा बीजा अनेक प्रौढ ग्रन्थो रचनार आचार्य ए महान भाष्यग्रन्थने अनुलक्षीने आचार्य मलयगिरिए जिनभद्रगणिने 'दुष्षमान्धकारनिमग्नजिनवचनप्रदीप' कह्या छे.[1] जेसलमेर भंडारनी एक प्राचीन ताडपत्रीय प्रतने आधारे आचार्य जिनविजयजीए 'विशेषावश्यक भाष्य'नो रचनाकाळ शकाब्द ५३१=ई. स ६०९ होवानु निश्चितपणे पुरवार कर्यु छे[2]

जिनभद्रगणिए पोते 'विशेषावश्यक भाष्य' उपर एक टीका रची हती ए अत्यारे उपलब्ध नथी, पण कोट्याचार्ये[3] तथा मलधारी हेमचन्द्रे[4] पोताना विवरणोमां एनो निर्देश कर्यो छे. पछीना समयमां थयेला आगमसाहित्यना अनेक टीकाकारोए जिनभद्रगणिना अभिप्रायो

२ अन्यदा कुङ्कणे जालपतनं श्रुत्वा महिरावणाधिपतिं मल्लिकार्जुनं प्रति दूतं प्राहिणोत् । पुरातनप्रबन्धसंग्रह,' पृ ३९

ढण्ढणकुमार

कृष्ण वासुदेवनो ढंढणा नामे राणीथी थयेलो पुत्र एने विशे आ प्रमाणे कथानक मळे छे: तेणे तीर्थंकर नेमिनाथनो उपदेश सांभळीने दीक्षा लीधी हती, पण पूर्वकर्मना उदयने कारणे एमने आहार प्राप्त थतो नहोतो आथी पोतानी लब्धिथी आहार मळे तो ज स्वीकारवो एवो अभिग्रह तेमणे लीधो हतो हवे, एक वार ढंढण मुनि द्वारकामां गोचरी माटे नीकळ्या त्यारे मार्गमा कृष्णे तेमने वंदन कर्युं, आथी 'आ कोई प्रभावशाळी मुनि छे' एम धारीने एक गृहस्थे तेमने लाडु वहोराव्या पछी ढढण मुनिए नेमिनाथ पासे जईने पोतानी लब्धिथी लाडु मळ्यानी वात करी, त्यारे नेमिनाथे कह्यु के 'ए आहार तो वासुदेवनी लब्धिनो छे' आथी कया पूर्वकर्मने कारणे पोताने आहारप्राप्ति थती नथी ए विशे ढंढण मुनिए नेमिनाथने प्रश्न करता तीर्थंकरे तेमनो पूर्वभव कह्यो अने अनेक खेडूतो अने बळदोने तेमणे आहारनो अतराय पाड्यो हतो ए वात करी आ सांभळी ढढणमुनिए लाडुने परठवी दीधा अने पश्चात्तापनी भावना भावता तेमने केवल-ज्ञान थयुं[1]

१ उषा, पृ ११८–१९.

तगरा

'अनुयोगद्वार सूत्र'मा 'समीप नाम'नां उदाहरण आपता कह्युं छे के गिरि पासेनु नगर ते गिरिनगर, विदिशानी पासेनुं नगर ते वैदिशनगर (विदिशा), वेणा पासेनुं नगर ते वेणातट अने तगरा पासेनु नगर ते तगरातट' आम तगरातट नगर तगरा नदीने किनारे आवेलुं हतुं. टीकाओमा एनो सक्षेप करीने मात्र 'तगरा' तरीके उल्लेख करवामा आव्यो छे राध आचार्य [illegible] मा

आव्या हता अने तेमना शिष्यो उज्जयिनीथी तगरामां तेमनी पासे आवी पहोंच्या हता[1] अरहमित्र नामे बीजा एक आचार्य पण तगरामां रहेता हता[2] एक तगरामसी आचार्य पास साठ शिष्यो हता, जेमांना आठ व्यवहारी (व्यवहारक्रिया-प्रवर्तक) अने बाकी अव्यवहारी हता ए आठ व्यवहारी शिष्योनां नाम पुष्यमित्र, वीर, शिवकोष्ठक, आर्यास, अर्हत्क, धर्मान्वग, स्कन्दिल अने गोपऋषभ ए प्रमाणे हतां[3]

तगरा नगर आभीर देशमां आवेलु हतु वि स ९८९=ई स ९३२ मां वढवाणमां रचायला, दिगंबर आचार्य हरिषेणना 'बृहत् कथाकोश'मां तरा' (तगरा>तयरा>तहरा>तेरा) नगरने 'आभीर-राज्य महादेश'मां बतावेलु छे दिगंबर कवि कनकामर मुनिए बारमा शतकमां रचेला अपभ्रंश काव्य 'करकंडचरिउ' (४-५)मां तेरापुरनुं तथा त्यांना गुफामन्दिरनुं वर्णन छे तथा ए ज काव्य जैन धार्मिक दृष्टिए तेरापुरनो केटलोक इतिहास पण आपे छे

हैदराबाद राज्यना उस्मानाबाद जिल्लामां तीर्णा नदीना किनारे आवेलुं तेरा नामनुं गामडुं आ ऐतिहासिक तगरा नगरीनो अवशेष छे एम मानवामां आवे छे अत्यारे पण त्यां प्राचीन जैन गुफाओना अवशेष विद्यमान छे

जुओ आभीर

१ ते कि सं उज्जेणाओ । १ गिरिउज्जेणीए नयरं गिरिगयरं गिरिगयसीसे नयरं तेगियं नयरं तेणाए उज्जेणीए नयरं तेणायएं तगराए उज्जेणि नगरं तगरउज्जं ते सं उज्जेणाओ । व्यव. पृ. १४९

२ व्यव पृ २

३ कथि व्य. १२ व्यव पृ. ९

४ व्यव. विभाग ४ वेध विभाग १ पृ. १०-७

५ आभीराख्यमहादेशे तेराख्यनगरं परम् ।
तदा नीलमहानीलौ प्रयातौ विजिगीषया ॥
'बृहत् कथाकोश,' ५६ ५२

६ 'करकण्डचरिउ,' प्रस्तावना, पृ ४१-४८.

तरङ्गवती कथा

पादलिप्ताचार्यकृत एक धर्मकथा.

जुओ **पादलिप्ताचार्य**

ताम्रलिप्ति

ताम्रलिप्तिने 'द्रोणमुख' कहेवामां आव्युं छे जल अने स्थल एम बन्ने मार्गोए ज्यां जई शकाय ते द्रोणमुख एना उदाहरण तरीके भरुकच्छ अने ताम्रलिप्तिनां नाम आपवामां आवे छे[1] सिन्धु, ताम्रलिप्ति आदि प्रदेशोमा मच्छर पुष्कळ होय छे एवो उल्लेख 'सूत्रकृतांग सूत्र'नी चूर्णिमां छे[2]

ताम्रलिप्तिने साधारण रीते बंगाळनु तामलुक गणवानो मत पुराविदोमां छे,[3] पण गुजरातना स्तंभतीर्थ—खभातने पण प्राचीन काळथी ताम्रलिप्ति तरीके ओळखवामा आवे छे एना मजबूत पुरावा छे,[4] अने जैन आगमग्रन्थो उपरनी टीकाचूर्णिओ गुर्जर देशमा रचायेली होई एमा बंगाळना ताम्रलिप्ति करतां गुजरातना ज मोटा वेपारी मथक ताम्रलिप्ति (खभात)नो द्रोणमुख तरीके निर्देश होय एम मानवुं वधारे सयुक्तिक छे

प्रभाचन्द्रसूरिना 'प्रभावकचरित' (ई स १२७८)ना 'हेमाचार्यचरित' (श्लो. ३२-४१) मा 'स्तभतीर्थ' अने 'ताम्रलिप्ति' ए बन्ने नामो पर्यायो तरीके वापरेला छे ए वस्तु पण अहीं नोंधवी जोईए

जुओ **सिन्धु**

१ दोहिं गम्मति जलेण वि थलेण वि दोणमुहं जहा भरुयच्छ तामलित्ती एवमादि, आसूचू, पृ २८२

द्रोण्यो मार्गो मुखमस्येति द्रोणमुखं-जलस्थलनिर्गम-प्रवेशं यथा भरुकच्छ ताम्रलिप्तिर्वा जुओ पृ १५.

द्रोणमुखं जलस्थलनिर्गमप्रवेश इवा मरुकच्छं ताम्रलिप्तिर्वा जुओ पृ. १५८ वळी जुओ प्रम पृ. ४८

जुओ भरुकच्छ

१ सूत्र पृ १ १

३ कोटि पृ २ १

४ जमातनो इतिहास पृ. १८-१९, तथा पृ जुओ स्तम्भतीर्थ.

तुम्बवनग्राम

अवन्ति जनपदमां तुम्बवनग्राममां धनगिरि अने सुनंदा ए दंपतीना पुत्र तरीके वज्रस्वामी जन्म्या हता ¹

जुओ वज्र आर्य

१ आव, पूर्व भाग पृ १९ जम पृ १८७

तोसलिपुत्राचार्य

तोसलिपुत्राचार्य दशपुरमां आव्या त्यारे तेमनी पासे आर्य रक्षिते दीक्षा लीधी हती. रक्षित विद्वान होई राजाना प्रीतिपात्र हता; तेथी राजा कदाच दीक्षा नहि लेवा दे एम धारीने आचार्य तेमने लईने अन्यत्र चाल्या गया हता जैन अनुश्रुति प्रमाणे आ पहेली शिष्यचोरी ('पढमा सेहनिप्फेडिआ') हती

१ जम पृ १९४-९५ अने पृ १४ वळी पृ १७२-७३ इत्यादि

थावच्चापुत्र

एने विशेनी कथा आ प्रमाणे छे द्वारका नगरनी समृद्ध सार्थवाही थावच्चानो ए पुत्र हतो युवावस्थामां आवतां इभ्यकुळनी बत्रीस कन्याओ साथे तेनुं लग्न थयुं हतुं एक वार अरिष्टनेमि तीर्थंकर द्वारकामां सुरप्रिय उद्यानमां समोसर्या हता कृष्ण वासुदेव प्रजाजनो साथे तेमने वंदन करवा माटे आव्या तेमनो उपदेश सांभळीने

थावच्चापुत्रने प्रव्रज्या लेवानी इच्छा थई. माताए तथा वासुदेवे घणुं समजाव्या छता ज्यारे एनो निश्चय चलायमान थयो नहि त्यारे वासुदेवे घोषणा करावी के 'जेओ मृत्युभयनो नाश करवा इच्छता होय छतां संबंधीओना योगक्षेमनी चिन्ताथी तेम करी शकता न होय तेओ थावच्चापुत्रनी साथे दीक्षा ले, एमना संबंधीओनो निर्वाह हुं करीश.' आथी केटलाक विचारक युवानोए थावच्चापुत्रनी साथे दीक्षा लीधी पछी थावच्चापुत्रे तीर्थंकरना स्थविरो पासे चौद पूर्वोनु अध्ययन कर्युं पोताना अंतेवासी बधा युवानोने तीर्थंकरे थावच्चापुत्रने एमना शिष्य तरीके सोंपी दीधा. पछी विहार करता थावच्चापुत्रे शैलकपुरना शैलक राजाने उपदेश आप्यो अने ५०० मत्रीओ सहित तेने श्रमणोपासक बनाव्यो सौगंधिका नगरीनो नगरशेठ सुदर्शन शुक नामे परिव्राजकना उपदेशथी तेना शौचमूलक प्रवचनमां मानतो हतो तेने पण थावच्चापुत्रे श्रमणोपासक बनाव्यो, एटलुं ज नहि, सुदर्शननो गुरु शुक पण थावच्चापुत्रनी वाणी सांभळी पोताना हजार तापसो सहित तेमनो शिष्य थयो. छेवटे थावच्चापुत्र पोताना परिवार सहित पुंडरीक (शत्रुंजय) पर्वत उपर गया अने अनशन करीने सिद्ध, बुद्ध अने मुक्त थया[1]

१ ज्ञाध, श्रु १, अध्य ५ (शैलकज्ञात)

दण्डकारण्य

जुओ **कुम्भकारकट**

दशपुर

माळवमा आवेलुं मंदसोर.[1]

दशपुरनी स्थापना केवी रीते थई एनो परंपरागत इतिहास आम आपवामा आवे छे वीतमय नगरना राजा उदायन पासे जीवंतस्वामी महावीरनी गोशीर्षचदननी सुन्दर काष्ठप्रतिमा हती ते उज्जयिनीनो

१ आचू, पूर्व भाग, पृ. ४७९, आम, पृ. ४६८.

दशार्ह

अंधकवृष्णिना दश पुत्रो, जेमां नेमिनाथना पिता समुद्रविजय सौथी मोटा हता तेओ दशार्ह अथवा दसार राजाओ तरीके जाणीता छे.[1] ए दशार्हो पैकी सौथी नाना वसुदेवना पुत्र कृष्ण वासुदेव हता. एमनां नाम–समुद्रविजय, अक्षोभ, स्तिमित, सागर, हिमवान, अचल, धरण, पूरण, अभिचंद्र, वसुदेव[2] कुन्ती अने माद्री ए दशार्होनी बहेनो हती

१ दवैचू, पृ ४१

२ अद, वर्ग १-२

देवर्द्धिगणि क्षमाश्रमण

दूष्यगणिना शिष्य[1] परंपरानुसार तेओ 'नंदिसूत्र'ना कर्ता छे वीरनिर्वाण स ९८०=ई स. ४५४ (वि सं ५१०) अथवा ९९३=ई स ४६७ (वि सं ५२३)मा तेमनी अध्यक्षता नीचे वलभीमां एक परिषद् मळी हती अने तेमां जैन श्रुतनी छेवटनी संकलना करवामां आवी हती. एमां आर्य स्कन्दिले तैयार करेली जैन श्रुतनी माथुरी वाचना देवर्धिगणिए मुख्य वाचना तरीके सर्व-संमतिथी चालु राखी हती, अने आर्य नागार्जुननी वलभी वाचनाना मुख्य पाठभेदो 'वायणंतरे' अथवा एवा अर्थनी नोंध साथे स्वीकार्या हता वलभी वाचनाना विशेष भेदो टीकाकारोए 'नागार्जुनीयास्तु पटन्ति' एवा टिप्पण साथे टांक्या छे, एटले अध्ययन–अध्यापनमां वलभी वाचनानुं महत्त्व स्वीकारवामा आवतुं हतुं ए निश्चित छे[2] देवर्धिगणिए जैन श्रुतनी एक नवी वाचना तैयार करी एम न कहेवाय, पण तेमणे एक पूर्वकालीन वाचनाने सर्वमान्य बनाववानु तेम ज बीजी वाचनाना मुख्य पाठभेदो साचवी राखवानु महत्त्वनुं कार्य कर्युं. वळी

तमाम उपलब्ध आगमसाहित्यने तेमना नेतृत्व नीचे एक चोक्कस पद्धति अनुसार एक साथे लिपिबद्ध करवामां आव्या ए पण जैन इतिहासमां एक घणो महत्त्वनो बनाव गणाय

'नंदिसूत्र'ना प्रारंभमां देवर्धिगणिनी गुरुपरंपरा आपवामां आवी छे ए प्रमाणे तेओ महावीरथी बत्रीसमा युगप्रधान आचार्य छे ए पट्टावलि नीचे प्रमाणे छे महावीर पछी आर्य सुधर्मा, जंबुस्वामी, प्रभवस्वामी, शय्यंभव, यशोभद्र, संभूतिविजय, भद्रबाहु, स्थूलभद्र, महागिरि, सुहस्ती बलिस्सह स्वाति स्यामार्य, शांडिल्य समुद्र, मंगू आर्य धर्म, भद्रगुप्त वज्र रक्षित, नंदिल नागहस्ती, रेवतिनक्षत्र, ब्रह्मदीपक सिंह स्कन्दिलाचार्य, हिमवंत नागार्जुन गोविन्द, भूतदिन्न, लौहित्य, दूष्यगणि, देवर्धिगणि[1] 'कल्पसूत्र' अंतर्गत स्थविरावली अनुसार देवर्धिगणि महावीरथी ३२मा नहि, पण ३४मा पुरुष हता त्यां देवर्धिगणिनी गुरुपरंपरा नीचे मुजब आपेली छे—महावीर पछी सुधर्मा, जंबु, प्रभव शय्यंभव, यशोभद्र संभूतविजय—भद्रबाहु स्थूलभद्र सुहस्ती सुस्थित—सुप्रतिबुद्ध इन्द्रदिन्न, दिन्न सिंहगिरि, वज्र, रथ पुष्यगिरि, फल्गुमित्र, धनगिरि, शिवभूति भद्र, नक्षत्र, रक्ष नाग, जेहिल विष्णु, कालक संपलित—भद्र, वृद्ध संघपालित, हस्ती धर्म सिंह, धर्म, शांडिल्य देवर्धि

जुओ नागार्जुन, मल्लि आचार्य, मथुरा, वलभी

१ नंस पृ. ६९

२ कल्प पृ ११८–१९, कल्पकि. पृ १२९–३१ कसु., २ ५ ७८; ज्ञानी पृ १५९ कटि पृ. ११३–१९, स्थावि

३ नंसू स्थविरावली, गा. १–४१

४ विविध व्याख्याकारोमां आ देवर्धिगणिनी गुरुपरंपरानी मुद्रामा[illegible] अर्थ माटे जुओ मुनि कल्याणविजयजीकृत वीरनिर्वाण संवत् और

जैन कालगणना,' पृ ११९ थी आगळ

देविलासुत

उज्जयिनीनो राजा एनी कथा आ प्रमाणे छे' पोताना केशमां पळिया जोईने तेणे राणीनी साथे तापस तरीके दीक्षा लीधी हती राणी ए समये सगर्भा हती. यथासमये तेणे पुत्रीने जन्म आप्यो, पण प्रसूतिकाळे ते मरण पामी. पुत्रीने बीजी तापसीओए उछेरी. पछी समय जता युवावस्थामां आवेली पुत्रीने जोईने देविलासुत मोहित थयो अने तेने आश्लेष करवा जतां भोंय उपर पडी गयो पोताना दुर्वर्तननुं फळ अहीं ज प्राप्त थयु छे, एम समजीने तेणे पुत्री साध्वीओने आपी अने पोते विरक्त थईने सिद्धिमा गयो.[1]

१ आचू, उत्तर भाग, पृ २०२-३

देवेन्द्रसूरि

तपागच्छना स्थापक जगच्चंद्रसूरिना शिष्य अने पट्टधर. तेमणे 'श्राद्धप्रतिक्रमण सूत्र' उपर वृत्ति लखी छे, जे 'वंदारुवृत्ति' नामे प्रसिद्ध छे[1]

देवेन्द्रसूरि मत्री वस्तुपालना समकालीन होई ई स ना तेरमा शतकमां विद्यमान हता खंभातमां तेमनु व्याख्यान साभळनार श्रोताओमा वस्तुपाल पण एक हतो. देवेन्द्रसूरिए प्राचीन कर्मग्रन्थोनो उद्धार करीने 'कर्मविपाक,' 'कर्मस्तव,' 'बंधस्वामित्व,' 'षडशीति' अने 'शतक' नामे नव्य कर्मग्रन्थो तथा ते उपरनी स्वोपज्ञ टीकाओ रची आ सिवाय पण बीजा केटलाक ग्रन्थो तेमणे रचेला छे, जे पैकी प्राकृत 'सुदर्शनाचरित्र'ना सहकर्ता तेमना गुरुभाई विजयचंद्रसूरि हता देवेन्द्रसूरिनुं अवसान सं. १३२७=ई स १२७१मा थयुं हतुं[2]

१ मश्र, पृ ९६

२ जैसाइ, !

द्रोणाचार्य

'ओघनिर्युक्ति' ना टीकाकार नवांगीवृत्तिकार अभयदेवसूरि कृत वृत्तिओनुं संशोधन द्रोणाचार्य जेमां मुख्य हता एवी एक पण्डितपरिषदे कर्युं हतुं. द्रोणाचार्य पूर्वाश्रममां क्षत्रिय हता तथा अणहिल्लवाडना चौलुक्य राजा भीमदेव पहेलाना मामा हता. तेमनो समय विक्रमना १२मा शतकना पूर्वार्धमां अर्थात् ई स ना ११मा शतकना उत्तरार्धमां निश्चित छे. एमनुं मुख्य प्रवृत्तिक्षेत्र अणहिल्लवाड हतुं.

१ जुओ अभयदेवसूरि

२ प्रज्ञापनाद्युपाङ्गस्य कृपावर्णनकोऽपरः ।
श्रीभीमभूपतिस्तत्र भ्रातृकुलार्कभः ॥
तस्य शिक्षागुरुर्द्रोणाचार्यः श्वेताम्बराग्रणीः ।
अस्ति भ्रातृव्योऽस्मच्छ्रौ भीमभूपस्य मातुलः ॥
प्रभ १८-श्लो ५-६

३ जुओ अणहिलपाटक

द्वारका-द्वारवती

द्वारकाना स्थान विशे सविस्तर चर्चा माटे जुओ पुरवणीमां द्वारका.

साडीपचीस आर्य देशो पैकी सुराष्ट्रनी राजधानी तरीके द्वारवतीनो उल्लेख छे. आ नगरने नव योजन पहोळुं अने बार योजन लांबुं वर्णववामां आवेलुं छे. एनी आसपास पथ्थरनो प्राकार हतो ए दर्शावतो उल्लेख वस्तुस्थितिनो सूचक छे, जो के अन्यत्र एने सुवर्णना प्राकारवाळी वर्णवी छे. एनाथी ईशानमां रैवतक नामे पर्वत हतो. एमां नंदनवन नामे उद्यान हतुं अने त्यां सुरप्रिय यक्षनुं आयतन हतुं.

जुदे जुदे प्रसंगे अंधकवृष्णि, कृष्ण वासुदेव तथा बलदेवने द्वारकाना राजा तरीके वर्णव्या छे. वळी द्वारकाना विनाश

निवासीओमां समुद्रविजय प्रमुख दश दशारो, बलदेव प्रमुख पांच महावीरो, उग्रसेन प्रमुख सोळ हजार राजाओ, प्रद्युम्न प्रमुख साडात्रण करोड कुमारो, सांब प्रमुख साठ हजार दुर्दांत पुरुषो, वीरसेन प्रमुख एकवीस हजार वीर पुरुषो, रुक्मिणी प्रमुख सोळ हजार देवीओ, अनंगसेना प्रमुख अनेक गणिकाओ[७] तथा बीजा अनेक सार्थवाहो आदि हता.[८] आ उपरथी यादवोनी राजपद्धति वज्जी, लिच्छवी आदिनी जेम गणसत्ताक हती अने तेमां अनेक यादव-विशेषो राजा नाम धारण करी शकता हता एम अनुमान थाय छे.[९]

प्रतिवासुदेव जरासंधना भयथी यादवोनो समूह मथुराथी द्वारका आव्यो हतो[१०] द्वारकाना नाश माटे आगमसाहित्यमां नीचे प्रमाणे कथा आपवामां आवे छे यादवकुमारोए दारू पीने द्वैपायन ऋषिने मार्या हता आथी बालतप करीने, द्वारवतीविनाशनु निदान करीने मरण पामी द्वैपायन अग्निकुमार देव तरीके उत्पन्न थया हता. अग्निकुमारे द्वारवती बाळीने भस्म करी दीधी हती. मात्र बलराम अने कृष्ण बे ज जण बचीने नीकळया हता.[११]

१ प्र, पृ. ५५, सुकृशी, पृ १२३, बृकक्षे, भाग ३, पृ. ९१२–१४.

२ ज्ञाध, पृ ९९ तथा १०१, वृद, पृ. ३८–४१, -इत्यादि,

३ पाषाणमय प्राकारो यथा द्वारिकायाम्, बृकक्षे, भाग २, पृ २५१

४ दा त बारवई नाम नगरी होत्था चामीयरपवरपागारणाणा-मणिपचवन्नकविसीसकसोहिया, ज्ञाध, पृ ९९.

५ अद, पृ १, वृद, पृ ३८–४१, ज्ञाध, पृ ९९, आम, पृ. ३५६, इत्यादि

६ दा त तत्थ ण बारवतीनयरीए कण्हे णाम वासुदेवे राया परिवसति, अद, पृ २.

तत्थ ण बारवतीए नयरीए अधगवण्ही णाम राया परिवसति, ए ज, पृ. २

दीवमां चालतो मुख्य सिक्को 'साभरक' कहेवातो अने 'रूपक' कह्यो छे, एटले ते चादीनो होवो जोईए. बे साभरक बराबर उत्तरापथनो एक रूपक अने उत्तरापथना बे रूपक बराबर पाटलिपुत्रनो एक रूपक थतो. वळी आ ज कोष्ठक बीजी रीते आपेलुं छे के दक्षिणापथना बे रूपक बराबर द्राविड प्रदेशमा आवेल कांचीपुरनो 'नेलक' नामनो एक रूपक अने बे नेलक बराबर पाटलिपुत्रनो एक रूपक थाय छे[४]

१ पत्तन द्विधा–जलपत्तन च स्थलपत्तन च। यत्र जलपथेन नावादिवाहनारूढ भाण्डमुपैति तद् जलपत्तनं, यथा द्वीपम्। बृकसे, भाग २, पृ ३४२.

२ 'एन्श्यन्ट टाउन्स अेन्ड सिटीझ इन गुजरात अेन्ड काठियावाड,' पृ २६

३ दो साभरगा दीविच्चगाउ सो उत्तरापथे एक्को ।
दो उत्तरापथा पुण पाडलिपुत्ते हवति एक्को ॥
(भा. गा ९५२)

"साहरको" णाम रूपक, सो य दीविच्चिको। त दीव सुरट्ठाए दक्खिणेण जोयणमेत्त समुद्दमवगाहित्ता भवति, निचू, भाग २, पृ, २२५

४ निभा, गा ९५२–५३, निचू, भाग २, पृ २२५, बृकमा, गा ३८९१–९२, बृकसे, भाग ४, पृ १०६९

धनपाल पण्डित

ई स ना १० मा शतकमा थयेला माळवाना राजाओ मुंज अने भोज बन्नेनो मान्य कवि भोजना विनोद माटे धनपाले 'तिलकमंजरी' नामे कथाग्रन्थ रच्यो हतो

'श्राद्धप्रतिक्रमणसूत्र' उपरनी रत्नशेखरसूरिनी वृत्तिमा धनपाल विशेना बे उल्लेखो छे एक उल्लेख प्रमाणे, धनपाल वैदिक धर्मावलंबी हतो, पण पोताना बंधु शोभनना ससर्गथी तेणे जैन धर्मनो स्वीकार कर्यो हतो' बीजा उल्लेख प्रमाणे, प्रतिबोध पामेला धनपाले काव्य-

गाष्ठिमां भोजन विनोद करावनापूर्वक उपदेश आपीने तेनी पास मृगया तथा मनमां पशुवधनो त्याग कराव्यो हतो.[1]

१ प्राकृत पृ ११८

१ एज पृ. ४१ धनपाल तथा तेनी कृतिओ माटे जुओ 'जैन साहित्य संशोधक,' खंड १ अंक १ तथा ३ अमदावाद, पृ ९ –१ १

धनमित्र

आ विशेनी कथा नीचे प्रमाणे छे उज्जयिनीना धनमित्र नामे वणिके पुत्र धनशर्मा साथे दीक्षा लीधी हती तेओए एक वार मध्याह्नकाळे विहार कर्यो हतो. क्षुल्लक (बाळसाधु) धनशर्मा तृषातुर थतां पिताए मार्गमां आवती एक नदीमांथी पाणी पीवा कह्युं धनशर्माए पाणीनो अंजलि ऊंची करी पण विचार करीने पाणीने सचित्त जाणीने न पीधुं अने पिपासा परीषह सहन करीने मरण पाम्या[1]

१ कथा पृ ८७ जुओ पृ १८ आ बीजी कृतिमां कथानो केटलोक चमत्कारपूर्ण विस्तार आपवामां आव्यो छे.

धन्वन्तरि

द्वारकामां कृष्ण वासुदेवना बे वैद्यो हता—धन्वन्तरि अने वैतरणि धर्मानो धन्वन्तरि अभव्य–मुक्तिने अयोग्य हतो, ज्यारे वैतरणि भव्य–मुक्तियोग्य हता धन्वन्तरि साधुओने सावद्य औषध बतावतो ज्यारे वैतरणि प्रासुक–निर्दोष औषध सूचवतो धन्वन्तरिने आनुं कारण पूछवामां आवे त्यारे ते कहेतो के— में श्रमणोने माटे वैद्यकशास्त्रनु अध्ययन कर्युं नथी

१ आव. पूर्व भाग पृ ४६ –६१ भाग पृ ४६१

धर्मसागर उपाध्याय

तपागच्छाचार्य हीरविजयसूरिना शिष्य एमणे सं १६२८–ई स १५७२ मां राजधन्यपुर–राधनपुरमां कल्पसूत्र उपर 'किरणावली' नामे प्रमाणभूत टीका रची हती अमदावादनिवासी संघवी

कुंअरजीए ए टीकानी सेंकडो प्रतो लखावी हती[1]

१ कक्रि, प्रशस्ति, पृ २०३-४ धर्मसागरे बीजा पण अनेक ग्रन्थो रचेला छे एमनी खंडनप्रधान शैलीए तत्कालीन जैन समाजमां मोटो खळभळाट मचाव्यो हतो एमनी रचनाओ माटे जुओ जैसाई, पृ ५८२-८३.

ध्रुवसेन

ध्रुवसेन राजाने पुत्रमरणथी थयेलो शोक शमाववा माटे आनंदपुरमा सभा समक्ष 'कल्पसूत्र' वाचवामां आव्युं हतुं[1]

जुओ **आनन्दपुर**

१ कस, पृ ११८-१९, कसु, पृ. १५-१६, ३७५-७८, कक्रि, पृ ९, १६, ११०, कदी, पृ ११३-१५, कको, पृ ९

नटपिटक

भरुकच्छथी उज्जयिनी जवाना मार्गमां आवेलुं एक गाम

भरुकच्छथी एक आचार्ये पोताना विजय नामे शिष्यने उज्जयिनी मोकल्यो हतो, पण मार्गमा कोई मादा साधुनी सारवार माटे एने रोकावुं पड्युं हतुं, अने एम समय वीती जता तेणे नटपिटक (प्रा नडपिडअ) गाममा नागगृहमां चातुर्मास कर्यो हतो[1]

१ आचू, उत्तर भाग, पृ २०९

नन्दन उद्यान

द्वारकाना ईशान खूणे रैवतकनी पासे आवेलुं उद्यान

जुओ **द्वारका, द्वारवती** अने **रैवतक**

नभोवाहन

भरुकच्छनो नभोवाहन राजा कोशसमृद्ध हतो प्रतिष्ठाननो सालवाहन बलसमृद्ध हतो दर वर्षे सालवाहन राजा भरुकच्छने घेरो घालतो अने वर्षाऋतु बेसे एटले पोताना नगरमां पाछो जतो नभोवाहन कोशसमृद्ध हतो, एटले घेरा

राज्य करतो हतो,[5] ए ज आगमसाहित्यमा जेनो 'सालवाहन–सातवाहन' एवो नामनिर्देश कर्यो छे ए संभवे सातवाहनो अने पश्चिम भारतना शक–क्षत्रपो वच्चे शत्रुवट चाली आवती हती ए इतिहाससिद्ध छे. शातकर्णिना उत्तराधिकारी वासिष्ठीपुत्र पुळुमायीना एक लेखमां[6] शातकर्णिने माटे 'खखरात–वस–निरवसेस–करस सातवाहन–कुल–यस–पतिथापन–करस' (=सं क्षहरातवंश–निरवशेषकरस्य शातवाहनकुलयश.प्रतिष्ठापनकरस्य) एवा शब्दो वापरीने एने क्षहरातवशनो उच्छेद करनार तरीके वर्णव्यो छे ए घणुं सूचक छे.

जुओ **सातवाहन, सालवाहन**

१ आचू, उत्तर भाग, पृ २००–२०१

२ जुओ **वज्रभूति आचार्य**

३ रायचौधरी, 'पोलिटिकल हिस्टरी ऑफ ऍन्श्यन्ट इन्डिया,' पृ २२१ थी आगळ

४ 'सिलेक्ट इन्सक्रिप्शन्स,' न ५८, टिप्पण १

५ एज, न ८३–८४.

६ एज, न. ८६

नर्मदा

नर्मदा नदी 'आवश्यक सूत्र'नी चूर्णिनी एक कथामा स्त्रीचरित्रविषयक एक प्राकृत श्लोकनो पूर्वार्ध नीचे प्रमाणे छे

दिया कागाण बीभेसि रत्तिं तरसि नंमदं ।[1]

'विशेषावश्यक भाष्य' उपरनी कोट्याचार्यनी वृत्तिमा नर्मदाना पूरनो उल्लेख छे[2]

१ आचू, उत्तर भाग, पृ ६१. एक सुप्रसिद्ध संस्कृत श्लोकार्ध–"दिवा काकरवाद् भीता रात्रौ तरति नर्मदाम्"–नु आ प्राकृत छे अथवा जनसमाजमा वहेती प्राकृत कहेवत उपरथी ज आ श्लोक बनाववामां आव्यो होय

२ विको, पृ १७०

धस्तो के कोई साल्वाहनना सैनिकोना हाथ अथवा माथा कापी लावे तेने हजारोनां इनाम आपतो हतो सालवाहन पोताना माणसाने पराक्रमना बदलामां कशुं आपतो नहोतो, आथी तनु सैन्य क्षीण थतुं अने तेने प्रतिष्ठान पाछा फरवुं पडतुं वळी वर्षे फरी पाछा ते सैन्य साथे आवीने घेरो घालतो आ प्रमाणे समय वीततो हतो एम करतां युक्तिथी विजय मेळववा माटे एक वार साल्वाहनने तेना अमात्ये कह्युं के मारो अपराध थयो छे एम जाहेर करीने मने देशवटो आपो' साल्वाहने एम कर्युं, पटले मंत्री भरूकच्छ गयो अने एक देवकुलमां रह्यो साल्वाहननो ए निर्वासित मंत्री छे ए वात समय जतां जाहेर थई नभोवाहन माणसो मोकलीने एने बोलाव्या, पण ज्यारे ए आव्यो नहि त्यारे राजा पोते त्यां आव्या अने पोताना मंत्री तरीके एनी नीमणूक करी पछी मंत्रीए नभोवाहनने सलाह आपी के 'पुण्यथी राज्य मळे छे माटे बीजा भव माटे पुण्य संचित करो.' पछी नभोवाहने एना कहेवा प्रमाणे देवकुलो अने स्तूपो तळावो अने वावो बंधाव्यां तथा नभोवाहन लाइ' नामनो खाई खोदावी एम द्रव्य वपराई गयुं, पटले मंत्रीए पोताना राजा साल्वाहनने बोलाव्या एक वारना कोशसमृद्ध नभोवाहन पासे हवे पोताना माणसोने प्रीतिदान-रूप आपवा पण कंई नहोतुं, आथी तेने नासी जवुं पड्युं अने भरूकच्छनो कबजो साल्वाहने लीधो

नभोवाहननी राणीनुं नाम पद्मावती हतुं वज्रभूति आचार्यनी कवि तरीकेनी ख्यातिथी आकर्षाईने ए आचार्यने मळवा गई हती.

१ पश्चिम भारतनो क्षहरातवंशीय शक-क्षत्रप नहपान ते ज आ नभोवाहन (प्रा णहवाहण णभवाहण) होई शके एनो समय इसवी सनना बीजा शतकना पूर्वार्धमां हतो ए सौथी वधु संमत छे ए समये महाराष्ट्रमां सातवाहन वंशनो गोतमीपुत्र शातकर्णि

सोमयशानो पुत्र. तेओ बाळकने अशोकवृक्ष नीचे मूकीने उछवृत्ति करतां हता त्यारे जृंभक देवताओए तेने लईने उछेर्यो हतो तथा प्रज्ञप्ति, आकाशगामिनी आदि विद्याओ आपी हती[1] नारद महासमर्थ परिव्राजक हता तेमनो स्वभाव झगडो कराववानो हतो कृष्ण अने तेमनो पत्नीओ रुक्मिणी आदि वच्चे तेओ कलह उत्पन्न करावता अने वळी शमावी देता

ब्राह्मण परपराना नारद मुनिने आम जैन परपरामां एक परिव्राजक तरीके वर्णवेला छे

१ आचू, उत्तर भाग, पृ. १९४

नासिक्य

हालनुं नासिक 'नासिक्यपुर'[1] अने 'नासिक्यनगर'[2] तरीके पण एनो प्रयोग थयो छे नासीकनो नंद नामे वणिक पोतानी पत्नी सुन्दरीमां अत्यंत आसक्त होवाने कारणे 'सुन्दरीनंद' तरीके ओळखातो हतो[3]

बुद्धनो ओरमान भाई नंद पोतानी पत्नी सुन्दरीमां अत्यासक्त हतो, एने पराणे दीक्षा आपवामां आवी हती अने अनेक दृष्टान्तोथी वैराग्यमा स्थिर करवामा आव्यो हतो—एनी वार्ता वर्णवता अश्वघोषना 'सौन्दरानन्द' काव्यना वस्तुनु कोई स्वरूपान्तर उपर्युक्त उल्लेखमां रजू थयुं लागे छे

जुओ **सुन्दरीनन्द**

१ नम, पृ १६७.

२ वबृ, पृ ५२.

३ आचू, पूर्व भाग, पृ ५६६, आम, पृ ५३३

नेमिचन्द्रसूरि

बृहद्गच्छना आम्रदेव उपाध्यायना शिष्य तेमणे पोताना गुरुभाई

नागवल्लिका

आ कोई नगरनु नाम छे अने तेनो आनंदपुरनी साथे उल्लेख छे. आनंदपुरमा जेम महपूजा थती तेम नागवल्लिकामां नागपूजा थती.[1]

नागवल्लिकानु स्थान निश्चित थई शक्यु नथी.

१ इत्यसौ इतो अतो महासेनो इतो इत्यसौ, गुप्तो [illegible] मासा [illegible], [illegible] आनंदपुरे [illegible] [illegible] [illegible] पृ. २११

नागार्जुन आर्य

वीरनिर्वाण पछी नवमी शताब्दीमा (आशरे ईसुनी चोथी शताब्दीमां)[1] मथुरा अने वलभी एम बे स्थळे अनुक्रमे स्कन्दिलाचार्य अने नागार्जुन एम बे आचार्योए आगमवाचनानु कार्य कर्यु. दुर्भाग्ये आ बे आचार्यो परस्परने मळी शक्या नहि, तथी तेमनी वाचनाओमां केटलाक भेद रही गया. देवर्धिगणिए ईसानी पांचमी शताब्दीमां ज्यारे आगमो लिपिबद्ध कराव्यां त्यारे स्कन्दिलाचार्यनी माथुरी वाचनाने मुख्य वाचना तरीके स्वीकारी अने नागार्जुननी वालभी वाचनाना पाठोनो निर्देश 'वायणंतरे पुण'[2] एवी नोंध साथे कर्यो. पछीना समयनी टीकाचूर्णिओमा पण नागार्जुनीय वाचनानी स्कन्दिलाचार्यनी वाचनाथी भिन्नता 'नागार्जुनीयास्तु पठन्ति' (नागार्जुनना अनुयायीओने अनुमत पाठ आवो छे) एवा उल्लेख साथे नोंधवामां आवी छे[3]

१ वीरनिर्वाण संवत् और जैन कालगणना पृ. १४

२ जुओ [illegible] पाठ.

३ उदाहरण तरीके जुओ पृ. १६, तथा पृ. १८६, २६१, २९ आगळ पृ. १५, १६६, १८, २१६, २१२, ११८, २१२, १७४ इत्यादि.

नारद

शौरिपुर नगरमा यज्ञयश तापसना पुत्र यज्ञदत्त अने पुत्रवधू

३ अंट, वर्ग १–५

४ जिरको, पृ २१६–१९

पत्तन

वेपारनु केन्द्र होय एवु नगर. पत्तन बे प्रकारनां होय छे जलपत्तन अने स्थलपत्तन ज्यां जळमार्गे माल आवे ते जलपत्तन अने स्थलमार्गे आवे ते स्थलपत्तन. जलपत्तनना उदाहरण तरीके द्वीप (दीव) अने काननद्वीपना नाम अपाय छे, ज्यारे स्थलपत्तन तरीके मथुरा अने आनंदपुर आपवामा आवे छे.[1] केटलाक टीकाकारोए प्राकृत 'पट्टण' शब्दनां 'पट्टन अने 'पत्तन' एवां बे संस्कृत रूपो स्वीकारीने बेना जुदा अर्थ आप्या छे जेम के ज्यां नौकाओ मारफत जवाय ते पट्टन अने ज्या गाडामा के घोडे बेसीने तेम ज नौका मारफत जवाय ते पत्तन[2]

कालक्रमे 'पत्तन' सामान्य नाममांथी विशेष नाम बन्यु, अने गुजरातनु मध्यकालीन पाटनगर 'अणहिलपत्तन' मात्र 'पत्तन' एवा टूंका नामे जाणीतु थयुं 'कल्पसूत्र'नी 'कौमुदी' नामे टीकाना कर्ता शान्तिसागर पोते ए टीका 'पत्तनपत्तन'मा[3]–एटले के पाटण-नगरमा लखी होवानुं जणावे छे

१ उशा, पृ ६०५, आशी, पृ २५८, बृकमा, गा १०९०; बृकसे, भाग २, पृ ३४२, वळी जुओ क्षाधभ, पृ ५५, १४०.

२ जुओ भरुकच्छ

३ क्कौ, प्रशस्ति, श्लो ४

पाण्डुमथुरा

जुओ मथुरा

पादलिप्ताचार्य

एक प्रभावक आचार्य, जेमनुं नाम सौराष्ट्रना प्रसिद्ध जैन तीर्थ

मुनिचन्द्रना वचनथी सं ११२९–ई स १०७३मां अणहिल-पाटकमां दोहडि श्रेष्ठीनी वसतिमां रहीने 'उत्तराध्ययन सूत्र' उपर वृत्ति रची' ए ज नगरमां अने ए ज वसतिमां रहीने तेमणे सं ११४१–ई स १०८५ मां प्राकृत 'महावीरचरित' रच्युं हतुं'

नेमिचन्द्रनुं सूरिपदप्राप्ति पहेलांनुं नाम देवेन्द्रगणि हतुं'

१ उत्त प्रशस्ति

२ उत्त प्रस्तावना पृ २

३ जिरको पृ ४१ उत्त प्रस्तावना पृ १

नेमिनाथ

बावीसमा तीर्थंकर दश दशारो पैकी सौथी मोटा समुद्रविजय अने तेमनी राणी शिवादेवीना पुत्र तेमना जन्म पूर्वे माताए जननी रिष्ट–रत्नमय नेमि आकाशमां जोई हती, तेथी तेमनो 'अरिष्टनेमि' कहेवाया कृष्णे तेमनो विवाह उग्रसेन राजानी पुत्री राजिमती साथे नक्की कर्यो हतो पण लग्नमंडपमां भोजनमां माणसोने मांसनो खोराक आपवा माटे बांधेलां पशुओनो आर्तनाद सांभळीने नेमिनाथे वैराग्य पामीने रैवतक उद्यानमां दीक्षा लीधी हती यादवकुळना अनेक युवानोए नेमिनाथ पासे दीक्षा लीधी हती' नेमिनाथ गिरनार उपर निर्वाण पाम्या हता

चोवीस तीर्थंकरो पैकी ऋषभदेव, शान्तिनाथ पार्श्वनाथ नेमिनाथ अने महावीरनां चरित्रो साहित्यिक दृष्टिए सौथी वधारे लोकप्रिय थयां छे आगमेतर साहित्यमां नेमिनाथनां संस्कृत–प्राकृत चरित्रो, स्तोत्रो, एमना जीवन विशेनां काव्यो वगेरे मळीने कुडीबंध कृतिओ जाणवामां आवेली छे

१ [illegible], पृ ११६–२

२ [illegible] पृ ३११–४११ [illegible], पृ १६४ [illegible] पृ १६२–४ [illegible] पृ ११०–११ [illegible], पृ १४–१५ इत्यादि

३ अंद, वर्ग १–५

४- जिरको, पृ २१६–१९

पत्तन

वेपारनु केन्द्र होय एवु नगर. पत्तन बे प्रकारनां होय छे' जळपत्तन अने स्थलपत्तन ज्यां जळमार्गे माल आवे ते जलपत्तन अने स्थलमार्गे आवे ते स्थलपत्तन जलपत्तनना उदाहरण तरीके द्वीप (दीव) अने काननद्वीपनां नाम अपाय छे, ज्यारे स्थलपत्तन तरीके मथुरा अने आनंदपुर आपवामा आवे छे.' केटलाक टीकाकारोए प्राकृत 'पट्टण' शब्दना 'पट्टन अने 'पत्तन' एवां बे संस्कृत रूपो स्वीकारीने बेना जुदा अर्थ आप्या छे जेम के ज्या नौकाओ मारफत जवाय ते पट्टन अने ज्यां गाडामा के घोडे बेसीने तेम ज नौका मारफत जवाय ते पत्तन[२]

कालक्रमे 'पत्तन' सामान्य नाममांथी विशेष नाम बन्यु, अने गुजरातनु मध्यकालीन पाटनगर 'अणहिलपत्तन' मात्र 'पत्तन' एवा टूका नामे जाणीतु थयुं. 'कल्पसूत्र'नी 'कौमुदी' नामे टीकाना कर्ता शान्तिसागर पोते ए टीका 'पत्तनपत्तन'मा[३]–एटले के पाटण-नगरमा लखो होवानुं जणावे छे

१ उशा, पृ ६०५, आशी, पृ २५८, बृकभा, गा १०९०; बृकक्षे, भाग २, पृ ३४२, वळी जुओ ज्ञाधअ, पृ ५५, १४०

२ जुओ भरुकच्छ

३ कको, प्रशस्ति, श्लो. ४

पाण्डुमथुरा

जुओ मथुरा

पादलिप्ताचार्य

एक प्रभावक आचार्य, जेमनुं नाम सौराष्ट्रना प्रसिद्ध जैन तीर्थ

पाटलिपुर–पादलिप्तना साथे जोडायेलु छे –

पादलिप्ताचार्य पाटलिपुत्रमां मुरुंड राजाना दरबारमां हता एक वार मुरुंड राजा उपर मश्नोप मीणवाळु सूतर, कापीन सम्ली करेली लाकडी तथा सुवाळी मुद्रित डाबडी मोकली अन साथे संदेश कहाव्यो के 'सूत्रनो मत लाकडीनो आदिभाग अने समुद्गकनु द्वार बतावो ' पण आ कार्य कोइ करी शक्यु नहि तेमने पादलिप्ते सूतर ऊना पाणीमां नाख्यु एटले मीण आगळी गयुं अने छेडा देखाया लाकडी पण पाणीमां नाखी एटले मूळनो भाग भारे होवाथी अंदर डूब्यो अने डाबडी उपर लाख हता ते गरम पाणीमां बोळीने उघाडी

मुरुंड राजानी शिरोवेदना वैद्यो मटाडी शक्या नहोता, ते पादलिप्ताचार्ये मंत्रशक्तिथी मटाडी हती एवु कथानक मळे छे

पादलिप्ताचार्य यंत्रविद्यामां पण कुशळ हता तेमणे एक वार राजानी बहेनन बराबर मळती यंत्रप्रतिमा बनावी हती आ प्रतिमा उन्मेषनिमेष करती हाथमां पंखो लईने ऊभेली हती

पादलिप्ताचार्ये 'तरंगवती' नामनी एक विख्यात प्राकृत धर्मकथा रची हती जैना उल्लेखो आगमसाहित्यमां तेम ज अन्यत्र अनेक स्थळे प्राप्त थाय छे मूळ कथा तो सैकाओ पहेलां नाश पामी गई छे पण पादलिप्तनी पछी थयेला परन्तु जेनो चोक्कस समय अनिश्चित छे एवा आचार्य वीरभद्र के नेमिचन्द्रना शिष्य नेमिचन्द्रे १९०० प्राकृत गाथाओमां करेलो तेना संक्षेप मात्र हालमां उपलब्ध छे पादलिप्ताचार्ये 'ज्योतिष्करंडक' उपर वृत्ति रची हती एम आगम-साहित्यना सुप्रसिद्ध टीकाकार आचार्य मलयगिरिना कथन उपरथी स्पष्ट छे आ वृत्ति नष्ट थई गई होवानुं मानवामां आवतुं हतु पण हमणां हस्तलिखित प्रति प्र मुनिश्री पुण्यविजयजीए जेसलमेरना जैन भंडारमांथी शोधी काढी छे

पादलिप्ते दीक्षा अने प्रतिष्ठाविधि विशे 'निर्वाणकलिका' नामे जाणीतो ग्रन्थ रच्यो छे. आ उपरांत 'प्रभावकचरित'ना 'पादलिप्तसूरिचरित'मां तेमण 'प्रश्नप्रकाश' नामे ज्योतिषग्रन्थनुं निर्माण कर्युं होवानो उल्लेख छे.[9] चूर्णिओमां 'कालज्ञान' नामे एक रचनानुं कर्तृत्व पण पादलिप्त उपर आरोपित करेलुं छे.[6] पादलिप्तनी प्राकृत गाथाओ हालकृत प्राकृत सुभाषितसंग्रह 'गाथासप्तशती'मां उद्धृत करेली छे.

'प्रभावकचरित' नोंधे छे के पादलिप्ताचार्य एक वार तीर्थयात्रा करता सौराष्ट्रमां ढंकापुरी (ढांक)मां गया हता. त्यां एमने सिद्ध नागार्जुननो समागम थयो पछी नागार्जुन पोताना ए गुरुना स्मरणरूपे शत्रुंजयनी तळेटीमां पादलिप्तपुर नामनुं नगर वसाव्युं, शत्रुंजय उपर जिनचैत्य कराव्यो त्यां महावीरनी प्रतिमा स्थापित करी अने त्यां ज पादलिप्तसूरिनी मूर्ति पण स्थापित करी[९]

पादलिप्ताचार्यनो समय विक्रम संवतनी प्रारंभिक शताब्दीओमां निश्चित करवामां आव्यो छे.[10] एमनुं परंपरागत विस्तृत चरित 'प्रभावकचरित'ना 'पादलिप्तसूरिचरित'मां मळे छे.

१ आचू, पूर्व भाग, पृ ५५४, आम, पृ ५२४-२५, नम, पृ १६२.

२ निचू, भाग ४, पृ. ८७२; पिनिम, पृ १४१-४२ पिनिम मां मुरुंडने प्रतिष्ठानपुरनो राजा कह्यो छे, ए मुद्रणदोष होवो जोईए, केम के ए ज कर्ताए रचेली अन्य कृतिओमां स्पष्ट रीते पाटलिपुत्रनो उल्लेख छे (जुओ उपर टिप्पण १)

३ बृकभा, गा ६३१५; बृकक्षे, भाग ५, पृ १३१५-१६ आ प्रकारनां 'स्त्रीरूपो' 'यवनविषय'मां पुष्कळ बने छे एम अहीं टीकाकार नोंधे छे

४ निचू, भाग ३, पृ ४७९, भाग ५, पृ १०२९, विको, पृ ४३३, बृकम, पृ १६४-१६५, बृकक्षे भाग ३. पृ ७२१ आम

२ जं रयणिं सिद्धिगओ अरहा तित्थकरो महावीरो ।
तं रयणिमवंतीए अहिसित्तो पालगो राया ॥
'अभिधान-राजेन्द्र,' भाग १, पृ. ८९४

प्रतिष्ठान

महाराष्ट्रमां गोदावरीने किनारे आवेलुं पैठण

प्रतिष्ठान गोदावरी नदीना तट उपर आवेलुं हतुं. त्यां सालवाहन राजा राज्य करतो हतो एनो अमात्य खरक नामे हतो.[1] सालवाहन दर वर्षे भरुकच्छ, ज्यां नभोवाहन राज्य करतो हतो त्यां आक्रमण करतो हतो[2]

प्रतिष्ठानमां जैनोनी मोटी वस्ती हती तथा राजानुं वलण पण जैनधर्मने अनुकूळ हतुं आ नगरना संघ तथा राजाना अनुमोदनथी कालकाचार्ये पर्युषण भादरवा सुद पांचमने बदले चोथे प्रवर्ताव्युं हतुं[3] निर्युक्तिकार भद्रबाहुस्वामी अने तेमना भाई वराहमिहिर आ नगरना ब्राह्मणकुमारो हता[4]

१ बृकभा, भाग ६, पृ. १६४७

२ जुओ **नभोवाहन**

३ जुओ **कालकाचार्य**

४ 'अभिधान-राजेन्द्र,' भाग ५, पृ. १३६९

प्रद्योत

उज्जयिनीनो राजा. ते उग्र स्वभावनो होवाथी चंडप्रद्योत तरीके ओळखातो हतो

तेने आठ राणीओ हती, जेमांनी शिवादेवी वैशालीना राजा चेटकनी पुत्री हती अने अंगारवती सुंसुमारपुरना राजा धुंधुमारनी पुत्री हती[1] एना मंत्रीनु नाम खंडकर्ण हतु (जुओ **खण्डकर्ण**) शकुन्त नामे एनो एक अन्य मंत्री पण हतो (जुओ **शकुन्त**) प्रद्योतना समयनुं

उज्जयिनी भारतमां सौथी समृद्ध नगरी पैकी एक हती. एना समयमां उज्जयिनीमां नव कुत्रिकापण—त्रिभुवनना सव वस्तु पैसा मळे एवा वस्तुभडारो हता.

प्रद्योतना जीवनना घणो भाग पोताना पडोशी राजाओ जे एना शत्रुओ थता हता एमनी साथे लडवामां गयो हतो. पडोशी राज्यो साथेना आ कलहनी परंपरागत दृष्टान्तो आगमसाहित्यमां मळे छे.

एक वार प्रद्योते राजगृह नगर घेर्युं. राजगृहना राजा श्रेणिकनो नंदा राणीथी थयेलो पुत्र अभयकुमार जे एनो मन्त्री पण हतो तेणे प्रद्योत आव्यो ते पहेलां एना स्कंधावारनिवेशनी जग्या जाणी लीधी हती अने त्यां धन दटाव्युं हतुं. पछी प्रद्योते आवीने पडाव नाख्यो एटले अभयकुमारे कहेवराव्युं के "तमारुं आखुं सैन्य मारा पिताए फोडी नाख्युं छे, आ वात उपर विश्वास न पडतो होय तो छावणीमां खोदीने जुओ." आ प्रमाणे खोदतां द्रव्य नीकळ्युं, एटले प्रद्योत डरीने नासी गयो. पण पाछळथी वस्तुस्थिति जाणवामां आवतां प्रद्योते अभयकुमार उपर रोष भराई तेम केद करवानो निश्चय कर्यो. तेणे एक गणिकाने राजगृह मोकली अने सहायक तरीके बीजी केटलीक गणिकाओ आपी. गणिकाए एक धर्मप्रेमी जैन विधवानो वेश धारण कर्यो. चैत्यपरिपाटीमां सौ अभयने घेर गयां त्यां तेणे धर्मप्रेमी अभयने पोताने घेर जमवानुं निमंत्रण आप्युं अने भोळवीने मद्यपान कराबी केद करीने अवंति मोकलो कर्यो. त्यां अभयकुमारे चातुर्यथी प्रद्योतने प्रसन्न कर्यो एटले प्रद्योते एने छोडी मूक्यो. पण ए समये अभयकुमारे प्रद्योतने कह्युं के "तमे मने कपटथी पकडी आण्यो हतो, पण हुं तो तमे पोकारो पाडता हशो अने नगरीनी वच्चे उपाडी जईश." थोडा समय पछी अभयकुमार राजगृहथी बे गणिकाओ लईने आवशे अने वेपारीने वेशे उज्जयिनीमां रहेवा आव्यो. तेणे

पोताना एक दासने गांडानो वेश धारण कराव्यो हतो अने तेने प्रद्योत नाम आप्युं हतुं एने दररोज खाटलामां बांधीने वैद्य पासे लई जवामां आवतो त्यारे ते 'हुं प्रद्योत छुं' एवी बूमो पाडतो हतो. हवे, पेली बे गणिकाओ जे अभयकुमार साथे रहेती हती तेमना सौन्दर्यथी आकर्षाईने एमनी कामना करतो प्रद्योत संकेत अनुसार त्यां आव्यो, एटले तेने अभयकुमारनी सूचनाथी पकडी लेवामां आव्यो, अने 'हुं प्रद्योत छुं' एवी बूमो ते पाडतो रह्यो अने एने उज्जयिनी वच्चेथी खाटलामां बांधीने उपाडी जवामां आव्यो नगरजनोए तेनी बूमो सांभळीने मान्युं के पेला प्रद्योतनामधारी गांडाने दररोजनी जेम वैद्यने त्यां लई जवामां आवे छे राजगृहमां श्रेणिके प्रद्योतनो वध करवानो विचार कर्यो, पण अभयकुमारे तेने एम करतां अटकाव्यो पाछळथी प्रद्योतने मुक्त करवामां आव्यो हतो.[3]

सिन्धु–सौवीरना राजा उदायन साथे पण प्रद्योतने युद्धनो प्रसंग आव्यो हतो. उदायन पासे जीवतस्वामी महावीरनी एक सुन्दर काष्ठ-प्रतिमा हती अने उदायननी देवदत्ता नामे एक कुब्जा दासी ए प्रतिमानुं संगोपन करती हती प्रतिमाने वंदन करवा माटे गांधारथी आवेला एक श्रावके आपेली गुटिका लेवाथी ए दासीनी काया कांचन-वर्णी बनी गई हती अने ते सुवर्णगुलिका तरीके प्रसिद्ध थई हती. नलगिरि हाथी उपर आवीने प्रद्योते ए दासीनुं हरण कर्युं हतुं अने एना आग्रहने कारणे पेली काष्ठप्रतिमा पण साथे लीधी हती आ खबर पडतां उदायन दश राजाओने सहायमां लईने[4] उज्जयिनी उपर चडी आव्यो अने प्रद्योतने पराजित कर्यो, प्रद्योत केद पकडायो अने उदायने एना कपाळ पर 'दासीपति' शब्द अंकित कर्यो प्रतिमाने लेवा माटे उदायने घणो प्रयास कर्यो, पण ए तो एना स्थानेथी चलित थई नहि एटले प्रद्योतने लईने उदायन पाछो सिन्धु–सौवीर तरफ चाल्यो. मार्गमां चालतां पर्युषणनो समय आव्यो अने तेमां प्रद्योते उपवास करवानी

इच्छा व्यक्त करतां उदायन पन धर्मबंधु जाणीने मुक्त कर्यो अने समीप्यो, अने कपाळमानो 'दासापति' शब्द न दखाय ए माटे त्यां सुवर्णपट्ट बांध्यो अने प्रद्योतनु राज्य एने पाछुं आप्युं कहेवाय छे के त्यारथी राजाओना मस्तक उपर मुकुटने स्थाने पट्ट बांधनारा थया

। । । ।

वत्स देशना राजा शतानीक उपर पण प्रद्योते आक्रमण कर्युं हतुं. प्रद्योतन आवतो सांभळीने शतानीक यमुनाना दक्षिण किनाराथी उत्तर किनारे चाल्यो गयो प्रद्योत यमुना ओळंगी शक्यो नहि, अने छेवटे केटलोक वेरानगति वेठी पाछो फर्यो " केटलाक समय पछी एक चित्रकारे शतानीक साथेना अणबनावने कारणे मनो स्वरूपवान राणी मृगावतीनुं चित्र चीतरीने प्रद्योतने बताव्युं मृगावतीना सौन्दर्यथी मोह पामीने प्रद्योते शतानीक पासे दूत मोकलीने मृगावतीनी मागणी करी पण शतानीके दूतनो तिरस्कार करीने एने पाछो काढ्यो आथी क्रोधे भरायेला प्रद्योत वत्सदेशनी राजधानी कौशांबी उपर चढी आव्यो तेने आवतो सांभळी अल्प बळवाळा शतानीक क्षोभ पाम्यो अने अतिसारथी मरण पाम्या आथी मृगावतीए विचार्युं के "मारो बाळक पुत्र नाश न पामे एम करवुं जोईए " आथी तेणे प्रद्योत पासे दूत मोकलीने कुशिमर्थक कहेवराव्युं के हुं तमारी पासे आवुं त्यार पछी मारा पुत्रने कोई पीडा करे एम थवु न जोईए. " पछी मृगावतीना कहेवाथी प्रद्योते उज्जयिनीमां ईंटोथी मृगावतीना नगरने दृढ कराव्युं, एमां धान्य वगेरे भराव्युं. आ प्रमाण प्रद्योतनं मूर्ख बनाव्या पछी मृगावती फरी गई ए अरसामां भगवान महावीर कौशांबीमां समोसर्या तेमनी देशना सांभळीने मृगावतीए प्रद्योतनी अनुज्ञा लईने दीक्षा लेवानी इच्छा व्यक्त करी. ए महान धर्मगामी सभाने कारणे प्रद्योत मृगावतीने वारी शक्यो नहि अने मृगावतीए पोतानो पुत्र उदयन प्रद्योतन सोंपीने दीक्षा लीधी ए समये प्रद्योतनी अंगारवती आदि

आठ राणीओए पण महावीर पासे दीक्षा लीधी[7] उदयन पाछळथी प्रद्योतनी पुत्री वासवदत्ताने परण्यो हतो[8]

प्रद्योतने बे पुत्रो हता–पालक अने गोपालक एमांथी गोपालके दीक्षा लीधी हती, एटले एनी पछी पालक गादी उपर आव्यो.[9]

१ आचू, उत्तर भाग, पृ. १९९–२००, विको, पृ ३३५

२ बृकभा, गा ४२१४, बृकक्षे, ग्रन्थ ४, पृ ११४४–४६ जुओ कुत्रिकापण

३ आचू, पूर्व भाग, पृ ५५७–५५८, उत्तर भाग, पृ. १५८–५९; आम, पृ ५२७–२८

४ जुओ दशपुर

५ आचू, पूर्वभाग, पृ ४००, आम, पृ २९२–९४

विविध दिव्य अने मानव पात्रोने माटे केवा प्रकारना मुकुटो, पट्टबधो अने शिरोभूषणो योग्य छे ए माटे जुओ भरतनु 'नाटयशास्त्र' (काशीनी आवृत्ति), अध्याय २३, श्लो १३२–४९, तथा 'विष्णुधर्मोत्तर पुराण,' तृतीय खड, अध्याय २७, श्लो ३३ अने आगळ

६ आचू, उत्तर भाग, पृ १६७

७ आचू, पूर्व भाग, पृ ८८–९१, आम, पृ १०१–४

८ जुओ उदयन

९ आचू, उत्तर भाग, पृ १८९ प्रद्योत विषेना अन्य महत्त्वना कथारूप वृत्तान्तो अथवा उल्लेखो माटे जुओ नम, पृ १६३, बृकक्षे, भाग ?, पृ ५८७, कसु, पृ ५८७–८८; ककि, पृ. ९३ तथा १९९, कदी, पृ २३, कको, पृ २३४

प्रभास

सौराष्ट्रना दक्षिण किनारे आवेलु प्रभासतीर्थ ए तीर्थनी उत्पत्ति आ प्रमाणे आपवामा आवे छे पाडवोना वशमा पांडुसेन नामे राजा थयो हतो तेनी बे पुत्रीओ मति अने सुमति समुद्रमार्गे सुराष्ट्रमा आवती हती मार्गमा समुद्रनुं तोफान थता बीजा लोको

स्कन्द अने रुद्रने नमस्कार करवा लाग्या, त्यारे आ बे ब्राह्मणोए पोतानी जातने स्वयमर्मा ओळी छेवटे बह्माण मागी गयुं अने बन्ने पणीओ काळधर्म पामी मोक्षे गई श्रमणसमुद्रना अधिपति सुस्थित देवे तेमनो महिमा कर्यो त्यां देवोद्योत थयो, अने त्यारथी प्रभासतीर्थ थयु '

भरत चक्रवर्तीना दिग्विजयवर्णनमां पश्चिममां प्रभासतीर्थनो उल्लेख छे ' 'बृहत्कल्पसूत्र 'ना भाष्य चूर्णि अने वृत्तिमां प्रभास तीर्थमां यात्रामां थती सखडी-उजाणीनो निर्देश छे '

१ आव् उत्तर भाग पृ. १९७

२ आव पृ. ११ बळी जुओ वसुदेवहिंडि अनुवाद पृ. २४१

३ बृकमा, गा. ३१९ बृक्षे भाग ३ पृ. ८८३-८४

भिपग्रन्थसूरि

सुस्थित-सुप्रतिबुद्धना शिष्य प्रियग्रन्थसूरिए अजमेरु पासे आवेला हर्षपुरमां पोताना विद्याचमत्कारथी यज्ञमां थतो पशुवध अटकाव्यो हतो

जुओ अजमेरु

१ कवि, पृ १९९ कसु पृ ५ ९-१ कपी पृ १४८-४९

फलही

सोपारकना मात्स्यिक मल्लने पराजित करवा माटे उज्जयिनीवासी अट्टणमल्ले मरुकच्छ पासेना एक खेडूतने तालीम आपी तैयार कर्यो हतो जे फलही नामे प्रसिद्ध थयो हतो

जुओ अट्टण

बनासा

उत्तर गुजरातनो बनास नदी.

'बृहत् कल्पसूत्र 'ना वृत्तिकार कहे छे के कोई स्थळे मादि

पूरथी पण धान्य पाके छे, जेम के बनासामां ज्यारे खूब पूर आवे त्यारे ए पूरथी भावित थयेली क्षेत्रभूमिमां बीज वेरवामां आवे छे.[1]

१ बृकभे, भाग २, पृ. ३८३.

बलभद्र

कृष्ण वासुदेवना मोटा भाई अने नवमा बलदेव. तेओ अत्यंत स्वरूपवान हता द्वारका नगरीनुं दहन थयुं त्यारे बन्ने भाईओ जलदीथी त्यांथी नीकळीने दक्षिण तरफ जता हता त्यारे कोसुंबारण्य-मां[1] कृष्णनुं मरण थयु अने कृष्णना शरीरने अग्निसंस्कार करीने बलभद्रे दीक्षा लीधी. सुमुख, दुर्मुख, कूपदारक, निषढ, ढंढ वगेरे बलभद्रना पुत्रो हता

बलभद्रनुं संपूर्ण चरित्र आगमसाहित्यमां नथी, पण निषढ आदि तेमना बार पुत्रोए नेमिनाथ पासे दीक्षा लीधी हती तेनो वृत्तान्त[2] तथा बलभद्रना जीवनना केटलाक प्रसंगो अने तेमने विशेना उल्लेखो मळे छे.[3] कृष्णनी जेम बलभद्रनुं चरित्र पण नेमिनाथचरित्र साथे संकळायेलुं छे[4] अने 'त्रिषष्टि'-अंतर्गत तथा विविध लेखकोए रचेलां 'नेमिनाथचरित्रो'मां ते उपलब्ध थई शके

१ जुओ कोसुंबारण्य

२ वृद, तथा अद, वर्ग ४

३ उदाहरण तरीके–उशा, पृ ११७, मस, गा. ४९६–९७, कसु, पृ ३९९–४२४, ककि, पृ १३७–४२, इत्यादि.

बलमित्र-भानुमित्र

भरुकच्छना राजकर्ताओ तेओ बे भाईओ हता. तेमना भाणेज बलभानुने कालकाचार्ये दीक्षा आपी होवाने कारणे आचार्यने भरुकच्छ छोडीने प्रतिष्ठान चाल्या जवुं पड्युं हतुं एक परंपरा प्रमाणे, बलमित्र-भानुमित्र कालकाचार्यना भाणेज हता.

एमने माटे जुओ कालकाचार्य–२

बोधिक

एक अनार्य जाति जे लूटफाट करी त्रास वर्तावती हती. आगम साहित्यमां बोधिकोने मालवोथी अभिन्न गण्या छे जुओ मालव-१

पछी जुओ उज्जयिनी मथुरा

ब्रह्मद्वीप

आभीर देशमां कृष्णा अने वेणा नदीना संगम भागमां आवेलो एक द्वीप त्यां वसता पांचसो तापसोने आर्य वज्रना मामा आर्य समितसूरिए प्रतिबोध पमाड्या हता. ए प्रतिबोध पामेला साधुओथी जैन साधुओनी ब्रह्मद्वीपक शाखानो प्रारंभ थयो हतो.[1] 'नन्दिसूत्र'ना प्रारंभे आपेली देवर्द्धिगणिनी गुरुपरंपरामां सिंहसूरिने 'ब्रह्मद्वीपक सिंह' कह्या छे[2]

१ आवृ. पूर्व भाग पृ. ५४३ आवम पृ ५१५ कल्प पृ १११ कल्पसू. पृ ११४ कल्पकि पृ. १७१ कल्पी पृ. १४६-१५ मसू पृ ५१ नन्दिम पृ १४४

२ जुओ देवर्द्धिगणि क्षमाश्रमण.

भट्टि आचार्य

दुष्यगणि क्षमाश्रमणना शिष्य भट्टि-आचार्यनो मत 'सूत्रकृतांग सूत्र'नी चूर्णिमां टांकेलो छे जैन परंपरा अनुसार मूळ आगमोने संकलित रूपे लिपिबद्ध करावनार देवर्द्धिगणि दुष्यगणिना शिष्य छे भट्टि आचार्य ए देवर्द्धिगणिनुं बीजुं नाम हशे के तेमने माटे भट्टि (सं. भर्तृ) आचार्य एटले मुख्य आचार्य कहेवामां आवता हता के पछी भट्टि आचार्य दुष्यगणिना बीजा ज कोई शिष्य छे अने जेने विशे अत्यार सुधीमां कंई जाणवामां आव्युं नथी एनुं नाम हशे ए निश्चितपणे कहेवुं मुश्केल छे

सुप्रसिद्ध संस्कृत व्याकरणकाव्य ‘रावणवध’ जे सामान्य रीते ‘भट्टिकाव्य’ तरीके ओळखाय छे तेनो कर्ता ‘महाब्राह्मण महावैयाकरण स्वामिपुत्र भट्टि’ वलभीनो हतो, एटले वलभीमा भट्टि नाम प्रचलित हतु, अने देवर्द्धिगणिनो निवास पण वलभीमा हतो, एटले भट्टि ए देवर्धिगणिनुं अपर नाम होय ए कदाचित् सभवे छे.

१ अत्र दूष्यगणिक्षमाश्रमणशिष्या भट्टियाचार्या भवते सूकृच्, पृ ४०५

२ नम, पृ ६० जुओ **देवर्द्धिगणि क्षमाश्रमण**

भण्डीरवन

मथुरानी पासे आवेलु एक उद्यान त्या भंडीर यक्षनु आयतन हतु. लोको बळदगाडा जोडीने एनी यात्राए जता.

जुओ **कम्बल–सम्बल, मथुरा**

भद्रगुप्ताचार्य

उज्जयिनीवासी एक आचार्य

आर्य रक्षित दशपुरमा पोताना गुरु तोसलिपुत्राचार्य पासे अगियार अंग अने जेटलो दृष्टिवाद तेमने अवगत हतो तेटलो शीख्या पछी उज्जयिनीमा दृष्टिवादना ज्ञाता आर्य वज्र छे एम साभळीने तेओ उज्जयिनी गया त्या भद्रगुप्त नामे एक वृद्ध आचार्यनी संलेखना प्रसगे आर्य रक्षित निर्यामक तरीके रह्या अने तेमनी उत्तम शुश्रूषा करी भद्रगुप्ताचार्य कालधर्म पाम्या पछी रक्षिते वज्रस्वामी पासे साडानव पूर्वोनो अभ्यास कर्यो पोताना अतकाळे भद्रगुप्ताचार्ये आर्य रक्षितने कहुं हतु के “तमारे आर्य वज्रनी साथे रहेवुं नहि, कारण के जे तेमनी साथे रहेशे ते तेमनी साथे ज मरण पामशे.” आथी आर्य रक्षित वज्रस्वामीथी अलग रह्या हता.[1]

१ आचू, पूर्वभाग, पृ ४०३–४, उने, पृ २३; **कल्कि, पृ.** १७०–७३, कसी. पृ १४५

वाणिक

एक अनार्य जाति, जे लूटफाट करी त्रास पहोंचती हती आगम साहित्यमां वाणिकान मालवानी अभिन्न गणता छ जुओ मालव–१

घळी जुओ उज्जयिनी मथुरा

ब्रह्मद्वीप

आभीर देशमां कृष्णा अने वेणा नदीना संगम आगळ आवेलो एक द्वीप त्यां वसता पांचसा तापसाने आर्य वज्रना मामा आर्य समितसूरिए प्रतिबोध पमाड्यो हतो. ए प्रतिबोध पामेला साधुओथी जैन साधुओनी ब्रह्मदीपक शाखानो प्रारंभ थयो हतो 'नन्दिसूत्र'ना प्रारंभे आपेली देवर्द्धिगणिनी गुरुपरंपरामां सिंहसूरिने ब्रह्मदीपक सिंह कह्या छ

१ आव्. पूर्व भाग पृ. ५४३ भाष्य पृ ५१५ कर्प पृ १११ कल्प. पृ ११४ कर्ष, पृ. १७१ कल्पी पृ. १४९–१५ नद् पृ. ५१ पिंडनि पृ. १४४

२ नमो देवर्द्धिगणि क्षमाश्रमण

भद्र आचार्य

भिन्नमालमां चालता एक सिक्काने 'चम्मलत'–'चमलात' कह्यो छे ए वस्तु अरा विचारवा जेवी छ सिक्कानुं ए नाम अविलक्षण अने अर्थरहित लागे छ निशीथचूर्णि'ना टाईप करेलो माइक्रोफिल्म सपादनमां अनेक अशुद्धिओ छ अने अहीं पण मूळ प्रतना 'च' न बदले भूलथी 'च' वंचाया होय अथवा मूळ प्रतना लहियाओए 'ब' नो 'च' कर्यो नाख्यो होय एम बनवुं असंभवित नथी. आ रीते 'चम्मलत'ने स्थाने 'बम्मलात' (=सं 'वर्मलात') वांचवामां आवे तो ए नामनुं श्रीमालना इतिहास साथे अनुसंधान थई शके तेम छ श्रीमालना राजा वर्मलातनो उल्लेख 'प्रभावकचरित'मां छ गुजरातना सुप्रसिद्ध संस्कृत कवि माघे पोताना शिशुपालवध नी प्रशस्तिमां प वर्मलातनो निर्देश कर्यो छे स स आ होय एम बने माघनो दादो सुप्रभदेव आ वर्मलातनो मंत्री हतो ' वर्मलात राजाना नामथी चहेर पोतेना सिक्का वर्मलात' नामथी ओळखाता होय ए सहज शक्य छे—जेम मध्यकालना केटलाक राजाओना सिक्काओनो निर्देश ' 'भीमप्रिय,' 'वीसल प्रिय' आदि वडे करेलो छे तेम कदाच वर्मलात' ए वर्मलात-प्रिय'नुं संक्षिप्त रूप पण होय

श्रीमालना पौराणिक वृत्तान्त माटे जुओ 'पुगु'मां श्रीमाल एना इतिहास माटे जुओ बॉम्बे गेझेटियर,' पु. १ भाग १मां 'भिन्नमाल' विशेनुं परिशिष्ट तथा काव्यानुशासन प्रस्तावना पृ ८२ १०२

१ जुओ पुष्कर

२ रूपमय वा नाणक भवति, यथा–भिल्लमाले द्रम्म । बृकक्षे, भाग २, पृ ५१८ श्रीमालना द्रम्मने 'पारोपथ द्रम्म' कहेता. 'श्रीमालनी टकशाळमा पाडेला, त्रण चार परखेला, बजारना व्यवहारमा आवता, चालु, भेळसेळ विनाना, रोकडा' पारोपथ द्रम्मनु चलण गुजरातमा ओछामा ओछु, विक्रमना तेरमा शतकना अंत सुधी हतु एम 'लेखपद्धति' (पृ २०, ३३, ३५, ३७, ३९ ४२, ५५ इत्यादि) उपरथी जणाय छे

३ चवदृगा से दिज्जति, ताम्रमय वा ज णाणग ववहरति त दिज्जति । जहा दक्खिणावहे कागणी, रुप्पमय जहा भिल्लमाले चम्मलातो, निचू, भाग ३, पृ ६१६–१७

४ आसूचू, पृ. ३३३

५ हेमचन्द्रकृत 'काव्यानुशासन,' प्रस्तावना (प्रो र छो परीख), पृ. ९५

श्रीस्थलक

श्रीस्थलक नगरमा भानु राजा हतो. एना सुरूप नामे पुत्रने मोदक भावता होवाथी ते 'मोदकप्रिय' नामे प्रसिद्ध थयो हतो सुरूपने एक वार वैराग्य पेदा थता सम्यक् ज्ञान, दर्शन, चारित्र्य साधड्या हतां अने छेवट ते केवलज्ञान पाम्यो हतो, एनी कथा छे [1]

गुजरातनु सिद्धपुर प्राचीन काळथी 'श्रीस्थल' तरीके जाणीतु छे. ते आ श्रीस्थलक हशे [2]

१ पिनिम, पृ ३३.

श्रीहर्ष

ईसवी सनना बारमा सैकाना उत्तरार्धमा थई गयेलो 'नैषधीय-चरित'नो कर्ता 'श्राद्धप्रतिक्रमण सूत्र'नी रत्नशेखरसूरिनी वृत्तिमा 'नैषध'[1] अने श्रीहर्षनो[2] नामोल्लेख करीने ए काव्यना श्लोको टांकेला छे मंत्री वस्तुपालना समयमा 'नैषध'नी नकल गुजरातमां आवी त्यार पछी ए काव्यनुं अध्ययन–अध्यापन अहीं चालतु रह्यु हतुं एनो आ एक विशेष पुरावो छे [3]

उल्लेख कर्यो छे,[3] ते उपरथी कथानुयोगना ग्रन्थ तरीके एनुं केटलुं महत्त्व गणातुं एनी कल्पना थई शके छे जैन साहित्यना सर्व उपलब्ध आगमेतर कथाग्रन्थोमां 'वसुदेव-हिंडी' प्राचीनतम छे[4]

जुओ सङ्घदासगणि क्षमाश्रमण

१ 'वसुदेव-हिंडी' (अनुवाद), उपोद्घात, पृ. १-२

२ एज, पृ ३-५

३ आचू, पूर्वभाग, पृ १६४, ३२४, ४६० आगमसाहित्यमां 'वसुदेव-हिंडी'ना अन्य आधारो तथा उल्लेखो माटे जुओ आम, पृ २१८, व्यम (उद्दे ५ उपरनी वृत्ति), पृ ६, श्राप्र, पृ. १६५, वग्र, पृ १६५; कफि, पृ ३५

४ नम, पृ ११७, वृकशे भाग ३ पृ ७२२

५ न च तेषामिष्टसिद्धिभवन सन्दिग्धमिति वाच्य, ज्ञाताधर्मकथाङ्ग-वसुदेवहिण्डिप्रभृत्यागमे साक्षादुक्तत्वात्। श्राप्र, पृ १६५

६ सघदासगणिनो समय, 'वसुदेव-हिंडी' अने 'बृहत्कथा'नो संबध, 'वसुदेव-हिंडी'नी भाषा, एमांथी प्राप्त थती सांस्कृतिक-सामाजिक माहिती अने बीजा आनुषगिक मुद्दाओनी चर्चा माटे जुओ 'वसुदेव-हिंडी' (अनुवाद), उपोद्घात

सपादलक्ष

राजपूतानामां आवेल शाकंभरी-साभरनी आसपासनो प्रदेश. सांभर ए प्रदेशनुं मुख्य नगर हतु.[1]

सपादलक्ष आदिमां 'वरट्टी'-बंटी नामनु धान्य प्रसिद्ध छे[2]

जुओ साम्भरि

१ ज्योडि, पृ. १७४ तथा १७८

२ 'वरग'त्ति वरट्टी धान्यविशेष सपादलक्षादिषु प्रसिद्ध । जप्रशा, पृ १२४

समयसुन्दर

खरतरगच्छना जिनचन्द्रसूरिना शिष्य सकलचन्द्रना शिष्य.

तेमणे रतनसीमां सं १६९१=१६३५ मां 'दशवैकालिक सूत्र' उपर 'दीपिका' नामे टीका रची हती. आ उपरांत 'कल्पसूत्र' उपर पण 'कल्पलता' नामे एमनी टीका जाणीती छे. समयसुन्दर संस्कृतना एक उत्तम विद्वान हता अने तेमणे अनेक ग्रन्थो रचेला छे. जैन गुर्जर साहित्यना पण तेओ एक सुप्रसिद्ध कवि छे. तेमनी साहित्य प्रवृत्ति सं. १६४२=ई. स. १५८५ ('भावशतक' रच्युं)थी मोडी सं. १६९८=ई. स. १६४२ ('जीवविचार,' 'नवतत्त्व' अने दंडक' उपरनी टीकाओ) सुधीना अर्धी शताब्दी करतां ये लांबा समयपट उपर विस्तरेली छे.

१ जुओ पृ. ११७ (प्रशस्ति)

२ समयसुन्दरना जीवन अने तेमना ग्रन्थो माटे जुओ पैराग्राफ, पृ. ५७६ तथा ५८८–८९. तेमनां गुजराती काव्यो माटे जुओ पांचमी गुजराती साहित्य परिषद्मां स्व. श्री. मोहनलाल द. देसाईनो निबंध 'कविवर समयसुन्दर'

समिताचार्य

समिताचार्य अथवा आर्य समित वज्रस्वामीना मामा हता. जैन साधुओनी ब्रह्मद्वीपक शाखा तेमना कर्तृत्वथी केवी रीते प्रवर्तमान थई ए विशे नीचेनो वृत्तान्त मळे छे. आभीरदेशमां कृष्णा अने बेणा नदीओना संगमस्थाने ब्रह्मद्वीपमां पांचसो तापसो रहेता हता. एमांनो एक तापस पोताना पग उपर अमुक प्रकारनो लेप करीने पाणी उपर फरतो हतो. आ चमत्कारथी लोको आश्चर्य पामता हता अने श्रावकोनी हेलना थती हती. वज्रस्वामीना मामा आर्य समित एक वार विहार करता त्यां आव्या. श्रावकोए तेमने बधी वात करी. 'आ तापस कोई प्रयोगथी नदीने उतरतो हशे' एवुं अनुमान करीने आर्य समिते तेमने कह्युं के 'तापसने तमारे घेर आमंत्रणथी बोलावीने चरणप्रक्षालन आ विधिथी एना पग बराबर धोई नाखजो.' पछी एक श्रावके तापसने

आमत्रण आपीने तेना पग धोई नाख्या, एटले पेलो लेप पण धोवाई गयो तापस नदीकिनारे आवी पाणीमा ऊतर्यो, एटले डूबी गयो पछी आचार्य त्यांथी नीकळ्या तेमणे नदीकिनारे आवी वासक्षेप नाखी कह्युं, ' आव, पुत्रि ! मारे सामे किनारे जवुं छे. ' एटले नदीना बन्ने तट मळी गया, अने आचार्य सामे किनारे चाल्या गया. आथी बधा तापसोए चमत्कृत थईने आर्य समित पासे जैन दीक्षा लीधी. तेओ सर्वे ब्रह्मद्वीपमा रहेता हता, तेथी ' ब्रह्मदीपक ' तरीके प्रसिद्ध थया.[1]

वसन्तपुरना निलय श्रेष्ठीना पुत्र क्षेमंकरे समितिसूरि पासे दीक्षा लीधी हती.[2] हरन्त नामे संनिवेशमा समितिसूरि आव्या त्यारे त्यांनो जिनदत्त नामे श्रावक साधुओ प्रत्येनी भक्तिथी खास तेमने निमित्ते आहार तैयार करावतो हतो, तेथी आचार्ये पोताना साधुओने ए वहोरवानो निषेध कर्यो हतो, एवो वृत्तान्त पण मळे छे[3]

जुओ अचलपुर, ब्रह्मद्वीप, वज्र आर्य

१ आचू, पूर्वभाग, पृ ५१४–१५; निभा, गा. ४४४८–५०; निचू, भाग ४, पृ ८७४–७५. वळी जुओ जीकभा, गा १४६३; कस, पृ १३२, कसु, पृ ५१३–१४. ककि, पृ १७१; कदी, पृ. १४९–५०, इत्यादि

२ विनिम, पृ १००.

३ पिनिम, पृ ३१

समुद्र आर्य

आर्य समुद्र ए आर्य मगूना गुरु होय एम जणाय छे.[1] एमनुं शरीर घणुं दुर्बळ हतु आथी एमने माटे आहारनी वानीओ जुदां जुदा मात्रक आदिमां जुदा जुदी लेवामा आवती हती, ज्यारे आर्य मंगू तो बधी चीजो एक ज पात्रमा लेता हता, जुदां जुदां पात्रमां लावेली चीजो तेओ खाता नहोता एक वार ए बन्ने आचार्यो विहार करता सोपारकमा गया. त्याना बे श्रावकोमानो एक गाडां चलावतो हतो,

दक्षिणापथ,[२] सुराष्ट्र तथा आंध्र, द्राविड आदि देशो[३] तावे कर्या हता.

जैन कथा अनुसार, सप्रति पूर्वजन्ममां कौशांबीमां भिखारी हतो अने मरती वखते आर्य सुहस्तीनो शिष्य थयो हतो. बीजा जन्ममा ते राजा थयो, ए वखते आर्य सुहस्ती उज्जयिनीमा जीवन्तस्वामीनी प्रतिमानु वंदन करवा माटे आव्या त्यारे रथयात्रामां एमने जोईने संप्रतिने पूर्वजन्मनुं स्मरण थयुं अने ते आचार्यनो शिष्य अने मोटो प्रवचनभक्त थयो. संप्रतिनो राजपिंड आर्य सुहस्तीना शिष्यो वापरता हता ए निमित्ते महागिरि अने सुहस्ती ए बन्ने आचार्यो वच्चे मतभेद थयो हतो, जेमां छेवटे सुहस्तीए क्षमा मागी हती.[४]

ए समये साडीपचीश आर्यदेशो सिवायना प्रदेशोमां जैन साधुओनो विहार थतो नहोतो. आथी संप्रतिए पोताना सरहदी माडलिकोने बोलावी तेमने जैन धर्मनो उपदेश आप्यो, अने साधुओ ज्यारे एओना देशमां विहार करे त्यारे एमनी प्रत्ये केवा प्रकारनु प्रवचनोचित वर्तन थवुं जोईए एनुं सूचन कर्युं. पछी संप्रतिए राजपुरुषोने साधुवेश धारण करावी ए देशोमा मोकल्या, अने ए रीते त्यांनी प्रजाने साधुओ साथे केवी रीते वर्तवुं एनी विधिथी परिचित बनावी पछीथी साधुओ पण त्यां जवा लाग्या, अने सरहदी देशो 'भद्रक'—विहार योग्य बन्या आ प्रमाणे संप्रतिए आन्ध्र, द्रविड, महाराष्ट्र, कुडुक्क आदि सरहदी प्रदेशो, जे अनेक अपायोथी भरेला हता तेमा साधुओनो सुखविहार प्रवर्ताव्यो[५]

संप्रति राजा ए जैन इतिहासमा मोटो प्रवचनभक्त राजा गणाय छे तेणे सवा करोड जिनचैत्य, सवा करोड जिनबिंब, छत्रीस हजार जीर्ण जिनचैत्योनो उद्धार, पचाणु हजार पित्तळना बिंब तथा हजारो उपाश्रयो कराव्या होवानी अनुश्रुति छे[६] आजे पण कोई स्थळे भूगर्भमां दटायेली प्रतिमा मळे छे एने श्रद्धाळु जैनो संप्रति राजाना समयनी माने छे.

स्वती पुराण'

१ वृस्से, भाग ३, पृ ८८३–८४ जुओ आनन्दपुर

२ तत्थ ताओ मरुडीओ एगदेवसियाओ जहा सरस्सईजत्ता, आसूचू, पृ ३६२

३ नूनमस्या [सरस्वत्या] सिद्धपुरपरिसरे प्राचीमुखप्रस्रमर पयःप्रवाहनविवमन् सुचिरविरञ्चिशिर कर्त्तनसञ्जातपातकविशुद्ध्यर्थमिव भगवान् भद्रमहाकालः, हम्मीरमदमर्दन, पृ ४७

सहस्राम्रवन

उज्जयतगिरि उपरनुं ए वन, ज्या नेमिनाथने केवलज्ञान थयुं हतुं.'

१ फको, पृ. १६९–७०

सह्यपर्वत

पश्चिमघाटनो उत्तर तरफनो भाग. एनो उल्लेख 'आवश्यकसूत्र'-नी निर्युक्तिमा छे' एक दुर्गमा वसता कोंकण देशना पुरुषो सह्य नामे पर्वत उपरथी घउं, गोळ, घी, तेल आदि उतारवानु अने त्या चढाववानुं काम करे छे,² एवो पण निर्देश छे

१ आनि, गा ९२५

२ एकस्मिन् दुर्गे निवसन्त कुङ्कुणदेशोद्भवा पुरुषा सह्यनाम्न पर्वताद् गोधूमगुडघृततैलादिभाण्डमवतारयन्त्यारोहयन्ति च । आहेहा, पृ ५५

कोङ्कणे एगम्मि दुग्गे सज्झस्स भड आरुहति विलयति य, आम, पृ ५१२

सातवाहन

जुओ सालवाहन

साम्ब

जाबवतीथी थयेलो कृष्णनो तोफानी पुत्र. एना अडपलांनी कथाओ अनेक स्थळे छे, अने ते पुराणादिमा वर्णवेली कृष्णनी क्रीडाओ साथे

१ जुओ कुमार

२ गुवे, भाग १ पृ ११७-१८

३ मिनू भाग १ पृ ४१८

४ जुओ महागिरि आर्य सुहस्ती आर्य

५ गुवे भाग १, पृ ११७-२१

६ अचि, पृ ११४-१५ अने पृ ११६

सरस्वती

उत्तर गुजरातनी सरस्वती नदी, जेना किनारे पाटण, सिद्धपुर वगेरे ऐतिहासिक स्थानो आवेलां छे

सरस्वती नदीनो पूर्वदिशाभिमुख प्रवाह ज्यां छे त्यां वसे आनंदपुरवासी लोको शरदऋतुमां यथाविभव संखडि-उजाणी करे छे[१] वळी अन्यत्र, एक दिवसनी संखडि माटे सरस्वतीप्राप्तनु उदा-हरण आपेलुं छे

सरस्वतीनो प्रवाह पूर्वथी पश्चिमे वहे छे आथी जे थोडा प्रदेश-मां पण ए पूर्वाभिमुख वाय छे ए प्रदेश पवित्र गणाय छे सर-स्वतीनो आ 'प्राचीनवाह' प्रवाह सिद्धपुर पास छे अने त्यां जूना समयथी कार्तिकी पूर्णिमाने दिवस मोटो मेळो भराय छे, ज्यां आस पासना प्रदेशमांथी हजारो माणसो एकत्र थाय छे 'आनंदपुरवासी लोको'नो अर्थ 'प्राचीन आनंदपुरनी आसपासना विस्तारमां वसता लोको' एवो करीए तो एनी ऐतिहासिक औचित्य जळवाय

सरस्वतीना पूर्वाभिमुख प्रवाहनो उल्लेख जयसिंहसूरिना 'हम्मीर मदमर्दन' नाटक (ई स ना १३मा शतकनो पूर्वार्ध) मां सिद्धपुरना रुद्रमहालयना वर्णनप्रसंगमां पण छे[२]

सरस्वतीना इतिहास माटे जुओ 'गुजरातना इतिहास'नो परि शिष्ट १, पुगु मां सरस्वती तथा श्री. कनैयालाल दवे संपादित 'सर

स्वती पुराण'

१ बृकशे, भाग ३, पृ ८८३-८४ जुओ आनन्दपुर

२ तत्थ ताओ सरुडीओ एगदेवसियाओ जहा सरस्सईजत्ता, आसूचू, पृ ३,२

३ नूनमस्या [सरस्वत्या.] सिद्धपुरपरिसरे प्राचीमुखप्रसृमर पय-प्रवाहमधिवसन् सुचिरविरञ्चिशिर कर्त्तनसञ्जातपातकविशुद्ध्यर्थमिव भगवान् भद्रमहाकाल., हम्मीरमदमर्दन, पृ. ४७

सहस्राम्रवन

उज्जयतगिरि उपरनुं ए वन, ज्यां नेमिनाथने केवलज्ञान थयुं हतुं.[१]

१ कको, पृ १६९-७०

सह्यपर्वत

पश्चिमघाटनो उत्तर तरफनो भाग. एनो उल्लेख 'आवश्यकसूत्र'-नी निर्युक्तिमां छे[१] एक दुर्गमां वसता कोंकण देशना पुरुषो सह्य नामे पर्वत उपरथी घउं, गोळ, घी, तेल आदि उतारवानुं अने त्या चढाववानुं काम करे छे,[२] एवो पण निर्देश छे

१ आनि, गा ९२५

२ एकस्मिन् दुर्गे निवसन्त कुङ्कुणदेशोद्भवा पुरुषा सह्यनाम्न पर्वताद् गोधूमगुडघृततैलादिभाण्डमवतारयन्त्यारोहयन्ति च । आहेहा, पृ ५५

कोङ्कणे एगम्मि दुग्गे सज्झस्स भंड आरुहति विलयति य, आम, पृ. ५१२

सातवाहन

जुओ सालवाहन

साम्ब

जाबवतीथी थयेलो कृष्णनो तोफानी पुत्र. एना अडपलांनी कथाओ अनेक स्थळे छे, अने ते पुराणादिमां वर्णवेली कृष्णनी क्रीडाओ जाणे

केटलाक अंशो मळी आवे छे. केटलीक उदाहरणरूप कथाओनो संक्षेप अहीं आप्यो छे :

द्वारकामां बलदेवना पुत्र निषधनो पुत्र सागरचन्द्र खूब रूपाळो हतो अने साम्ब वगेरे सर्वने ते प्रिय हतो. द्वारकामां वसता बीजा एक राजाने कमलमेला नामनी एक अति रूपवान पुत्री हती. उग्रसेनना भाणेज धनदेव साथे एनुं सगपण करेलुं हतुं. एक वार नारद मुनि सागरचन्द्र पासे आव्या अने तेनी आगळ कमलमेलानी प्रशंसा करी. आथी सागरचन्द्र कमलमेलामां आसक्त थयो, अने ते कन्यानी आकृति चीतरतो तथा एनुं नाम रटतो रहेवा लाग्यो. पछी नारद कमलमेला पासे गया, अने एनी आगळ तेमणे सागरचन्द्रनी प्रशंसा करी अने धनदेवनी निन्दा करी. आथी कमलमेला पण सागरचन्द्रमां आसक्त थई. नारदे आ वात जईने सागरचन्द्रने करी. पछी सागरचन्द्रे साम्बने कमल-मेला साथे पोतानो मेळाप करी आपवानी विनंति करी. बीजा कुमारोए साम्बने मद्य पिवरावीने तेनी पासे आ विनंती स्वीकारावी, पण मद्यनुं घेन उतरी गया पछी साम्बने आ कामनी मुश्केलीनुं भान थयुं. विचार करीने तेणे प्रद्युम्न पासे प्रज्ञप्तिविद्यानी मागणी करी. प्रज्ञप्तिनी सहायथी तेणे कमलमेलानुं प्रतिरूप विकुर्व्युं तथा कमलमेलानी जगाए गोठवी दीधुं अने जे दिवसे कमलमेलानुं धनदेव साथे लग्न थवानुं हतुं ते दिवसे एनुं हरण करीने रैवतक उद्यानमां एने सागरचन्द्र साथे परणावी दीधी. पछी धनदेव साथेना लग्न समये विद्याप्रतिरूप तो अट्टहास करीने आकाशमां ऊडी गयुं. कमलमेला विशे नारदने पूछवामां आवतां तेमणे कह्युं के 'कमलमेलाने में रैवतक उद्यानमां जोई हती. कोई विद्याधर एने हरी गयो छे.' आ सांभळी कृष्ण सैन्य सहित नगरनी बहार नीकळ्या. साम्ब पण विद्या-धरनुं रूप धारण करीने लडवा माटे सामे आव्यो. सर्व राजाओने तेणे पराजय कर्यो, पण ज्यारे एणे जोयुं के पिता कोपायमान थया छे त्यारे ए कृष्णने पगे पड्यो, अने कह्युं, 'आ कमलमेला आपघात

फरवा माटे गोखमांथी पडतुं मूकती हती, तेने बचावीने अमे अहीं लाव्या छीए ' पछी कृष्णे उग्रसेननुं सान्त्वन कर्युं अने बधा सुखपूर्वक रहेवा लाग्या

एक वार भगवान अरिष्टनेमि द्वारवतीमा समोसर्या एमनो उपदेश सांभळीने सागरचन्द्रे एमनी पासे दीक्षा लीधी ए पछी एक वार सागरचन्द्र शून्यगृहमां एकरात्रिकी प्रतिमोमां रहेला हता त्यारे धनदेवे एमना वीसे नखमां त्रांबानी सोयो ठोकी दीधी आथी सागरचन्द्र मरण पाम्या. बीजे दिवसे तपास करतां त्रांबाना कारीगर पासेथी माछम पड्युं के आ सोयो धनदेवे घडावी हती क्रोधायमान थयेला सांब आदि कुमारोए धनदेव पोताने सोंपी देवामां आवे एवी मागणी करी. परिणामे यादवोना बे पक्षो वच्चे युद्ध थयुं, परन्तु देव थयेला सागरचन्द्रे बन्नेने शान्त कर्या. पछी कमलमेलाए पण भगवान अरिष्ट-नेमि पासे दीक्षा लीधी

एक वार जांबवतीए कृष्णने कह्युं के 'मारा पुत्रनुं कोई तोफान हजी जोवामां आव्युं नथी,' त्यारे कृष्णे कह्युं के 'कोई वार बतावीश.' पछी कृष्ण पोते आभीर थया अने जांबवतीए आभीरीनु रूप लीधुं, अने तेओ द्वारवतीमां दहीं वेचता फरवा लाग्या. साबे जांबवतीने जोईने दहीं लेवा बोलावी, अने पछी तेने एकलीने पराणे एक देवकुळमां खेंचो जवा लाग्यो. पाछळथी आभीरना रूपमा कृष्ण आव्या, अने बन्ने वच्चे युद्ध थयु आभीर कृष्ण वासुदेव थया अने आभीरी जांबवतीरूपे प्रकट थई, एटले माबापथी शरमायेलो साब अवगुंठन करीने नासी गयो. बीजे दिवसे यादवोनी सभामां एने पराणे बोलाववामा आव्यो त्यारे ते लाकडानो एक खीलो घडतो घडतो आव्यो. कृष्णे एनुं कारण पूछतां ते बोल्यो, 'जे गई कालनी वात कहेशे एना मुखमां आ ठोकवानो छे.'

१ आम, पृ. १

मथुरा तेम ज दक्षिण मथुरा बन्ने उपर विजय कर्यो. पछी जईने राजाने विजयनी वधामणी आपी ए ज समये बीजा कोई दूते राजाने जईने कह्यु के 'अग्रमहिषीने पुत्र जन्म्या छे' त्यारे वळी त्रीजाए खबर आपी के 'अमुक स्थळे विपुल निधि प्रकट थयो छे.' आ प्रमाणे एक साथे अनेक मंगळ समाचारो आववाथी अतिहर्षने कारणे सालवाहन दीप्तचित्त थई गयो ते पलगो तोडवा लाग्यो, स्तंभो उपर प्रहार करवा लाग्यो, अने अनेक प्रकारे असमंजस बोलवा लाग्यो एना प्रलापमा नीचेनी गाथाओ पण हती ·

सच्च भण गोदावरि ! पुव्वसमुद्देण साविया संती ।
साताहणकुलसरिस, जति ते कूले कुलं अत्थि ॥६२४६॥
उत्तरतो हिमवंतो, दाहिणत सालिवाहणो राया ।
समभारभरक्कंता, तेण न पल्हत्थए पुहवी ॥ ६२४७ ॥

[अर्थात् हे गोदावरी ! पूर्व समुद्रना सोगन खाईने साचुं कहे : सातवाहनना जेवुं बीजुं कोई कुळ तारा कूल—किनारा उपर छे ?

उत्तरमां हिमालय अने दक्षिणमां शालिवाहन राजा—एम (बन्ने दिशामां) सरखा भारथी आक्रान्त थयेली पृथ्वी चलायमान थती नथी]

पछी राजाने भानमां लाववा माटे खरक मंत्रीए एक उपाय कर्यो अनेक स्तंभो अने भींतो तेणे तोडी नाख्या राजाए पूछ्युं : 'आ कोणे कर्युं ?' एटले मंत्रीए उत्तर आप्यो 'आपे.' पछी 'आ मारी आगळ मिथ्या भाषण करे छे' एम मानीने राजाए तेने लात मारी. सकेत प्रमाणे बीजा माणसोए अमात्यने अन्यत्र छुपावी दीधो. पछी कंईक जरूर पडतां राजाए पूछ्युं 'अमात्य क्यां छे ?' पेला माणसोए कह्युं 'आपनी आगळ अविनय कर्यो, तेथी एमनो वध करवामा आव्यो छे.' त्यारे राजा सोरवा मांड्यो के 'में आ सारु न कर्युं, ए समये मने कंई भान न रह्युं' पछी पेला राजपुरुषो बोल्या के

सिद्धराज जयसिंह

सं. ११४९ थी ११९९=ई. स. १०९३ थी ११४३ सुधी अणहिलवाडनी गादी भोगवनार गुजरातनो चौलुक्यवंशीय राजा

अभिलषित धन होय छता एनी रक्षा, प्रतिष्ठाप्राप्ति अने अभीष्ट स्रीनी कामना करता मनुष्य दु:खी थाय, अने स्रीनी प्राप्ति थाय छतां मनुष्य पुत्रादिनी आशाथी दु:खी थाय–ए संबंधमां राजा सिद्धराज जयसिंहनुं उदाहरण 'श्राद्धप्रतिक्रमण सूत्र'नो रत्नशेखरनी वृत्ति (ई स. १४४०) मां आपेलुं छे.[1]

सिद्धराज विशेनी आ प्रकारनी किंवदंती लोकप्रसिद्ध हशे, ते उपरथी आ उदाहरण लेवायुं लागे छे.

१ एवमभिलषितधनत्वेऽपि तद्रक्षास्त्रप्रतिष्ठाप्राप्त्यभीष्ट–स्त्रीसंयोगकामितकामभोगाद्याशया तत्प्राप्तावपि सिद्धराज–जयसिंहनृपादिवत् पुत्राद्यपत्याशया . .सर्वदापि दु:खिन एव,...श्राप्र, पृ १०१

सिद्धसाधु

तेओ हरिभद्रसूरिना शिष्य हता. बुद्धधर्मनो मर्म जाणवा माटे तेओ बौद्धो पासे गया हता, त्या बौद्ध मतथी तेओ भावित थया, पण गुरुने वचन आप्युं हतुं, एटले तेमनी विदाय लेवा माटे आव्या गुरुए तेमने प्रतिबोध कर्यो, पण बौद्धोने पण वचन आप्युं हतुं एटले पाछा तेमनी विदाय लेवा माटे गया. आम एकवीस वार थयु. छेवटे हरिभद्रसूरिए तेमना प्रतिबोध माटे 'ललितविस्तरा' वृत्ति रची, त्यारपछी तेओ गुरु पासे स्थिर थईने रह्या[1]

'प्रभावकचरित' अनुसार आ सिद्ध साधु ते 'उपमितिभवप्रपंच कथा'ना कर्ता सिद्धर्षि छे.[2] पण ऐतिहासिक प्रमाणो आपणने निश्चितपणे एम मानवा प्रेरे छे के सिद्धर्षि ए हरिभद्रसूरिना प्रत्यक्ष शिष्य नहोता, केम के सिद्धर्षिना पोताना ज कथन मुजब, तेमनी उपर्युक्त कथा

सं ९६२=ई स ९०६मां रचाई छे, ज्यारे हरिभद्रसूरि ए विक्रमना आठमा सैकाना उत्तरार्धमां अने नवमा सैकाना पूर्वार्धमां थई गया[१] सिद्धर्षिए पोताना 'धर्मबोधकर गुरु' तरीके हरिभद्रनो उल्लेख कर्यो छे अने तेमणे 'ललितविस्तरा' वृत्ति अनागतनो विचार करीने पोताने माटे ज निर्मी होवानु बहुमानपूर्वक नोंध्युं छे 'ललितविस्तरा' वृत्ति जाणे के अनागत—भविष्यनो विचार करीने पोताने माटे हरिभद्रे रची ए सिद्धर्षिना शब्दोना वास्तविक अर्थ तो ए थई शके के बन्ने प्रत्यक्ष समकालीनो नथी पण तो एक पूर्व कालीन विद्वाने पोतानी आध्यात्मिक दृष्टिने बराबर रुचे एवी कृति रची ए माटेना सिद्धर्षिना प्रशंसाना उद्गारो छे सिद्धर्षिने बौद्धमतनु आकर्षण हतो पण 'ललितविस्तरा'नु अध्ययन करीने तेओ जैन मतमां स्थिर थया एवो अर्थ पण उपर टांकेली अनुश्रुतिनो करी शकाय

१ भामर पृ. १९

२ प्रभ सिद्धर्षिचरित श्लो ११-१४७

३ पूनानी ओरिएन्टल कॉन्फरन्समां आचार्य जिनविजयजीनो निबंध हरिभद्राचार्यस्य समयनिर्णयः

सिद्धसेनगणि

जिनभद्रगणि क्षमाश्रमणकृत जीतकल्पसूत्र उपरनी चूर्णिना[१] कर्ता आ सिद्धसेनगणि जिनभद्रगणिनी पछी अर्थात् ई स ९०९थी अर्वाचीन काळमां थया एटलुं तो नक्की छे पण तेमना समय विशे तथा तेओ कोण हता ए विशे निश्चयपूर्वक कही शकाय एम नथी.[२]

१ जीतकल्पचूर्णिः समाप्ता। सिद्धसेनकृतिरेषा। जीतसू पृ २

२ जीतसू प्रस्तावना पृ. १७

सिद्धसेन दिवाकर

आदि जैन तार्किक कवि अने स्तुतिकार तेमने परंपरा राजा

विक्रमादित्यना समकालीन गणवामां आवे छे, तथा विक्रमने जेमणे जैनधर्मी कर्यो होवानु मनाय छे

एमने विशेना केटलाक प्रकीर्ण उल्लेखो आगमसाहित्यमा छे एमा सौथी महत्त्वनो उल्लेख केवलीने केवलज्ञान अने केवलदर्शन युगपत थतु होवा विशेनो तेमनो मत छे आगमिक मत एवो छे के केवलीने केवलज्ञान अने केवलदर्शन युगपत्—एक साथे थतु नथी, पण एक समये केवलज्ञान अने बीजे समये केवलदर्शन एम वारवार थया करे छे सिद्धसेन आ मतने तर्कथी असिद्ध गणे छे जिनभद्रगणि क्षमाश्रमण जेवा पछीना आचार्योए सिद्धसेनना आ मतनुं खंडन कर्यु छे. आगमसाहित्यमा सिद्धसेन अने जिनभद्रना आ मतांतरोनी वारवार नोंध लेवामां आवी छे.[१]

सिद्धसेनकृत 'द्वात्रिंशिकाओ' माथी कवचित् अवतरण आपवामा आवेलु छे[२] 'निशीथसूत्र' उपर सिद्धसेने एक टीका रची हती, एम 'निशीथचूर्णि' मांना उल्लेखो उपरथी जणाय छे[३] पण आजे ए टीका विद्यमान नथी 'योनिप्राभृत' शास्त्रथी सिद्धसेनाचार्ये घोडा बनाव्या होवानो उल्लेख पण छे[४] एमना सुप्रसिद्ध न्यायग्रन्थ 'सन्मतितर्क-'नो उल्लेख प्राचीन चूर्णिओमां 'दर्शनप्रभावक शास्त्र' तरीके करेलो छे[५]

'न्यायावतार सूत्र' अने 'कल्याणमन्दिरस्तोत्र' ए सिद्धसेननी अन्य कृतिओ छे

सिद्धसेनना समय विशे विद्वानोमा जबरो मतभेद छे अने ईसवी सननी पहेली शताब्दीथी माडी सातमी शताब्दी सुधी जुदा जुदा विद्वानोए एमनो समय गण्यो छे[६] 'सन्मतितर्क'नी प्रस्तावना (पृ. ३५–४३)मा तेमनो समय विक्रमनो पांचमो सैको गणेलो छे. मिस शार्लोट क्रौझेए सिद्धसेनने समुद्रगुप्तना समकालीन गण्या छे.[७]

सिद्धसेन विशेना परंपरागत वृत्तान्त माटे जुओ 'प्रभावकचरित'मां 'वृद्धवादिचरित' तथा 'प्रबन्धकोश' मां 'वृद्धवादि–सिद्धसेन सूरिप्रबन्ध,' तथा एमना जीवन विशे ऐतिहासिक चर्चा माटे जुओ 'सन्मतिप्रकरण,' प्रस्तावना, पृ ३५-८२ सिद्धसेननी विशिष्टताओना संक्षिप्त, पण समर्थ निरूपण माटे जुओ 'भारतीय विद्या,' पु. ३, सिंघी स्मृतिग्रन्थमां प सुखलालजीनो लेख 'प्रतिभामूर्ति सिद्धसेन दिवाकर.'

जुओ गन्धहस्ती

१ मसूल (कडक १ उ ३), मडा पृ. ५१ बंध पृ. ११४ ११५ ११८ १७५, कर्म पृ. ११५, धर्मि पृ. १२७ इत्यादि

२ बृहत् भाग १ पृ. १५५

३ एतस्य विशालमहामतस्य सिद्धसेनाचार्यः स्पष्टेनाभिधानेनाभ्य- भिधत्ते । विशे॰ भाग १ पृ ७८

अस्यार्थस्य स्पष्टतरं व्याख्यानं सिद्धसेनाचार्यो करोति–सुबद्ध पञ्च- कल्पार्थं (भा गा. १ ३) पृ ब पृ. ९६

भा. गा ५ ४ (एकस्मिं तं सुत्ते) सिद्धसेनकृत छे केम के एनी चूर्णि वस्तु छे इत्येवार्थं सिद्धसेनाचार्यो स्वसुखम इत्यत्र, ए व पृ १५२

४ तत्र योगिप्रत्यक्षादिवा अतीन्द्रियार्थपरीक्षाणि निर्वर्तयन्ति तथा सिद्धसेनाचार्यैर्व्याख्याताः ।

बृहत्॰ भाग १ पृ ७५१

निशीथचूर्णि मां पण आ प्रमाणो आवेल छे ('सन्मतिप्रकरण प्रस्तावना पृ १७).

५ प्रभ (अनुवाद) प्रस्तावना पृ. ७९

६ विन्टरनित्स हिस्ट्री ओफ इन्डियन लिटरेचर, भाग २ पृ. ४७५ टिप्पण

७ विक्रम वोल्युम (पृ २१३-२८) मां तेमनो लेख 'सिद्धसेन दिवाकर ओन्ड विक्रमादित्य.'

सिनवल्ली

सिनवल्ली रण जेवी जगा हती[1] कुंभकारप्रक्षेप नगर त्या आवेलुं हतु

'सिनवल्ली'नुं 'सिन' अग 'सिन्ध' शब्दनुं अपभ्रष्ट रूप हशे?

जुओ **कुम्भकारप्रक्षेप, वीतभयनगर**

१ आचू, उत्तर भाग, पृ ३४-३७

सिन्धु

[१] सिन्धु नदी. गंगा, सिन्धु वगेरेने महानदीओ कही छे अने तेमना जळने 'महासलिलाजल' कह्युं छे[1]

[२] सिन्ध देश सिन्ध आदि देशो 'असंयम विषय' (ज्या संयम पाळवो कठण पडे एवा प्रदेश) होवाथी त्यां वारंवार विहार करवानो निषेध करेलो छे.[2] सिन्धु, ताम्रलिप्त (खंभात) आदि प्रदेशोमां मच्छर पुष्कळ होय छे[3] सिन्धना ऊटनु चर्म घणुं मृदु होय छे.[4] सिन्धमां गोरसनो खोराक व्यापक प्रचारमा होवाथी जे सिन्धवासीए दीक्षा लीधी होय ते गोरस विना रही शकतो नथी.[5] सिन्ध देशमा अग्निने मंगल गणेलो छे,[6] तथा त्या धोबीओने अपवित्र गणवामां आवता नथी.[7] सिन्धु विषयमां वगर फाडेला, आखां वस्त्रो पहेरवानो रिवाज छे.[8] दुर्भिक्षना समयमा मांसभक्षण सामान्य छे, पण सिन्धमां सुभिक्षना समयमा पण लोको मास खाय छे[9] त्यां नदीनां पाणीथी धान्य नीपजे छे[10] सिन्धमां दारू राखवाना पात्रमां पण भोजन गर्हित गणातु नथी, एवो देशाचार छे[11]

१ बृक्षे, भाग ४, पृ ९५७

२ ए ज, भाग ३, पृ ८१६

३ सूकृचू, पृ. १०१. जुओ ताम्रलिप्ति.

४ आसूचु, पृ २६४

सिप्रा

माळवानी एक नदी, जेना किनारे उज्जयिनी आवेलु छे.

रोहकने सिप्रा नदीना किनारे बेसाडीने एनो पिता कोई वीसरायेली वस्तु लेवा माटे पाछो उज्जयिनीमां गयो, त्यारे रोहके नदीनी रेतीमां प्राकार सहित आखी उज्जयिनीनुं आलेखन कर्युं हतुं एवी वार्ता छे.[1]

१ नम, पृ १४५. जुओ **रोहक.**

सिंहपुर

अगियारमा तीर्थंकर श्रेयांसनाथना जन्मस्थान तरीके सिंहपुरनो उल्लेख छे,[1] ते बनारस पासेनुं जैन तीर्थ सिंहपुरी मानवामां आवे छे.[2]

पण 'सूत्रकृतांग सूत्र'नी शीलांकदेवनी वृत्तिमां उद्धृत थयेला एक हालरडामां नक्रपुर, हस्तकल्प, गिरिपत्तन, कुक्षिपुर, पितामहमुख अने शौरिपुर ए नगरोनी साथे सिंहपुरनो उल्लेख छे.[3] आ सिंहपुर ते बनारस पासेनुं सिंहपुरी के सौराष्ट्रनुं सिंहपुर—सीहोर ए प्रश्न विचारवा जेवो छे ए हालरडामां निर्देशेलां हस्तकल्प[4] अने गिरिपत्तन[5] ए बे नगरो निःशंकपणे गुजरातनां छे ए पण साथोसाथ याद राखवु जोईए.

१ आनि, ३८३

२ 'प्राचीन तीर्थमाला,' पृ ४

३ सूकृशी, पृ ११९; अवतरण माटे जुओ **कान्यकुब्ज**

४ जुओ **हस्तिकल्प**

५ जुओ **गिरिनगर**

सुन्दरीनन्द

एने विशेनी कथानो साराश आ प्रमाणे छे नासिक्य—नासीकमा नद नामे वणिक हतो, एनी सुन्दरी नामे पत्नी हती सुन्दरीमां नंद अत्यंत आसक्त होवाने कारणे लोकोए एनु नाम 'सुन्दरीनन्द' पाड्युं हतुं. एना भाईए दीक्षा लीधी हती. ए नंदने प्रतिबोध पमाडवा माटे आव्यो

सुन्दरीनंदे तेने भोजन वहोराव्युं पछी साधुए तेनी पासे पात्र उपडाव्युं अने पोतानी साथे चलाव्यो. सुन्दरीनन्दना मनमां हतुं के 'हमणां भाई मने रजा आपशे ' पण साधु तो तने पोताना निवास ज्यां हतो त उद्यान सुधी लई गया लोकोए हाथमां पात्र सहित नंदने जोयो, अने कहेवा लाग्या के 'सुन्दरीनंदे दीक्षा लीधी छे!' पटलामां तो उद्यान-मां साधुए नंदने देशना आपी, पण उत्कट रागवाळो होवाने कारणे तेने प्रतिबोध पमाडी शकायो नहि साधु वैक्रिय लब्धिवाळा-इच्छा मुजबनां रूपो उत्पन्न करवानी शक्तिवाळा हता तेमणे वानरयुगल विकुर्व्युं, अने नंदने पूछ्युं के, 'सुन्दरी अने वानरी वच्चे केटलुं अंतर?' नंदे उत्तर आप्यो, 'भगवन्! सरसव अने मेरु जेटलुं ' पछी साधुए विद्याधरमिथुन विकुर्व्युं अने नंदने पूछ्युं एटले तेणे उत्तर आप्यो के 'विद्याधरी अने सुन्दरी तुल्य रूपवाळी छे' पछी साधुए देवमिथुन विकुर्व्युं एटले ए देवांगनाने जोईने नंद बोल्यो के 'भगवन्! आनी आगळ सुन्दरी वानरी जेवी छे ' साधुए कह्युं के 'आ तो थोडा धर्मनी प्राप्तिनुं फळ छे ' आ पछी साचा धर्मनुं फळ विचारीने सुन्दरीनन्दे दीक्षा लीधी

बुद्धनो ओरमान भाई नंद पोतानी पत्नी सुन्दरीमां आसक्त हतो एने पराणे दीक्षा आपवामां आवी हती अने दृष्टान्तोथी वैराग्यमां स्थिर करवामां आव्यो हतो–एनो कथा वर्णवता अश्वघोषना 'सौन्दरानन्द काव्य'ना वस्तुनुं कोई रूपान्तर उपर्युक्त कथामां रजू थयुं छे एम जणाय छे

एक भाई दीक्षित होय अने ते गृहस्थ भाईने त्यां भिक्षा माटे आवी पात्र उपडावी एने पोतानी साथे लई जाय अने पछी दीक्षा आपे ए प्रसंग उपर्युक्त कथानो जेम जंबुस्वामीनी पूर्वभवकथामां भवदत्त अने भवदेवना संबंधमां मळे छे जे एना प्राचीनतम रूपे 'वसुदेव-हिंडी' (भाषान्तर, पृ २५–२७)मां प्राप्त थाय छे

जुओ नासिक्य

१ आव्, पूर्व भाग, पृ ५६६, आम, पृ, ५३३

सुरप्रिय

एक यक्ष. एनुं आयतन द्वारवती पासेना नंदनवन उद्यानमा हतुं

जुओ द्वारवती, रैवतक

सुराम्बर

एक यक्ष. एनुं आयतन शौरिपुरमां हतुं.[1]

१ प्राय, पृ ६७

सुराष्ट्र

साडीपचीस आर्य देशो पैकी एक, जेनी राजधानो द्वारवती–द्वारकामा हती[1]

'अनुयोगद्वार सूत्र'मां क्षेत्रनी वात करतां, मगध, मालव, महाराष्ट्र अने कोंकणनी साथे सुराष्ट्रनो उल्लेख कर्यो छे[2] 'कल्पसूत्र'नी विविध टीकाओमां आपेला 'राज्यदेशनाम'मां 'सौराष्ट्र' पण छे[3] 'सुरट्ठा' अथवा सुराष्ट्र छन्नु मंडलमां वहेंचायेलो हतो[4]

एक माणस 'सौराष्ट्र' एटले के 'सुराष्ट्रनो' केवी रीते कहेवाय ए नीचे प्रमाणे समजाव्युं छे· गिरिनगरमां निवास करवानी इच्छाथी कोई माणस मगधमांथी सुराष्ट्र तरफ जवा नीकळे अने सुराष्ट्रना सीमाडे आवेला गाममा पहोंची जाय, पछी एनो निर्देश करवानो प्रसंग उपस्थित थतां एने माटे 'सौराष्ट्र'–अर्थात् 'सुराष्ट्रनो'–एवा शब्दनो व्यवहार थाय छे.[5] वळी 'सूत्रकृतांगचूर्णि'मा मगधना श्रावक साथे सुराष्ट्रना श्रावकनो उल्लेख छे ('खेत्ते जो जत्थ खेत्ते पुरिसो, जहा सोरट्ठो सावगो मागधो वा एवमादि,' पृ. १२७), ए वस्तु सूचवे छे के चूर्णिकारना समयमा जैनधर्मना केन्द्रोमा मगध अने सुराष्ट्र पण हतां.

एक संनिवेशमां बे दरिद्र भाईओ हता, तेओए सुराष्ट्रमां जईने एक हजार रूपक उपार्जित कर्या हता एवुं एक प्राचीन कथानक छे ते उपरथी समुद्रथी वींटायेला सुराष्ट्रमां बहोळो वेपार चालतो हतो एवुं अनुमान स्वाभाविक रीते ज थाय छे

'वसुदेव-हिंडी' (ई स ना पांचमा सैका आसपास) ना 'गन्धर्वदत्ता लम्भक'मांथी सुराष्ट्रनी वेपारी आढोमणलीनुं समर्थन करतो पुरावो प्राप्त थाय छे एमां चारुदत्त नामे वणिकपुत्र चीनस्थान, सुवर्णभूमि, कमलपुर, यवद्वीप सिंहल तथा पश्चिमे बर्बर अने यवन देशनो जळप्रवास खेडीने पाछा फरतां सुराष्ट्रना किनारे प्रवास करतो हतो अने किनारो दृष्टिमर्यादामां हतो त्यारे एनुं वहाण भांगी गयुं अने सात रात्रिओ एक पाटियाने आधारे समुद्रमां गाळ्या पछी 'उंबरावतीवेला' ए नामथी ओळखाता तीरप्रदेश उपर ते फेंकाई गया हतो ('वसुदेव-हिंडी,' मूळ पृ १४९ भाषान्तर, पृ. १८९)

कुणालना पुत्र संप्रतिए उज्जयिनीमां रहीने सुरा॰ विषय स्वाधीन कर्यो हतो सुरा॰-ए नेमिनाथनी जन्मभूमि अने विहारभूमि होई त्यां जैन धर्मनुं जोर होय अने जैन साधुओ ए प्रदेशमां विचरता होय ए स्वाभाविक छे पण संप्रतिनुं आधिपत्य त्यां स्थपाया पछी जैन धर्मनी प्रवृत्तिने वेग मळ्यो हशे आ अनुमानने समर्थन आपतां प्रमाणरूप कथानको आगमसाहित्यमां मळे छे सुराष्ट्र विषयमां बे आचार्यो हता एक आचार्य कायम त्यां ज रहेता हता तेमणे आर्यखुक आचार्यने सुगमदुर्गम मार्गो तथा सुखविहार करी शकाय एवां क्षेत्रो वगेरे बधुं समजाव्यां हतां जुदा जुदा प्रदेशोना जननी साधुओना वैराग्य विसे आम कह्युं छे एक साधु सुराष्ट्रनी प्रशंसा करे छे के 'सुराष्ट्र विषय रमणीय छे' बीजो साधु बोल्यो के ए कूपमंडूक छे तमे शी खबर छे? सारा देश तो दक्षिणापथ छे' आम वैराग्यथी चाल्या उत्तर-प्रत्युत्तरोमांथी कलह उत्पन्न थाय छ

सुराष्ट्रमां जैन साधुओनो विहार घणा प्राचीन काळथी व्यापक हतो एम सूचवतुं एक लोकप्रचलित पद्य, ई. स. ना पाचमा सैका आसपास रचायेल प्राकृत गद्यकथाग्रन्थ 'वसुदेव-हिंडी'ना 'गंधर्वदत्ता लभक'मा मळे छे जुओ—

अट्ठ णियंठा सुरट्ठं पविट्ठा, कविट्ठस्स हेट्ठा अह सन्निविट्ठा ।
पडियं कविट्ठं फुट्टं च सीसं, अव्वो ! अव्वो ! वाहरति हसंति सीसा ॥

(मूल, पृ १२७)

अर्थात् आठ निर्ग्रन्थो सुराष्ट्रमा प्रवेश्या, अने त्या एक कोठना झाडनी नीचे बेठा, कोठ पड्युं अने (निर्ग्रन्थनुं) माथुं फूटी गयुं, 'अव्वो !' 'अव्वो !' एम बोलता शिष्यो हसवा लाग्या (भाषान्तर, पृ. १६२)

सुराष्ट्रनो एक श्रावक उज्जयिनी जतो हतो. दुष्काळनो समय हतो एने बौद्ध साधुओनो सगाथ थयो मार्गमा चालता एनुं माथुं खूटी गयु बौद्धोए कह्युं के 'अमारो धर्म स्वीकारे तो तने खावानुं आपीए' पछी श्रावकने पेटमां दर्द थयुं, बौद्धोए अनुकपाथी तेना उपर चीवर ओराढ्युं, पण ते तो नमस्कारमंत्रनो जाप करता काळधर्म पाम्यो[११]

सुराष्ट्र अने उज्जयिनी वच्चेनो व्यवहार, सुराष्ट्र तथा आसपासना प्रदेशोमा बौद्धोनी वस्ती वगेरे बाबतो उपर आ कथानक केटलोक प्रकाश पाडे छे.

तेल भरवा माटेनुं विशिष्ट प्रकारनु माटीनुं पात्र सौराष्ट्रमा 'तैलकेला' नामथी प्रसिद्ध हतुं. ए तूटी न जाय तेम ज चोराई न जाय ए माटे एनुं सारी रीते संगोपन करवामां आवतु हतु.[१२]

'कंगु'–काग नामे धान्य सुराष्ट्रमा सारा प्रमाणमा थतुं हतुं.[१३]

आगमसाहित्यना प्राचीनतर अशोमा 'सौराष्ट्र' ...

वच्चे मतभेद थयो हतो, जेमां छेवटे सुहस्तीए पोतानी भूलनो स्वीकार कर्यो हतो.[1]

आर्य महागिरिए गजाग्रपदमां[2] अनशन कर्युं त्यारपछी आर्य सुहस्ती पोताना शिष्यो साथे उज्जयिनी गया अने त्यां भद्रा नामे शेठाणीनी यानशाला—वाहनशालामां निवास कर्यो त्या भद्रानो अवति-सुकुमाल नामे पुत्र एमनो शिष्य थयो हतो[3]

आर्य सुहस्तीना नीचे प्रमाणे बार शिष्यो हताः आर्य रोहण, भद्रयश, मेघ, कालर्षि, सुस्थित, सुप्रतिबुद्ध, रक्षित, रोहगुप्त, ऋषिगुप्त, श्रीगुप्त, ब्रह्म अने सोम.[4]

१ जुओ **महागिरि आर्य, सम्प्रति.**

२ जुओ **गजाग्रपद**

३ जुओ **अवन्तिसुकुमाल.**

४ कल्पसू, पृ १६८

सोपारक

मुंबईनी उत्तरे थाणा जिल्लामां दरियाकिनारे आवेलुं सोपारा.

आगमसाहित्यना उल्लेखो पण सोपारक समुद्र किनारे आवेलु होवानु कहे छे[1] त्यांनो सिंहगिरि राजा मल्लविद्यानो शोखीन हतो.[2]

सोपारक जैन धर्मनुं एक केन्द्र हतु आर्य समुद्र,[3] आर्य मगू[4] अने वज्रस्वामीना शिष्य वज्रसेन[5] जेवा आचार्योनी ए विहारभूमि हतुं, तथा नागेन्द्र, चन्द्र, निर्वृति अने विद्याधर—ए साधुओनी चार शाखाओ सोपारकथी प्रवर्ती हती.[6]

प्रसिद्ध शिल्पी कोकास सोपारकनो वतनी हतो अने त्याथी पोतानुं नसीब अजमाववा माटे उज्जयिनी आव्यो हतो[7]

सोपारकमा कलालो बहिष्कृत गणाता नहि होय, केम के आर्य समुद्रना श्रावकोमा एक वैकटिक—दारू गाळनार पण हतो एवो

१ इओ य समुद्दतडे सोपारय नाम नगर। उने, पृ. ७९. वळी जुओ आचू, उत्तरभाग, पृ १५२

२ जुओ अट्टण.

३ जुओ समुद्र आर्य

४ जुओ मङ्गू आर्य

५ जुओ वज्रसेन

६ जुओ जिनदत्त

७ जुओ कोक्कास

८ जुओ समुद्र आर्य.

९ जुओ महाराष्ट्र

१० निभा, गा ५१३३–३४, निचू, भाग ५, पृ. १०२०. वळी वृकभे, भाग ३, पृ ७०८

सौर्यपुर

जुओ शौरिपुर

सौराष्ट्र

जुओ सुराष्ट्र

सौराष्ट्रिका

सौराष्ट्रमां थती एक खास प्रकारनी माटीने 'सौराष्ट्रिका' (प्रा. सोरट्ठिआ)कहेवामां आवे छे एनो जूनामा जूनो उल्लेख 'दशवैकालिक सूत्र'मां छे.[१] एमांना 'सोरट्ठिआ' शब्दनो अर्थ टीकाकार समयसुन्दर 'तुवरिका' एवो पर्याय आपीने समजावे छे,[२] परन्तु ते पण आजे तो अपरिचित छे सिद्धसेननी 'जीतकल्पचूर्णि'मां पृथ्वीकायना भेदोमां 'सोरट्ठिया'नो उल्लेख कर्यो छे[३] तथा ते उपरनी वृत्तिमा श्रीचन्द्रसूरिए 'तूवरिका' नाम आप्युं छे.[४] 'व्यवहार सूत्र'नी मलयगिरिनी वृत्तिमां पण 'सौराष्ट्रिकी' शब्द छे[५] श्रीचन्द्रसूरिए एने 'वर्णिका' कही छे ते उपरथी ए कदाच गोपीचंदन जेवी रंगीन माटी होय एवो तर्क थाय छे.

स्थानक

मुंबईनी उत्तरे आवेलुं थाणा.

कोंकण देशना स्थानकपुरनो उल्लेख 'द्रोणमुख'—अर्थात् जळ अने स्थळ एम बन्ने मार्गे जई शकाय एवा स्थान—तरीके करेलो छे[1]

'स्थान' पदान्तवाळा स्थळनामो—पंजाबनुं मूलस्थान (मुलतान), सौराष्ट्रनु थान तथा आ थाणानो संबंध भाषाशास्त्र तेम ज सामाजिक इतिहासनी दृष्टिए विचारवा जेवो छे मूलस्थान अने थान तो सूर्यपूजानां प्राचीन केन्द्रो छे, थाणा विशे वधु संशोधन अपेक्षित छे

1 तस्य वा द्रोणमुखं जल[स्थल]निर्गमप्रवेशम्। यथा कोङ्कण-देशे स्थानक नामक पुरम्। व्यम, भाग ३, पृ. १२७

अहीं कौंसमा मूकेलो 'स्थल' शब्द मुद्रित प्रतमां नथी व्यम नु ए संपादन हजारो अशुद्धिओथी भरेलु छे बीजी तरफ 'द्रोणमुख'नो उपर्युक्त अर्थ निश्चित छे (जुओ भरुकच्छमां टि २, तथा 'अभिधानराजेन्द्र मा दोणमुह), एटले आटलो सुधारो आवश्यक छे

स्नपन

उज्जयिनीनुं एक उद्यान त्या साधुओ ऊतरता हता[1]

स्नपन शब्दनुं प्राकृत रूप 'ण्हवण' छे, ए उपरथी त्या कोई जाहेर स्नानागार अथवा नाहवाधोवानी जग्या हशे एवुं अनुमान करी शकाय।

1 अवतीजणवए उज्जेणीगयरीए ण्हवणुज्जाणे साहुणो समोसरिया, उशा, पृ ४९–५०

हरन्त-संनिवेश

समिताचार्य विहार करता एक वार हरंत सनिवेशमा गया हता.[1]

हरंत संनिवेशनुं स्थान निश्चित थई शक्युं नथी, पण समिताचार्यनी विहारभूमि मुख्यत्वे माळवा अने कृष्णा तथा वेणा ...

પ્રદેશ જે એ સમયે આભીર દેશ તરીકે ઓળખાતો હતો ત્યાં હતો, પરંતુ હંસ સંનિવેશ પણ એ જ પ્રદેશમાં ક્યાંક હોવા સંભવ છે

જુઓ આભીર, બ્રહ્મદ્વીપ, સમિયાચાર્ય

१ पिंडम पृ. ११

હરિભદ્રસૂરિ

યાકિની મહત્તરાસૂનુ (યાકિની નામે સાધ્વીના ધર્મપુત્ર) હરિભદ્રસૂરિ આગમોના પહેલા સંસ્કૃત ટીકાકાર છે એમનો સમય આચાર્ય જિનવિજયજીએ સ. ૭૫૭ થી ૮૨૭=ઈ સ. ૭૦૧ થી ૭૭૧ સુધીનો નિશ્ચિત કર્યો છે હરિભદ્રસૂરિ પૂર્વાશ્રમમાં ચિત્રકૂટના સમર્થ વિદ્વાન બ્રાહ્મણ હતા. એમના પરંપરાગત વૃત્તાન્ત માટે જુઓ પ્રભાવકચરિત'માં 'હરિભદ્રસૂરિચરિત '

આગમો ઉપરની હરિભદ્રસૂરિની સંસ્કૃત ટીકાઓમાં 'આવશ્યક' દશવૈકાલિક,' 'અનુયોગદ્વાર,' તથા 'નંદિસૂત્ર' ઉપરની ટીકાઓ મુખ્ય છે એમની ટીકાઓના ઉલ્લેખ અને આધાર પછીના સમયની આગમટીકાઓમાં અનેક સ્થળે આપવામાં આવ્યા છે જેમ કે— 'તત્ત્વાર્થ સૂત્ર' ઉપરની હરિભદ્રસૂરિની વૃત્તિનું ઉદ્ધરણ મલયગિરિએ જીવાભિગમ સૂત્ર' ઉપરની વૃત્તિમાં આપ્યું છે હરિભદ્રની 'અનુયોગદ્વાર' ટીકાનો આધાર પણ મલયગિરિએ જ્યોતિષ્કરંડક' વૃત્તિમાં આપ્યો છે વળી બૃહત્કલ્પસૂત્ર'ના ટીકાકાર ક્ષેમકીર્તિએ હરિભદ્રસૂરિકૃત 'પંચવસ્તુક'માંથી, શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર'ના વૃત્તિકાર રત્નશેખરસૂરિએ 'દશવૈકાલિક'ની હરિભદ્રકૃત વૃત્તિમાંથી, તથા 'કલ્પ સૂત્ર'ના ટીકાકાર ધર્મસાગરે હરિભદ્રકૃત પંચાશક'માંથી, અવતરણ આપ્યાં છે અને કલ્પસૂત્ર'ના બીજા ટીકાકાર વિનયવિજયે 'પંચાશક' ઉપરના નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિની ટીકાનો પણ આધાર આપ્યો છે હરિભદ્રકૃત કથાનક ધૂર્તાખ્યાન'નું વસ્તુ પણ પ્રાચીનતર આગમસાહિત્યમાં પ્રાપ્ત થાય છે હરિભદ્રની પછી થયેલા

'बृहत्कल्पसूत्र'ना टीकाकारे कर्तानुं नाम लीधा सिवाय 'धूर्ताख्यान'नो उल्लेख कर्यो छे संभव छे के तेमने हरिभद्रनी कृति उद्दिष्ट होय

जैन साहित्यना इतिहासमां हरिभद्रसूरि एक असामान्य व्यक्ति छे आगमोनी टीकाओ ए तो तेमनी साहित्यप्रवृत्तिनो एक अंशमात्र छे. न्याय, योग, धर्मकथा, औपदेशिक साहित्य आदि अनेक विषयोनी एमनी रचनाओ छे, अने 'षड्दर्शनसमुच्चय' जेवी कृतिमा—जे भारतीय साहित्यमां ए प्रकारनो पहेलो ज संग्रहग्रंथ छे—तमाम भारतीय दर्शनोनो सार समर्थ रीते तेमणे आप्यो छे परंपरा तो एमना उपर १४०० ग्रन्थोना कर्तृत्वनुं आरोपण करे छे एमनी रचनाओनी समालोचना माटे जुओ 'समराइच्चकहा'नी डॉ याकोबीकृत प्रस्तावना तथा 'जैन साहित्यनो संक्षिप्त इतिहास,' पृ. १५३—१७०.

१ पहेली ओरियेन्टल कॉन्फरन्समा आचार्य जिनविजयजीना लेख 'हरिभद्राचार्यस्य समयनिर्णय'

२ जुओ जिनभटाचार्य.

३ महत्तराया याकिन्या धर्मपुत्रेण चिन्तिता ।
आचार्यहरिभद्रेण टीकेयं शिष्यबोधिनी ॥

दवैह्, पृ. २८६ (अंते)

४ समाप्तेयं शिष्यहिता नामानुयोगद्वारटीका, कृतिः सिताम्बराऽऽचार्य-हरिभद्रस्य ।

कृत्वा विवरणमेतत्प्राप्तं यत्किञ्चिदिह मया कुशलम् ।
अनुयोगपुरस्सरत्व लभतां भव्यो जनस्तेन ॥ अनुह्, पृ १२८

५ आ टीकानो उल्लेख मलयगिरिए 'नंदिसूत्र' उपरनी वृत्तिमां कर्यो छे. जुओ जिरको, पृ २०१.

६ आह च तत्त्वार्थटीकाकारो हरिभद्रसूरि—"नात्यन्तं शीताश्चन्द्रमस नात्यन्तोष्णाः सूर्याः किन्तु साधारणा द्वयोरपी"ति, जीम, पृ ३४१ आ टीकानो उल्लेख 'प्रवचनसारोद्धार'ना टीकाकार सिद्धसेने (पृ ३३७) पण कर्यो छे प सुखलालजीना मत प्रमाणे ('तत्त्वार्थसूत्र', बीजी आवृत्ति, प्रस्तावना, पृ ५५—६५) तत्त्वार्थटीकाकार हरिभद्रसूरि ए याकिनी महत्तरासूनु ज छे, बीजा कोई हरिभद्र होवा संभव नथी.

७ व्योकम पृ ४६

८ बृध्धे भाग १ पृ. ३६६ ४८५

९ धायर पृ. १

१० कवि, पृ ६ १२

११ कप्र पृ. १ -११ जुओ अभयदेवसूरि

१२ जुओ मूळदेव

हर्षपुर

अजमेर पासेनुं एक नगर, ज्यां सुभटपाल राजा राज्य करतो हतो. हर्षपुरमां ब्राह्मणो यज्ञमां बकरानो वध करता हता त्यारे प्रियग्रंथसूरिए पोतानी मंत्रशक्तिथी बकराने वाचा आपी, ब्राह्मणोने बोध आप्यो हतो, एवी कथा छे [१]

विक्रमना अगियारमा सैकामां थयेला मेवाडना राजा अल्लू अथवा अल्लटनी राणी हरियदेवीए हर्षपुर वसाव्युं हतुं जैनोनो हर्षपुरीय गच्छ ने पाछळथी मलधार गच्छ तरीके ओळखायो ते आ हर्षपुर उपरथी थयो छे [२] ए गच्छना जयसिंहसूरिना शिष्य अभयदेवसूरि वस्त्रमां मात्र एक ज चादर अने पछेडी राखता हता तेमना मलिन वस्त्र अने देहमाळ जोईने सिद्धराजे (मतांतरे कर्णदेवे) 'मलधारी' बिरुद आप्युं अने त्यारथी एमनो गच्छ 'मलधार गच्छ' कहेवायो [३]

१ कप्र, पृ. ५ १ १ कवि, पृ. ११६, कथी पृ १४८-४९

२ राजपूतानेका इतिहास भाग १ पृ. ४२६-२८

३ जैनम, पृ. १५१ २१७

हस्तकल्प

जुओ हस्तिकल्प

हस्तिकल्प

द्वारवतीनुं दहन थया पछी बलराम अने कृष्ण त्यांथी पूर्व तरफ नीकळीने हस्तिकल्प (प्रा हत्थिकप्प, हत्थकप्प) नगरमां आव्या

हता त्याना राजा अच्छदंतने हरावी पछी दक्षिण तरफ जतां तेओ कोसुंबारण्य नामे अरण्यमां आवी पहोंच्या हता[1] दक्षिण मथुरामां वसता पांच पांडवो अरिष्टनेमि अरिहंत सुराष्ट्र जनपदमां विहार करे छे एम सांभळीने सुराष्ट्र आव्या. त्यां हस्तकल्प नगर पासे एमणे सांभळ्युं के अरिष्टनेमि गिरनार उपर निर्वाण पाम्या छे.[2]

आ उल्लेखो उपरथी स्पष्ट छे के हस्तकल्प के हस्तिकल्प नगर सुराष्ट्रथी दक्षिण तरफ जवाना मार्गमां, पण सुराष्ट्रनी भूमि उपर ज आवेलुं हतुं.

'पिंडनिर्युक्ति' उपरनी मलयगिरिनी वृत्तिमा क्रोधपिंडना उदाहरणमा हस्तकल्प नगरमा एक ब्राह्मणना घरमा भिक्षार्थे गयेला जैन साधुनु कथानक छे[3] 'सूत्रकृतांग सूत्र' उपरनी शीलाचार्यनी वृत्तिमा उदाहृत करवामा आवेला एक हालरडामां बीजा नगरोनी साथे हस्तकल्पनो पण उल्लेख छे.[4] 'जीतकल्प भाष्य'मा हस्तकल्प (प्रा. हत्थप्प, हत्थकप्प)नो निर्देश छे[5]

भावनगर पासेनु कोळियाक तालुकानु 'हाथव' गाम ए ज आ हस्तकल्प होई शके. 'जीतकल्पभाष्य'मानु एनुं 'हत्थप्प' नाम एना अर्वाचीन उच्चारणने मळतुं ज छे. वलभीना दानपत्रोमां तेनुं 'हस्तवप्र' एवुं नाम मळे छे.[6]

१ उने, पृ ४० जुओ **कोसुंबारण्य**

२ आध, पृ २२६, आचू, उत्तर भाग, पृ १९७

३ पिनिम, पृ १३४

४ सूकृशी, पृ ११९, अवतरण माटे जुओ **कान्यकुब्ज**

५ जीकभा, गा १३९४–९५

६ 'गुजरातना ऐतिहासिक लेखो,' न २५, ६१, अहीं तळ हस्तवप्रनो उल्लेख छे वलभीना अन्य लेखोमां हस्तवप्रनो उल्लेख ए नामना आहार अथवा आहरणीना मुख्य शहेर तरीके छे ('गुजरातना ऐतिहासिक लेखो,' न १६, १७, १९, २०, २१, २२, २३, ४१, ४५, २६ अ तथा ६१, ७८, ७९, ८०)

अलबत्त, पट्टावलीओ प्रमाणे एक हारिल नामे युगप्रधान आचार्य वीर स. १०५५ (वि स ५८५=ई. स ५२९)मां स्वर्गवासी थया हता ('प्रभावकचरित,' भाषान्तर, प्रस्तावना पृ ५४), तेमने आ हारिल वाचकथी अभिन्न गणवामां आवे तो हारिल वाचक ईसवी सनना पांचमा शतकना उत्तरार्धमां अने छट्ठा शतकना प्रारंभमा विद्यमान हता एम गणी शकाय

१ प्रस्तुत उद्धरणो नीचे प्रमाणे छे:

तथा च हारिलवाचक —

"चल राज्यैश्वर्यं धनकनकसार परिजनो
नृपाद् वाल्लभ्य च चलममरसौख्य च विपुलम्।
चल रूपारोग्य चलमिह चर जीवितमिद
जनो दृष्टो यो वै जनयति सुखं सोऽपि हि चल ॥"

उशा, पृ. २८९, उने, पृ. १२६

तथा च हारिल —

वातोद्धतो दहति हुतभुग्देहमेक नराणां
मत्तो नाग. कुपितभुजगश्चैकदेह तथैव।
ज्ञान शील विनयविभवौदार्यविज्ञानदेहान्
सर्वानर्थान् दहति वनिताऽऽमुष्मिकानैहिकाश्च ॥

उशा, पृ २९७

बीजा एक अवतरण साथे जो के हारिल वाचकनु नाम आप्युं नथी, पण एनी रचनाशैली जोतां ए पण हारिलनु होय ए असंभवित नथी खास करीने एना शिखरिणीनी तुलना उपर टांकेला पहेला अवतरण साथे करवा जेवी छे

तथा चाहु —

भवित्रीं भूतानां परिणतिमनालोच्य नियता
पुरा यत्किञ्चिद्विहितमशुभ यौवनमदात्।
पुन. प्रत्यासन्ने महति परलोकैकगमने
तदेवैक पुसा व्यथयति जराजीर्णवपुषाम् ॥

उशा, पृ २४६

१ हेमचन्द्रकृत 'प्राकृत व्याकरण' जप्रशा, पृ. १३, २४, २६, ४१, १७७,

'देशीनाममाला'. जप्रशा, पृ. १२४

'अनेकार्थकोश.' श्राप्रर, पृ. १७५

'त्रिषष्टिशलाकापुरुषचरित्र' अंतर्गत 'ऋषभदेवचरित्र' जप्रशा, पृ. १२७, १३४, १३६, 'शान्तिनाथचरित' जप्रशा, पृ १९७, 'महावीरचरित' कक्ति, पृ. १२५; 'परिशिष्टपर्व' जप्रशा, पृ. २८८

'द्वात्रिंशिका' कक्ति, पृ १२५ 'अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका'-माथी मलयगिरिए पण अवतरण आप्युं छे, जे मलयगिरिनो समय नक्की करवामां उपयोगी थाय छे (जुओ **मलयगिरि**)

'योगशास्त्र.' श्राप्रर, पृ. २०२

ग्रन्थनो नामोल्लेख कर्या विना हेमचन्द्रमांथी अवतरण श्राप्रर, पृ. ७, ६२, १४९, इत्यादि

हेमचन्द्र मलधारी

हर्षपुरीय (मलधार) गच्छना मुनिचन्द्रसूरिना शिष्य अभयदेवसूरिना शिष्य मलधारी राजशेखरसूरि सं १३८७=ई. स १३३१मां रचायेलो पोतानी प्राकृत 'द्वयाश्रय' वृत्तिमां जणावे छे तेम, हेमचन्द्र पूर्वाश्रममां प्रद्युम्न नामे राजसचिव हता अने तेमणे चार स्त्रीओ त्यजीने अभयदेवसूरिना उपदेशथी तेमनी पासे दीक्षा लीधी हती मलधारी हेमचन्द्रकृत 'जीवसमास' विवरण सं.११६४=ई. स ११०८ मां, 'भवभावनासूत्र' सं ११७०=ई. स. १११४ मां अने 'विशेषावश्यक भाष्य' उपरनी बृहद्वृत्ति सं ११७५=ई स १११९ मां रचायेल होई तेओ ईसवी बारमा शतकना पूर्वार्धमां विद्यमान हता ए निश्चित छे हेमचन्द्रना शिष्य श्रीचंद्रसूरि पोताना 'मुनिसुव्रतचरित'नी प्रशस्तिमां जणावे छे ते प्रमाणे, राजा सिद्धराज जयसिंह आ आचार्य प्रत्ये खूब भक्तिभाव राखतो हतो अने घणी वार तेमना दर्शन करवा माटे पोते ज तेमना उपाश्रयमां आवतो हतो.

आगमोना नामांकित टीकाकारोमां मलधारी हेमचन्द्रनी पण गणना थाय छे 'आवश्यक सूत्र' अने 'नंदिसूत्र' उपर टिप्पण तथा 'अनुयोगद्वार सूत्र' अने 'विशेषावश्यक भाष्य' उपरनी वृत्तिमां ए आ क्षेत्रमां एमनो मुख्य फाळो छे[1] 'विशेषावश्यक भाष्य'नी वृत्तिनी रचनामां तेमणे पोताना सात सहायकोनां नाम आप्यां छे, जे एमना शिष्यसमुदायनी व्यक्तिओ हशे एम जणाय छे अभयकुमारगणि, धनदेवगणि, जिनभद्रगणि, लक्ष्मणगणि,[2] विबुधचन्द्रमुनि, तथा आर्नंदश्री महत्तरा अने वीरमती गणिनी ए बे साध्वीओ.

मलधारी हेमचन्द्रे 'विशेषावश्यक भाष्य' उपरनी वृत्तिमां जिनभद्रगणि क्षमाश्रमणनी स्वोपज्ञ टीकानो उल्लेख कर्यो छे,[3] एटले ए टीका ओछामां ओछुं बारमा सैका सुधी तो विद्यमान हती ज वळी आ सिवायनी पण बीजी बे प्राचीन टीकाओना हवाला तेमणे आप्या छे

उपर्युक्त 'जीवसमास' वृत्तिनी मलधारी हेमचन्द्रना हस्ताक्षरमां लखायेली ताडपत्रीय प्रत खंभातमां शान्तिनाथना भंडारमां छे एटले मंत्री वस्तुपालनो जेम आ प्रकारे विद्वानना हस्ताक्षर पण अनेक शताब्दीओनां अंतर पछी आपणने जोवा मळे छे मंत्री वस्तुपालना हस्ताक्षरोमां सं १२९०मां सं १२३४ मां लखायेली 'धर्माभ्युदय' महाकाव्यनी ताडपत्रीय प्रति पण खंभातमां ए ज भंडारमां छे

१ जुओ टर्नपुट.
२ जैसाइ, पृ. २४६-४०
३ ए ज. एमना अन्य ग्रन्थो माटे पण जुओ एज
४ आ लक्ष्मणगणि ते प्राकृत 'सुपासनाहचरिय'ना कर्ता छे.
५ जैसाइ, पृ. २४७
६ विशेषावश्यक भाष्य मीतायगानंदसूरिनी प्रस्तावना, पृ. ३
७ ए ज.

सूचि

[संस्कृत–प्राकृत अवतरणोमां आवतां विशेषनामोनो समावेश आ सूचिमां कर्यो नथी]